MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । રવિવાર । તા. ૨૬-૦૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 સરકારી કર્મચારીઓના ડીએ પર બ્રેક મારવાનો નિર્ણય યોગ્ય નથીઃ મનમોનહસિંહ

3 કોરોનાએ વિશ્વભરમાં ૧.૯૭ લાખનો ભોગ લીધોઃ ઇટાલીમાં ૧૫૦ ડોક્ટરના મોત

7 લોકડાઉનમાં ગુજરાત પોલીસ માટે રમજાન મહિનો વધુ ચેલેન્જિંગ બની રહેશે

12 વડોદરા રેન્જ આઈ જી અભયસિંહ ચુડાસમાએ નર્મદા જિલ્લાની મુલાકાત લીધી:રાજપીપળા શહેર માં પોલીસ ની ફ્લેગમાર્ચ

આજથી રાજ્યની તમામ દુકાનો શરતોને આધીન ખૂલશેઃ સોશ્યલ ડિસ્ટન્સિંગનું પાલન ફરજિયાત

ગાંધીનગર

રાજ્યના નાના-મોટા દુકાનધારકો, ધંધા વ્યવસાયકારો માટે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્યના તમામ જિલ્લાઓમાં આવતીકાલે રવિવાર તારીખ ૨૬ એપ્રિલથી મોલ તેમજ માર્કેટીંગ કોમ્પલેક્સ સિવાય તમામ દુકાનોને પોતાના ધંધા વ્યવસાય કરવા માટે છૂટ આપવામાં આવશે. ભારત સરકારના જાહેરનામાના અનુસંધાને મુખ્યમંત્રી દ્વારા આ નિર્ણયની જાહેરાત કરી છે. આવી છૂટછાટ નિયમો અને શરતોને આધિન આપવામાં આવી છે. જે દુકાનો-ધંધા વ્યવસાયને વ્યવસાય માટે છૂટ આપવામાં આવી છે તે વિસ્તાર કન્ટેઇનમેન્ટ વિસ્તારની બહાર હોવો જોઇશે. દુકાન-ધંધા વ્યવસાયના નિયમિત સ્ટાફના ૫૦ ટકા સ્ટાફ રાખવાનો રહેશે.

માસ્ક પહેરવાનું અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવાનું પણ ફરજિયાત પાલન દુકાન-ધંધા વ્યવસાયકારોએ કરવાનું રહેશે. જે-તે સ્થાનિક સત્તામંડળે જાહેર કરેલા કન્ટેઇનમેન્ટ વિસ્તારો માન્ય ગણાશે. મુખ્યમંત્રીએ આ ઉપરાંત એવો પણ નિર્ણય કર્યો છે કે, IT તેમજ ITES ઈન્ડસ્ટ્રીઝમાં પણ ૫૦ ટકા સ્ટાફ કામકાજ માટે રાખવાની શરતે અને જો આવી ઈન્ડસ્ટ્રી કન્ટેઈનમેન્ટ ઝોન બહારના વિસ્તારમાં હોય તો તેવી ઈન્ડસ્ટ્રીઝને પણ મંજૂરી આપવામાં આવશે.

★ દુકાનદારોએ કોઇ પાસની જરૂર નથી. માત્ર ગુમાસ્તા ધારાનું લાઈસન્સ અને ઓળખના પુરાવા જરૂરી રહેશે

★ આઇટી અને આઇટી સેક્ટર સાથે જોડાયલી ઈન્ડસ્ટ્રીને કન્ટેઇનમેન્ટ એરીયાની બહાર ૫૦ ટકા સ્ટાફ સાથે ચાલુ કરવાનો નિર્ણય કરાયો

★ સહકારી મંડળીના વ્યવસ્થાપક કમિટીની મુદત ત્રણ માસ માટે લંબાવાઇ

★ એનએફએસએ કાર્ડ ધારકના સાડા ચાર લાખ લોકોએ અનાજ મેળવવાનો લાભ લીધો

★ સસ્તા અનાજની દુકાનનો સમય સવારના ૮ થી સાંજ સુધી કરવામાં આવ્યો

★ શોપ એન્ડ એસ્ટાબ્લીસ મેન્ટ એક્ટ હેઠળ આવતી દુકાનો શરૂ કરવામાં આવશે

★ સ્ટેશનરી દુકાનો, કારીયાણા, મોબાઈલ રિચાર્જની દુકાનો, પંચરની દુકાનો, ઈલેક્ટ્રીકની દુકાનોને છૂટ અપાશે.

★ એસી રિપેરિંગ દુકાનો ખુલી શકશે.

શુ નહિ ખોલી શકાય

★ મોલ અને માર્કેટીંગ કોમ્પલેક્ષને હજુ શરૂ કરવામાં આવશે નહિ

★ પાન મસાલાની દુકાનો શરુ કરવાની નથી

★ આઈસ્ક્રીમની દુકાનો અને હોટેલો વિશે નિર્ણય હજુ થયો નથી. ફાસ્ટફૂડ અને હોટેલ રેસ્ટોરન્ટ વિશે સાંજે નિર્ણય કરવામાં આવશે

★ પબ્લિક ટ્રાન્સપોર્ટને હજુ મંજુરી અપાઇ નથી

★ રીક્ષાને પણ મંજુરી નથી

★ પગરખા દુકાનો નહીં ખુલે

★ પાનના ગલ્લાનો નિર્ણય હજી કરાયો નથી. સલૂન પણ નહિ ખોલી શકાય.

★ નાસ્તા-ફરસાણની દુકાનો પણ નહિ ખૂલે. ઠંડા પીણાંની દુકાનો નહીં ખોલી શકાય.

સુરતના જે વિસ્તારમાં પોઝિટિવ કેસ હશે અથવા તો હોટસ્પોટ વિસ્તાર હશે તો તેવા વિસ્તારમાં ૩ કિલોમીટર વિસ્તારમાં ૫મી મે સુધી દુકાન ખોલવાની મંજૂરી નહીં મળે : સુરત મહાનગરપાલિકા

દારૂની દુકાનો પહેલાના ઓર્ડરની જેમ જ બંધ રાખવાની રહેશે

દુકાનો ખોલવા અંગે ફેલાયેલી ગેરસમજને દૂર કરવા કેન્દ્રીયમંત્રીનો ખુલાસો

ઈ-કોમર્સ કંપનીઓ માત્ર જીવન જરૂરી સમાન જ વેચી શકાશે

ન્યુ દિલ્હી

શુક્રવારે મોડી રાત્રે કેન્દ્રના ગૃહ મંત્રાલયે એક ઓર્ડર કરી અને બિન આવશ્યક વસ્તુઓનું વેચાણ કરતી દુકાનોને ખોલવા માટે મંજૂરી આપી હતી. જોકે, આ ઓર્ડરને લઈને વેપારીઓમાં ભારે ગેરસમજ હોઈ આજે શનિવારે સવારે મંત્રાલય દ્વારા ખુલાસો કરવામાં આવ્યો હતો અને કઈ પ્રકારના ધંધા રોજગારને ખોલવાની મંજૂરી આપવામાં આવી છે તે અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે. પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો મારફત એક પ્રેસ રિલીઝ જાહેર કરી મંત્રાલયે ખુલાસો કર્યો હતો કે, શહેરી વિસ્તારમાં સ્ટેન્ડએલોન શોપ, રહેણાંક કોમ્પ્લેક્સની દુકાનો અને રહેણાંક વિસ્તારોની દુકાનોને ખોલવાની મંજૂરી આપવામાં આવી છે. જયારે માર્કેટ અને માર્કેટ કોમ્પ્લેક્સમાં આવેલી દુકાનોને ખોલવાની મંજૂરી નથી. આ મુજબ શોપિંગ કોમ્પ્લેક્સ અને મોલમાં જે દુકાનો છે તેને ખોલવાની મંજૂરી આપવામાં આવી નથી.

ગૃહ મંત્રાલયે ચોખવટ

અનુસંધાન પાના નં. ૬

કોરોના સામેની લડાઈ લાંબી,લોકડાઉન લંબાય તેવી શક્યતા

કોરોના સંકટ હજુ બે માસ વેઠવું પડશેઃ સરકારનો ધડાકો

સંક્રમણનો વ્યાપ હજુ બે માસ સુધી રહેશે,લોકડાઉનના ચૂસ્ત અમલથી કોરાનાની ગતિ અને વ્યાપ પર નિયંત્રણ રાખી શકાયું છે, રાજ્યના ૩૦ જિલ્લામાં કોરોના ફેલાયો,મે મહિનો મહામારી માટે ભારેઃ જયંતિ રવિ

અમરેલી, જૂનાગઢ અને દેવભૂમિ દ્વારકામાં કોરોનાનો એકપણ કેસ નોંધાયો નથી

ગાંધીનગર

શું ગુજરાતમાં કોરોના સંકટ ૪૦ દિવસના લોકડાઉન બાદ પણ હજુ બે મહિના એટલે કે જૂન મહિના સુધી ચાલશે...? શું અમદાવાદમાં ખરેખર ૫૦ હજાર કે ૮ લાખ કેસો કોરોના પોઝીટીવના નોંધાશે...? જો સરકારના ઉચ્ચ સત્તાધીશોને સાંભળવામાં આવે તો તેમાંથી એવો જ સાફ સાફ મતલબ નિકળે છે કે ગુજરાતના લોકોએ કોરોનાની લડાઈ માટે બદુ બે મહિના વધુ લોકડાઉનનો સામનો કરવા તૈયાર રહેવુ પડશે. અને રાજ્યના સૌથી મોટા શહેરમાં કોરોના પોઝીટીવના કેસો ૫૦ હજારથી લઈને ૮ લાખ સુધી થવાની પૂરેપૂરી શક્યતા છે. આરોગ્ય વિભાગના મંત્રી નીતિન પટેલ દ્વારા નહીં પણ તેમના વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિએ આજે એવી જાહેરાત કરીને સૌને ચોંકાવી દિધા કે કોરોની લડાઈ હજુ વધુ બે મહિના ચાલશે અને લોકોએ તેના માટે તૈયાર રહેવાનું છે. તો અમદાવાદમાં ૫૦ હજાર કે ૮ લાખ કેસો થવાની શક્યતાની વાત ભાજપના મેયર બિજલ પટેલે નહીં પણ મ્યુનિ. કમિશ્નર વિજય નેહરાએ કરી છે. જેનો એક

અનુસંધાન પાના નં. ૬

ચિંતાજનક કેસના વધારાને પગલે સરકાર ચિંતિત

કોરોના બેકાબૂ: મુંબઈ અને પુણેમાં લોકડાઉન જૂન મહિના સુધી લંબાવાય તેવી શક્યતા

મુંબઈ

દેશમાં કોરોનાના સૌથી વધુ કેસ ધરાવતા શહેર મુંબઈમાં લોકડાઉન જૂન સુધી લંબાઈ શકે છે. મુંબઈ ઉપરાંત પુણેમાં પણ મહારાષ્ટ્ર સરકાર લોકડાઉન લંબાવવા વિચારી રહી છે. દેશમાં લોકડાઉન ૩ મેના રોજ પૂરું થઈ રહ્યું છે, પરંતુ મુંબઈ અને પુણેમાં કોરોના હજુય બેકાબુ છે. જો આવા સમયે લોકડાઉન ખોલી દેવાય તો કોરોના વધુ વકરે તેવી શક્યતા છે.

મહારાષ્ટ્ર સરકારના એક અધિકારીના જણાવ્યા અનુસાર, હાલની સ્થિતિમાં મુંબઈ તેમજ પુણેમાં લોકડાઉન ખોલવાનો કોઈ સવાલ જ નથી. ઉલ્ટાનું જે રીતે કેસો વધી રહ્યા છે, તેને જોતાં નિયંત્રણો હજુય કડક કરવાની જરુર છે. આ સંજોગોમાં લોકલ ટ્રેનો, બસો, દુકાનો અને કંપનીઓના કામકાજ પર જુન સુધી નિયંત્રણ રહી શકે છે.

મુંબઈ અને પુણે મહારાષ્ટ્રના આર્થિક ગતિવિધિના સૌથી મોટા કેન્દ્ર છે. એક તરફ મહારાષ્ટ્ર સરકાર પર આર્થિક ગતિવિધિઓને ફરી શરુ કરવાનું દબાણ છે, ત્યારે આ બંને શહેરોમાં હાલ લોકડાઉન ઉઠાવી શકાય તેવી સ્થિતિ નથી. તેવામાં સરકાર શું પગલાં લે છે તેના પર સૌની નજર છે. શુક્રવાર સુધીમાં

અનુસંધાન પાના નં. ૬

મહારાષ્ટ્રમાં કોરોનાની ટેસ્ટિંગ અને સારવાર મફત થશે

દેશમાં કોરોના પોઝિટિવ કેસો ૨૪ હજારની પાર, અત્યાર સુધી ૭૭૫ના મોત

ન્યુ દિલ્હી

જીવલેણ કોરોના વાઈરસ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહ્યો છે, ત્યારે દુનિયામાં ઘાતક વાઈરસે ૨ લાખ કરતા વધુ લોકોનો ભોગ લીધો છે. ભારતમાં પણ કોરોનાના પોઝિટિવ કેસોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે, ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૨૯ જેટલા નવા કેસો નોંધાયા છે અને ૫૭ લોકો મોતને ભેટ્યા છે. આ સાથે જ દેશમાં કોરોનાના કુલ કેસો વધીને ૨૪૫૦૬ થઈ ગયા છે, જયારે કોરોનાના કારણે મૃત્યુઆંક વધીને ૭૭૫ પર પહોંચ્યો છે.

મહારાષ્ટ્ર સરકારે રાજ્યમાં કોરોનાની ટેસ્ટીંગ અને સારવારને મફત કરી છે. સ્વાસ્થ્ય શિક્ષણ મંત્રી અમિત દેશમુખે લાતૂરમાં શુક્રવાર સાંજે આ જાહેરાત કરી હતી.

દેશમાં કોરોનાના કારણે મહારાષ્ટ્રની સ્થિતિ સૌથી વધુ કફોડી જોવા મળી રહી છે. અહીં તુલ ૬૮૧૭ કોરોનાના કેસો સામે આવી ચૂક્યા છે. જેમાંથી ૮૪૦ દર્દીઓ એવા છે, જે સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે રાજ્યમાં કોરોનાના કારણે ૩૦૧ લોકો મોતને ભેટ્યા છે.

૨૦૧૮ પોઝિટિવ કેસો નોંધાયા છે. જેમાંથી ૨૬૫ લોકો સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ તેમને રજા આપવામાં આવી છે, જયારે ૧૨૭ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. જો દિલ્હીની વાત કરીએ તો, અહીં અત્યાર સુધીમાં કોરોનાના ૨૫૧૪ પોઝિટિવ કેસો નોંધાયા છે, જયારે ૫૩ લોકોના મોત થયા છે.

ઉત્તર પ્રદેશમાં પણ કોરોના વાઈરસના પોઝિટિવ કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. અત્યાર સુધી રાજ્યમાં ૧૬૨૧ કેસો નોંધાઈ ચૂક્યા છે, જેમાંથી ૨૪૭ સ્વસ્થ થયા છે અને ૨૫

અનુસંધાન પાના નં. ૬

એકલા ન્યૂયોર્કમાં જ કોરોનાથી ૧૧૦૦૦ લોકોના મોત નિપજ્યા

ન્યૂયોર્કમાં લાશનો ઢગલાઃ રાજ્યની બહાર અંતિમવિધિ કરવાની યોજના

ન્યૂયોર્ક

બીજુ વુહાન બની ચુકેલા ન્યૂયોર્કમાં કોરોના વાયરસથી થઈ રહેલા મોતના કારણે લાશોના ઢગલા ખડકાઈ રહ્યા છે. અમેરિકામાં ૫૨૦૦૦ કરતા વધુ લોકો કોરોનાથી મોતને ભેટ્યા છે. જેમાં ન્યૂયોર્કમાં સૌથી વધુ મોત થયા છે. હંગામી ધોરણે ઉભા કરાયેલા મડદા ઘરોમાં પણ હવે લાશોના ઢગલા ખડકાઈ રહ્યા છે ત્યારે તંત્ર હવે ન્યૂયોર્ક રાજ્યની બહાર અંતિમવિધિ કરવાની યોજના પર કામ કરી રહ્યુ છે.

એક મીડિયા રિપોર્ટ અનુસાર ન્યૂયોર્કમાં અંતિમ સંસ્કાર કરતા ફ્યુનરલ હોમ્સનુ સંગઠન આ માટે તંત્ર સાથે એક યોજના બનાવી રહ્યુ છે. કારણકે તમામ ફ્યુનરલ્સ હોમ્સમાં હાલમાં વેઈટિંગ લિસ્ટ છે. સંગઠને પોતાના પાડોશી રાજ્યોના એસોસિએશનની સાથે એક બેઠક યોજી હતી જેથી મૃતકોના અંતિમ સંસ્કાર યોગ્ય રીતે થઈ શકે. ફ્યુનરલ ડાયરેક્ટર્સ એસોસિએશનના ડાયરેક્ટર માઈક લનાટે કહે છે કે, છેલ્લા ૪૦ વર્ષમાં આ કામગીરી સાથે સંકળાયેલા લોકોએ ક્યારેય આવા દ્રશ્યો જોયા નથી.

ન્યૂયોર્ક રાજ્યમાં ચાર ફ્યુનરલ હોમ છે.જે ૨૪ કલાક કામ કરી રહ્યા છે. બીજી તરફ ૪૫ હંગામી મડદાઘર ઉભા કરાયા છે. જેથી મૃતદેહોને સાચવી શકાય.આમ છતા સ્થિતિ કાબૂ બહાર છે. બ્રૂકલીનના ફ્યુનરલ હોમના સંચાલક એન્થની કેસારી કહે છે કે, આગામી ૬ મહિનાના સુધી એક પણ મોત ના થાય તો પણ હાલમાં જે મૃત્યુ પામેલા છે તેમના અંતિમ સંસ્કાર કરતા કરતા બીજા ૬ મહિા નિકળી જશે.આ પહેલા પણ અહેવાલ આવી ચુક્યા છે કે, ન્યૂયોર્કના હાર્ટ આઈલેન્ડ પર સામૂહિક કબરો ખોદીને મૃતદેહો દફનાવવામાં આવી રહયા છે. ન્યૂયોર્કમાં મોતને ભેટેલાની સંખ્યા ૧૧૦૦૦ને પાર થઈ ગઈ છે. નવા મડદાઘરો બનાવવા માટે જગ્યાઓ સોધવામાં આવી રહી છે.

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

ચાર ફાઈટર વિમાનના પાયલોટોનું અંતરિક્ષ પ્રશિક્ષણ ચાલી રહ્યુ છે

કોરોનાના કહેર વચ્ચે ઈસરોએ પ્રૌદ્યોગિકી વિકસિત કરવા પ્રસ્તાવ માંગ્યા

બેંગ્લુરુ

ઈસરોએ કોરોનાની અસર દેશના મહત્વકાક્ષી અંતરિક્ષ અભિયાન પર ન પડે તે માટે કમર કસી છે. પહેલીવાર અંતરિક્ષમાં માનવ લઈ જનારા મિશન ગગનયાન પણ આમાનું એક છે. ઈસરોએ ભારતીય માનવ અંતરિક્ષ કાર્યક્રમ અને સ્પેસ રિસર્ચ સાથે જોડાયેલી સ્વદેશી ટેક્નીક વિકસાવવા પ્રસ્તાવ માંગ્યો છે.

ઈસરોમાં માનવ અંતરિક્ષ કાર્યક્રમ નિર્દેશાલયે ૧૮ સંભવિત વિસ્તારો માટે પ્રૌદ્યોગિકી વિકસિત કરવા માટે પ્રસ્તાવ માંગ્યા છે. આ વિસ્તારોમાં રેડિયેશના ખતરાની ઓળખ તથા તેને ઓછી કરવાની ટેક્નીક, અંતરિક્ષ ભોજન સાથે જોડાયેલી પ્રોદ્યોગિકી, માનવ રોબોટિક ઈન્ટરફેસ, પર્યાવરણ નિયંત્રણ તંત્ર અને લાઈફ સપોર્ટ સિસ્ટમ, લાંબી અવધિના મિશનો માટે માનવીય મનોવિજ્ઞાન અને કૃત્રિમ ગુરુત્વાકર્ષમ સાથે જોડાયેવી પ્રોદ્યોગિકનો સમાવેશ થાય છે. એટલા માટે ૧૫ જુલાઈ સુધી પ્રસ્તાવ જમા કરાવવાની ડેડલાઈન નક્કી કરવામાં આવી છે.

નિર્દેશાલયનું કહેવું છે કે પ્રસ્તાવોનું તારવણી માટે ઈસરો એક સિમિતિની રચના કરશે. જે વૈજ્ઞાનિક લાભ, પ્રાસંગિકતા, તકનીકી વિષય વસ્તુ અને વ્યવહારિકતાના પાસાઓને ધ્યાનમાં રાખવામાં આવશે. ઉલ્લેખનીય છે કે મિશન ગગનયાન ૨૦૨૨ માં લોન્ચ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સમયે રુસના માસ્કોમાં ભારતીય વાયુસેનાના ચાર ફાઈટર વિમાનના પાયલોટોનું અંતરિક્ષ પ્રશિક્ષણ ચાલી રહ્યુ છે. એ લગભગ નક્કી છે કે આ મિશન માટે તે ઉમેદવાર છે.

આ સમયે આ કપરો નિર્ણય થોપવો અયોગ્ય

સરકારી કર્મચારીઓના ડીએ પર બ્રેક મારવાનો નિર્ણય યોગ્ય નથી: મનમોનહસિંહ

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકારે કોરોના વાયરસ સામે લડવા કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થા પર પ્રતિબંધ મુક્યો છે. જુલાઈ ૨૦૨૧ સુધી તેના પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. જેના પર પૂર્વ પ્રધાનમંત્રી અને કોંગ્રેસ નેતા ડોક્ટર મનમોહન સિંહે પ્રતિક્રિયા આપી છે. તેમનું કહેવું છે કે આ સમયે કર્મચારીઓ અને સશસ્ત્રદળો પર આ નિર્ણય થોપવાની જરુર નથી.

મનમોહન સિંહે કહ્યું છે કે મને પુરો વિશ્વાસ છે કે સરકારી કર્મચારીઓ અને સશસ્ત્ર દળો પર આ સમયે આ કપરો નિર્ણય થોપવાની જરુર નથી. ઉલ્લેખનીય છે કે ગુરુવારે મંત્રાલયો અને વિભાગોમાં થનારા અનેક પ્રકારના સરકારી ખર્ચ પર પ્રતિબંધ લગાવ્યો છે. તેના કારણે ૧.૧૩ કરોડ કર્મી અને પેન્શનરને અસર પડી છે.

પહેલા સત્રમાં વેતન તો મળશે, પરંતુ એલટીએ, પ્રમોશનના પૈસા, ઉચ્ચ વળતર, રજા ભથ્થુ કે મોંઘવારી ભથ્થુ આપવા પર પ્રતિબંધ મુક્યો છે. કાર્યાલયના ખર્ચ, ખાણી પીણી કે પાર્ટી આયોજન અને સામાન ખરીદી જેવી પ્રવૃત્તિો પર બજેટ નહીં મળે.

નોન હેડ સેલરીમાં ઓટીએ, એફટીઈ, વિભાગમાં નાના કામ અને આઈટી સાથે જોડાયેલા કોઈ પણ કામના ખર્ચ માટે મુખ્યાલયની પરવાનગી લેવી પડશે. પહેલા સત્રમાં કોઈ જૂના બિલ પાસ નહી થાય. નવા બિલ પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ડોમેસ્ટિક પ્રવાસ વગેરે પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

બ્રાઝીલના માનૌસમાં એક જ દિવસમાં કોરોનાથી ૧૦૦ લોકોના મોત

માનૌસ

બ્રાઝીલનું માનૌસ શહેર હાલના સમયમાં 'વુહાન' બની ચુક્યું છે. માનૌસની વસ્તી લગભગ ૨૪ લાખ છે. પરંતુ બ્રાઝિલના સૌથી વધારે કોરોના સંક્રમિત દર્દી અહીંયા જ છે. અત્યાર સુધી અહીંયા રોજ ૨૦ થી ૩૦ કોરોના સંક્રમિતોના મોત થઈ રહ્યા હતા, પરંતુ હવે આ આંકડો ૧૦૦ સુધી પહોંચી ગયો છે. સ્થિતિ એવી બની છે કે મૃતકોની લાશ દફનાવવા માટે પણ જગ્યા નથી. એવામાં સ્થાનિક પ્રશાસને જેસીબીથી સામૂહિક કબર ખોદાવડાવી છે, જ્યાં લાશોને એક સાથે દફનાવી શકાય.

હોસ્પિટલથી કબરસ્તાન લઈ જવા અને અંતિમ સંસ્કાર કરાનારોઓ પણ ઓછા છે. એટલા માટે ટેક્ટરથી લાશ પહોંચાડવામાં આવી રહી છે. કબરસ્તાનામાં ઘણા કર્મીઓ તહેનાત છે. જે જેસીબીની મદદથી લાશને દફનાવે છે. મોતનો આંકડો વધતા કર્મચારીઓ પણ લાશની રાહ જોતા જોવા મળ્યા હતા.

માનૌસના મેયર આર્થર વિલિજિયો નીટોએ કહ્યું - દેશમાં ૫૦ હજાર લોકો સંક્રમિત છે, જ્યારે ૩૩૦૦ લોકોના મોત થયા છે.

સ્થાનિક મીડિયાના જણાવ્યા પ્રમાણે, બ્રાઝીલમાં સૌથી વધારે કોરોના સંક્રમિત લોકો માનૌસમાં જ છે. સ્થિતિ એવી છે કે મૃતકોના દફનાવવા માટે કર્મચારી તહેનાત કરાયા છે. પરિવારજનોને જોવા અને લાશ પાસે જવાની મનાઈ કરવામાં આવી છે.

ઉત્તરપ્રદેશમાં મકાનમાંથી એક જ પરિવારના પાંચ લોકોની લાશ મળતા ખળભળાટ

લખનૌ

ઉત્તર પ્રદેશના એટામાં એક મકાનમાંથી એક જ પરિવારના પાંચ સભ્યોના શબ શંકાસ્પદ હાલતમાં મળ્યા છે. સુચના મળતા જ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને કટરથી દરવાજો કાપીને મકાનની અંદર પ્રવેશ કર્યો હતો અને શબોને પોતાના કબજામાં લીધા હતા. મૃતકોમાં ૬૫ વર્ષીય રાજેશ્વર પ્રસાદ પચૌરી, પત્ની દિવ્યા, પુત્રની સાળી બુલબુલ સિવાય બે નાના બાળક પણ સામેલ છે. પોલીસે હત્યાની આશંકા વ્યક્ત કરી છે. કારણ કે મૃતક રાજેશ્વર પચૌરી અને પત્ની દિવ્યાના કપડામાં લોહી મળ્યુ છે. ઘટનાસ્થળે ફોરેન્સિક ટીમને પણ બોલાવી લેવામાં આવી છે.

એટાના વરિષ્ઠ પોલીસ અધીક્ષક સુનીલ કુમાર સિંહ અનુસાર, સવારે સાત વાગ્યે પોલીસને સૂચના મળી કે જિલ્લાના કોતવાલી નગરમાં શ્રંગાર નગર કોલોનીમાં રાજેશ્વર પચૌરીના મકાનમાં એક મહિલાનું શબ ખાટલા પર પડ્યુ છે. ઘટનાસ્થળે પહોચેલી પોલીસને દિવ્યાનું શબ મુખ્ય દરવાજા પાસે ખાટલા પર પડેલુ મળ્યુ હતું. આ સિવાય દિવ્યાની બહેન બુલબુલ (૨૭), પુત્ર આરૂષ (આઠ) અને એક અન્ય બાળકનું શબ રૂમની અંદર મળ્યુ હતું.

પોલીસ અધિકારી સુનીલ કુમાર સિંહે જણાવ્યુ કે તપાસ કરવા પર મકાનમાં કોઈ પણ સામાન અસ્ત-વ્યસ્ત મળ્યુ નહતું, તેમણે જણાવ્યુ કે કિચનમાં રાખેલા દૂધને તપાસ માટે મોકલવામાં આવ્યુ કે તેમાં કોઈ ઝેર તો નથી, તેમણે જણાવ્યુ કે દિવ્યાના ગળા પર નિશાન મળ્યા છે, માટે કેસ શંકાસ્પદ છે. પોલીસ અધિકારીએ જણાવ્યુ કે શબ પાસે સલ્ફાસની ગોળીઓ અને હાર્પિકની બોટલ પણમળી છે. પોલીસ અત્યારે આ કેસને શંકાસ્પદ ઘણી તપાસ કરી રહી છે.

કોરોના ઈફેક્ટ: અમેરિકા અને ચીન વચ્ચે તણાવ વધ્યો

ન્યુ દિલ્હી

જીવલેણ કોરોના વાયરસને લઈને ચાલી રહેલા મુકાબલા વચ્ચે અમેરિકાના બે યુદ્ધપોત વિવાદિત દક્ષિણ ચીન સાગરમાં ઘૂસી ગયા છે. સૈન્ય વિશ્લેષકોનું માનવું છે કે આ ઘટનાક્રમને લઈને વાયરસની ઉત્પત્તિને લઈને પહેલાથી જ બાખડેલા અમેરિકા અને ચીન વચ્ચે તણાવ ખૂબ વધી ગયો છે. આટલું જ નહી વોશિંગ્ટનના આ પગલાથી વિવાદિત સમુદ્રી ક્ષેત્રમાં ચાલી રહેલા ગતિરોધ પણ વધી શકે છે. આ ઘટના એવા સમયે ઘટી કે જ્યારે દુનિયાના મોટાભાગના દેશો કોરોનાને લઈને લોકડાઉનમાં છે.રક્ષા વિશેષજ્ઞો અનુસાર, અત્યંત મારક યૂએસએસ અમેરિકા અને ગાઈડેડ મિસાઈસથી લેસ, યૂએસએસ બંકર હિલ યુદ્ધપોત દક્ષિણ ચીન સાગરના વિવાદિત મલેશિયાઈ જળ ક્ષેત્રમાં દાખલ થયા હતા. બન્ને અમેરિકી યુદ્ધપોત જે સમયે વિવાદાસ્પદ ક્ષેત્રમાં ઘુસ્યા, તે સમયે તે ક્ષેત્રમાં ચીન સરકારનું એક પોત કેટલાય દિવસથી મલેશિયાલ તેલ કંપનીના જહાજની આજુબાજુ મંડરાઈ રહ્યું હતું. મલેશિયાઈ તેલ કંપનીની આ બોટ સમુદ્રી ક્ષેત્રમાં તેલની શોધ કરવાના કામમાં જોડાયેલું હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. નજીકના ક્ષેત્રમાં ચીન અને ઓસ્ટ્રેલિયાના યુદ્ધપોત પણ ત્યાં ચક્કર મારી રહ્યા હતા. જાણકારોનું માનવું છે કે, કોરોના સંકટ સામે જુજવા દરમિયાન બીજીંગના દક્ષિણ ચીન સાગરમાં પોતાની ગતિવિધીઓ રત્તિભર પણ ઓછી નહોતી કરી.

તેમના અનુસાર, મહામારી દરમિયાન પણ ચીને આ વિવાદિત સમુદ્રી ક્ષેત્રમાં પોતાનું આક્રમક વલણ ચાલુ જ રાખ્યું. ઓસ્ટ્રેલિયન સ્ટ્રેટેજીક પોલીસી ઈન્સ્ટીટ્યૂટના પીટર જેંનગ્સ અનુસાર, ચીનનું માનવું છે કે વર્તમાન સમયમાં અમેરિકાની ક્ષમતા ઓછી થઈ ગઈ છે. ત્યારે તે પાડોશીઓને દબાવવાની રણનીતિ પર જાણી જોઈને તેજીથી અમલ કરી રહ્યા છે. જાન્યુઆરીમાં જ્યારે કોરોના વાયરસે તેજીથી ફેલાવાનું શરું કર્યું ત્યારે તે સમયે ચીને દક્ષિણ ચીન સાગરમાં પોતાની સૈન્ય ગતિવિધિઓ વધારી દીધી હતી. આ દરમિયાન તેણે સમુદ્રમાં દાવેદારી કરનારા દેશો અને તેમના માછીમારોને હેરાન કરવાનું શરુ કર્યું. આ મહિનાની શરુઆતમાં વિયેતનામે આરોપ લગાવ્યો કે ચીનના એક પોતે ટક્કર મારીને તેની એક નૌકાને ડૂબાડી દીધી હતી.

કિમ જોંગ ઉનના સ્વાસ્થ્યની સંભાળ રાખવા ચીને મેડિકલ ટીમ મોકલી

પ્યોંગયોંગ

ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉનના બીમાર થયાના સમાચારની વચ્ચે ચીનથી ડૉકટરની એક ટીમ કોરિયા મોકલ્યાના સમાચાર આવ્યા છે તેના લીધે અટકળો તેજ થઈ ગઈ છે. કિમ જોંગની તબિયત કેટલી ખરાબ છે તેને લઈને કોઈ જ સત્તાવાર માહિતી નથી. જો કે છેલ્લાં કેટલાંક દિવસથી એવા સમાચાર આવ્યા હતા કે કાર્ડિયોવેસ્ક્યુલેર બીમારી માટે સર્જરી બાદ તેની તબિયત વધુ બગડી ગઈ હતી.

મળતી માહિતી પ્રમાણે ચીને ઉત્તર કોરિયા માટે મેડિકલ એક્સપર્ટસની એક ટીમ મોકલી છે. આ ટીમ કિમ જોંગ ઉનને સલાહ આપવા માટે મોકલાઈ છે. રિપોર્ટસનું માનીએ તો કોમ્યુનિટી પાર્ટીના ઈન્ટરનેશનલ લાયઝન ડિપાર્ટમેન્ટના એક સીનિયર સભ્યના નેતૃત્વમાં પેઈચિંગથી કોરિયા માટે આ ટીમ ગઈ છે.

આની પહેલાં સાઉથ કોરિયાના એક સૂત્ર એ કહ્યું હતું કે કિમ જોંગ ઉન જીવતો છે અને ટૂંક સમયમાં જ પબ્લિકની સામે આવશે. સૂત્રોએ એમ પણ કહ્યું કે કિમ જોંગ ઉનની તબિયત સારી નથી પરંતુ તેનો મતલબ એ નથી કે તેઓ ખૂબ જ બીમાર છે કે લોકોની સામે આવવાની સ્થિતિમાં નથી. સમાચાર એવા હતા કે કિમ જોંગ ઉન સર્જરી બાદ ખૂબ જ બીમાર થઈ ગયા હરતા.

ભારત હવે ચીન પાસેથી નહિ દ.કોરિયા પાસેથી ૯.૫ લાખ કોવિડ કિટ ખરીદશે

ન્યુ દિલ્હી

ચીન પાસેથી ખરાબ કોવિડ રેપિડ ટેસ્ટ કિટ મળ્યા બાદ ભારતે દક્ષિણ કોરિયા ૯.૫ લાખ કોવિડ કિટનો ઓર્ડર આપ્યો છે. આ કંપનીની એક સહાઅક કંપની માનેસરમાં કિટ બનાવવાની શરૂઆત કરશે. તમને જણાવી દઈએ કે ભારતે ચીન પાસેથી ૭ લાખ કોવિડ રેપિડ ટેસ્ટ કિટો મંગાવી હતી જેની ગુણવત્તા ખૂબ ખરાબ છે. તેને લઈને રાજ્યોમાંથી ફરિયાદ મળ્યા બાદ ભારત સરકારે કિટોને ચીનને પરત મોકલવાનો નિર્ણય લીધો છે.

દક્ષિણ કોરિયાની ભારતીય દૂત શ્રીપ્રિયા રંગનાથે કહ્યું કે તેમનો ઉદ્દેશ્ય 'સૌથી વ્યાજબી કિંમત, સૌથી સારી ગુણવત્તા અને સૌથી ઓછા સમયમાં ડિલીવરી લેવાનો છે.' તેમણે કહ્યું કે ભારતી વિદેશ સચિવ, કોરિયાઈ ઉપ વિદેશ મંત્રી અને ઈંડો પૈસેફિક દેશોના બાકી સભ્યો દર અઠવાડિયે સંકટ સામે લડવા માટે ભરવામાં આવેલા પગલાં પર વાત કરે છે.

સિયોલમાં આપણા દૂતાવાસ કોરિયામાં મહામારીની શરૂઆતથી જ ભારતીય સમુદાય સાથે સતત જોડાયેલ છે. દક્ષિણ કોરિયામાં આપણા ૧૩૦૦૦ લોકો છે. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી છે. કોરિયાઈ સરકારની સલાહને ધ્યાનમાદ રાખતાં આપણે સોશિયલ ડિસ્ટેંસિંગ અને યાત્રા વગેરેથી બચવા પર ધ્યાન આપ્યું છે. પોતાના સમુદાય સાથે હંમેશા સંપર્કમાં રહેવા માટે આપણે વીડિયો કોન્ફ્રેંસિંગ, વેબસાઈટ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મોનો સહારો લીધો છે.

રામાનંદના 'કૃષ્ણ' ઉત્તરાખંડની ૫૦ ગરીબ મહિલાઓને જીવનનિર્વાહની આપે છે તાલીમ

મુંબઈ

કોરોના વાયરસના કહેર વચ્ચે લોકડાઉનને કારણે ટીવી પર ૮૦ અને ૯૦નો સમય પાછો લાવવાની ફરજ પડી છે. રામાયણ અને મહાભારત પછી ટીવી પર શ્રી કૃષ્ણનો શો પણ ટૂંક સમયમાં આવવાનો છે. બંને ધાર્મિક સિરીયલોને લોકોએ જે પ્રેમ આપ્યો છે એ જોઈને દૂરદર્શને નક્કી કર્યું છે કે 'શ્રી કૃષ્ણ' પણ ટૂંક સમયમાં ટીવી પર શરૂ કરવામાં આવશે. રામાયણ અને મહાભારત પછી લોકોના મનમાં એવા પ્રશ્નો પણ છે કે આજકાલ શ્રી કૃષ્ણનું પાત્ર ભજવનાર કલાકાર શું કરી રહ્યા છે? રામાનંદ સાગરની ટીવી સીરિયલ શ્રી કૃષ્ણમાં ભગવાન શ્રીકૃષ્ણની ભૂમિકા ભજવીને પ્રેક્ષકોમાં એક ઓળખ બનાવનાર અભિનેતા સર્વદમન ડી બેનર્જીને લોકો કેવી રીતે ભૂલી શકે. સર્વદમન ડી. બેનર્જીને આ શોએ સ્ટાર બનાવ્યા અને આ પછી તેને આવા શોની અનેક ઓફર મળવા લાગી.

તેમણે અર્જુન, જય ગંગા મૈયા અને ઓમ નમઃ શિવાયમાં પણ કામ કર્યું. તેમાંના મોટા ભાગના શોમાં તે વિષ્ણુ અથવા કૃષ્ણના રોલમાં જ દેખાયા. કાનપુરથી ભણતર પુરુ કર્યા પછી સર્વદમને પુણે ફિલ્મ સંસ્થામાં અભ્યાસ કર્યો. તેમણે પોતાની કારકિર્દીમાં હિન્દી, તેલુગુ અને બંગાળી ફિલ્મોમાં કામ કર્યું. જો કે તેમને તેની અસલી ઓળખ સિરીયલ શ્રી કૃષ્ણથી જ મળી હતી. ભગવાન શ્રીકૃષ્ણની ભવ્ય ભૂમિકા નિભાવનાર સર્વદમન હાલમાં ફિલ્મ જગતથી દૂર છે. હવે તે ઋષિકેશમાં પર્વતની જગ્યાઓ વચ્ચે પોતાનું મેડિટેશન કેન્દ્ર ચલાવે છે, જ્યાં લોકો પ્રકૃતિની વચ્ચે ધ્યાન કેન્દ્રિત કરે છે. આ સાથે તે પંખ નામનું એક એનજીઓ ચલાવે છે. આના માધ્યમથી તેઓ આશરે ૨૦૦ બાળકોના શિક્ષણની સંભાળ લે છે અને ઉત્તરાખંડની ૫૦ ગરીબ મહિલાઓને જીવનનિર્વાહની તાલીમ આપે છે.

શ્રીલંકા સરકાર આરબીઆઈ સાથે ૪૦ કરોડ ડોલર મુદ્રાની અદલા-બદલીનો કરાર કરશે

ન્યુ દિલ્હી/કોલંબો

કોરોના સંકટના કારણે સમગ્ર દુનિયાભરની આર્થિક સ્થિતિ પર ખુબજ ખરાબ અસર જોવા મળી રહી છે. આની અસર ભારતના પડોશી દેશ શ્રીલંકા પર પણ પડી છે. શ્રીલંકા સરકારે હાલત પર કાબૂ મેળવવા માટે તમામ પ્રયાસ હાથ ધર્યા છે. હવે વિદેશી મુદ્રા ભંડારને મજબુત કરવા પર ભાર મુકવામાં આવી રહ્યો છે. આજ કારણ છે કે શ્રીલંકા સરકાર ભારતીય રિઝર્વ બેંક સાથે ૪૦ કરોડ ડોલર મુદ્રાની અદલા બદલીનો કરાર કરવા જઈ રહી છે.

શ્રીલંકાના સૂચના તેમજ સંચાર મંત્રી બંડુલા ગુણાવર્ધને કહ્યું કે કેન્દ્રીય મંત્રીમંડળ અને પ્રધાનમંત્રી મહિન્દ્રા રાજપક્ષે દ્વારા રાખવામાં આવેલ રિઝર્વ બેંક સાથે નાાકીય સુવિધાઓના કરાર સંબંધી પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. આનાથી દેશની આંતરરાષ્ટ્રીય રોકડની જરૂરિયાત પુરી કરવામાં મદદ મળશે.

ગુણાવર્ધને કહ્યુ કે શ્રીલંકા, રિઝર્વ બેંક સાથે ૪૦ કરોડ ડૉલરની મુદ્રા અદલા-બદલી કરવાનો કોન્ટ્રાક્ટ કરશે. તેમણે જણાવ્યું કે તેમના આ પગલાથી દેશની વિદેશી મુદ્રા ભંડાર મજબુત થશે. વેપાસ સંબંધીત ચુકવણી કરતી વખતે બંને દેશની મુદ્રાઓની અદલા-બદલી કરાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રિઝર્વ બેંકે ભારતના વિદેશી મુદ્રા ભંડારના આંકડાઓ જાહેર કર્યાછે. જેઅનુસાર ૧૭ એપ્રિલે વિદેશી મુદ્રા ભંડાર ૩.૦૯ અરબ ડૉલરથી વધીને ૪૭૯.૫૭ અરબ ડૉલરે પહોંચી ગયો છે. આનાથી ગયા અઠવાડિયે વિદેશી મુદ્રા ભંડાર ૧.૮૧ અરબ ડૉલર વધીને ૪૭૬.૪૭ અરબ ડૉલર થયો હતો.

ઉ.પ્રદેશમાં ૬૯ કોરોનોગ્રસ્ત દર્દીઓને દાખલ થવા માટે હોસ્પિટલ બહાર રાહ જોવી પડી...!!

ઈટાવા

ઉત્તર પ્રદેશમાં કોરોના વાયરસના દર્દીઓની સાથે ઘોર બેદરકારી વર્તવામાં આવી હોય તેનું એક તાજું ઉદાહરણ જોવા મળ્યું છે. આ ઘટના ઉત્તર પ્રદેશના ઈટાવા જિલ્લાની છે. કોરોના સંક્રમીત ૬૯ દર્દીઓને ગુરૂવારના રોજ ઈટાવાની સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલની બહાર એક કલાક સુધી ફૂટપાથ પર રાહ જોવી પડી હતી. આ દર્દીઓને હોસ્પિટલમાં દાખલ થવા માટે મોકલવામાં આવ્યા હતા.

આ મામલે એવી વાત સામે આવી છે કે કોરોનાના દર્દીઓને દાખલ કરવાના મામલે ડોક્ટર્સ અને મેડિકલ સ્ટાફમાં વિવાદ સર્જાયો હોવાના કારણે તેમને એક કલાક સુધી હોસ્પિટલની બહાર રહેવું પડ્યું હતું. કોરોનાના દર્દીઓને આગ્રાના સૈફઈની સરકારી હોસ્પિટલમાં દાખલ થવા માટે મોકલવામાં આવ્યા હતા. આ ઘટનાનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં દર્દીઓ હોસ્પિટલના દરવાજાની બહાર બેઠેલા જોવા મળી રહ્યા છે અને હોસ્પિટલનો મુખ્ય દરવાજો બંધ છે. અન્ય એક વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે આ દરમિયાન પોલીસ કર્મચારીઓ દર્દીઓને યોગ્ય અંતર બનાવી રાખવા માટે સતત આદેશ આપી રહ્યા છે.

સૌથી પહેલા પોલીસના વરિષ્ઠ અધિકારી ચંદ્રપાલ સિંહ હોસ્પિટલ પહોંચ્યા હતા. તેઓ વીડિયોમાં કહેતા જોવા મળી રહ્યા છે કે, અહીં જ ઉભા રહો. મેડિકલની ટીમ ટૂંક જ સમયમાં અહીં આવતી હશે અને તમારા લોકોની યાદી બનાવીને તમને એક પછી એક અંદર લઈ જશે. ભલે જે થયું એ થયું પણ આમ ગમે ત્યાં આંટા મારવાનું બંધ કરો.

બ્રિટનમા માણસ પર થયુ કોરોના વાઈરસનું સૌપ્રથમ ટેસ્ટિંગ, પ્રયોગ સફળ થવાની આશા

લંડન

કોરોના વાઈરસની વધી રહેલી મહામારીને રોકવા માટે આજે સમગ્ર દુનિયાના સંશોધકો તેની દવા શોધવા માટે મથી રહ્યા છે. કોરોના વાઈરસની રસી માટે રેમડેસિવયરના પ્રયોગો નિષ્ફળ ગયા બાદ બ્રિટનના વૈજ્ઞાનિકો એક નવી ટેકનિક દ્વારા માણસ પર પ્રયોગો શરૂ કર્યો છે.

બ્રિટનની ઓક્સફર્ડ યુનિવર્સિટીએ લોકો પર નવી રસીનુ ટેસ્ટિંગ શરૂ કરી દીધુ છે. એક માઈક્રો બાયોલોજિસ્ટને કોવિડ-૧૯ની રસી આપવામા આવી છે. યુનિવર્સિટી દ્વારા હાથ ધરાયેલા પરીક્ષણમા ૮૦૦ લોકોમાથી એલિસા ગ્રેનેટને રસીના ટેસ્ટિંગ માટે પસંદ કરવામા આવ્યા.

ઓક્સફર્ડ યુનિવર્સિટીના સંશોધકોનુ કહે છે કે, માઈક્રો બાયોલોજિસ્ટ એલિસાને આપવામા આવેલી કોવિડ-૧૯ની રસી માટે વૈજ્ઞાનિકોને સફળતા મળવાની ઘણી આશા છે. વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે, આ રસી શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધારીને શરીરને કોરોના વાઈરસ સામે લડવામા મદદ કરશે.

મોઈક્રો બાયોલોજિસ્ટ એલિસાએ પોતાના પર થયેલા કોવિડ-૧૯ ટેસ્ટિંગ વિશે જણાવ્યુ કે, હું પણ એક વૈજ્ઞાનિક છું, જેના કારણે આ રિસર્ચને સપોર્ટ કરૂ છું. આ વાઈરસ પર કોઈ પણ સ્ટડી ના કરવાનો મને પસ્તાવો છે, પરંતુ હવે મને લાગે છે કે, આ કારણે હુ એક સહયોગ આપી શકીશ.

લંડનમાં ઘરેલુ હિંસાના કેસમાં ચાર હજારની ધરપકડ

કોરોનાએ વિશ્વભરમાં ૧.૯૭ લાખનો ભોગ લીધોઃ ઈટાલીમાં ૧૫૦ ડોક્ટરના મોત

ન્યૂયોર્ક

વિશ્વભરમાં કોરોનાના ૨૮.૩૨ લાખ કેસ નોંધાઈ ચૂક્યા છે. અત્યાર સુધીમાં ૧.૯૭ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૮ લાખ ૭ હજાર લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે. ઈટાલીમાં ૧૫૦ ડોક્ટરે જીવ ગુમાવ્યા છે, જ્યારે લંડનમાં ઘરેલુ હિંસાના કેસમાં ચાર હજાર વ્યક્તિની ધરપકડ કરાઈ છે.

જર્મનીની સ્થિતિ સુધરી રહી છે

કોરોના સામેની લડાઈમાં જર્મનીની સ્થિતિ સુધરી રહી છે. અહીં કુલ ૧.૫૫ લાખ કેસ નોંધાયા છે. જેમાં હાલ ૩૯ હજાર ૪૩૯ જ એક્ટિવ કેસ છે. થોડા દિવસ પહેલા અહીં ૪૮ હજારથી વધારે પોઝિટિલ કેસ હતા. ૧.૧૦ લાખ લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે. જર્મનીમાં ૫૭૬૦ લોકોના મોત થયા છે.

અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૯૫૧ લોકોના મોત, ન્યૂયોર્કમાં કેસ ઘટ્યા

અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૯૫૧ લોકોના મોત થયા છે. સૌથી વધારે પ્રભાવિત ન્યૂયોર્ક શહેરમાં શુક્રવારે ૪૨૨ લોકોના મોત થયા છે.૩૧ માર્ચ પછી પ્રથમવાર અહીં દૈનિક મૃત્યુઆંક ઓછી નોંધાયો છે. અમેરિકામાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૯.૨૫ લાખ થઈ ગઈ છે. મૃત્યુઆંક પર હજાર ૧૮૫ છે.ન્યૂયોર્કના ગવર્નર એન્ડ્રયુ ક્યૂમોએ કહ્યું કે રાજયમાં પોઝિટિવ કેસ અકલ્પનિય સ્તરે છે. જોકે સંક્રમણ ઘટી રહ્યું છે. ધીમે ધીમે દર્દીઓની સંખ્યા ઓછી થઈ રહી છે. અહીં ૧૬ હજારથી વધારે લોકોના જીવ ગયા છે.

અમે ઘણા દેશોમાં વેન્ટિલેટર મોકલી રહ્યા છીએઃ ટ્રમ્પ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમે પ્રેસ બ્રીફિંગમાં કહ્યું છે કે તેમની સરકાર દેશને ફરી ખોલવા માટે કામ કરી રહી છે. લોકોને સોશિયલ ડિસ્ટેંસિંગનું પાલન કરવાની અને સ્વચ્છતા જાળવવાની અપીલ કરી. તેમણે વધુમાં કહ્યું કે જે દેશોમાં વેન્ટિલેટરની જરૂર છે તેમને અમેરિકા મોકલી રહ્યું છે. અમારી પાસે તેની ક્ષમતા સારી છે. અમે મેક્સિકો, ઈન્ડોનેશિયા, ફ્રાન્સ, હોંડુરાસની મદદ કરી રહ્યા છીએ. સાથે ઈટાલી અને સ્પેનમાં પણ મોકલી રહ્યા છીએ. બીજી તરફ અમેરિકન ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને સંક્રમિત દર્દીઓને હાઈડ્રોક્સીક્લોરોક્વીન આપવાને લઈને ચેતવણી આપી છે. જેમાં કહેવાયું છે કે આ દવાથી દર્દીના હૃદય ઉપર ખરાબ અસર થઈ શકે છે.

ટ્રમ્પે ૪૮૪ અબજ ડોલરના રાહત બિલ ઉપર હસ્તાક્ષર કર્યા

ટ્રમ્પે નાના વ્યવસાય, હોસ્પિટલો અને કોરોનાની તપાસની સંખ્યા વધારવા માટે ૪૮૪ અબજ ડોલરન રાહત બિલ ઉપર હસ્તાક્ષર કર્યા છે. ટ્રમ્પે કહ્યું કે નાના વ્યવસાયો અને શ્રમિકો માટે આ મોટી ભેટ છે.

પાકિસ્તાને લોકડાઉન લંબાવ્યું

કોરોનાના સંક્રમણના કેસમાં વધારો થતાં પાકિસ્તાને ૯ મે સુધી લોકડાઉનને વધાર્યું છે. અહીં સંક્રમણના કુલ કેસ ૧૧ હજાર ૯૪૦ નોંધાયા છે જ્યારે ૨૫૩ લોકોએ જીવ ગુમાવ્યો છે.

ટ્રમ્પની સલાહ બાદ ન્યૂયોર્કમાં ૩૦ લોકોએ જંતુનાશક લિકવીડ પી લીધું

વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કોરોનાથી બચવા માટે જંતુનાશક દવાઓ પીવાની આપેલી સલાહ ભારે પડી રહી છે.

ગઈકાલે પત્રકાર પરિષદમાં ટ્રમ્પે આવુ કહ્યા બાદ ન્યૂયોર્કમાં છેલ્લા ૧૮ કલાકમાં એવા ૩૦ કેસ સામે આવ્યા છે જેમાં લોકોએ કથિત રીતે બ્લીચ, સફાઈ માટે વપરાતુ લાઈઝોલ કે ડેટોલ પી લીધુ હોય. મીડિયા રિપોર્ટ પ્રમાણે પોઈઝન કંટ્રોલ સેન્ટર પાસે આવેલા આવા કેસમાં જોકે કોઈનુ મોત થયુ નથી અને કોઈને હોસ્પિટલમાં સારવારની જરુર પડી નથી.

ટ્રમ્પની આ પ્રકારનુ નિવેદન આપવા બદલ ભારે ટીકાઓ થઈ રહી છે ત્યારે તેમણે પોતાનુ નિવેદન ફેરવી તોળ્યુ છે. ટ્રમ્પે કહ્યુ છે કે, આ ગંભીર રીતે કરાયેલુ નિવેદન નહોતુ.હું તો પત્રકારો સાથે મજાક કરી રહ્યો હતો. હું મજાકમાં પૂછી રહ્યો હતો એ જોવા માટે કે શું થાય છે.

દરમિયાન ડેટોલ અને લાઈઝોર બનાવનાર કંપનીઓએ એક નિવેદન બહાર પાડીને શુક્રવારે સાંજે કહ્યુ છે કે, અમારી પ્રોડક્ટ કોરોનાની સારવારમાં ઉપયોગી હોવાનુ કોઈ રિસર્ચ સામે આવ્યુ નથી. તેને પીવાની જરુર નથી. તેનાથી મોત પણ થઈ શકે છે.

પુલવામામાં સેનાનો પ્રહાર, બે આંતકી અને તેમને મદદ કરનાર ઠાર

શ્રીનગર

જમ્મુ કાશ્મીરમાં શનિવારના રોજ પુલવામા જિલ્લામાં સુરક્ષાદળો સાથેરની અથડામણમાં બે આતંકવાદીઓ તેમજ એક સાથીદારને ઠાર કરી દેવામાં આવ્યા છે. ઠાર કરાયેલા આતંકવાદીઓ ખુંખાર આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલા હોવાનું જણાયું હતું.

દક્ષિણ કાશ્મીરમાં અવંતીપોરા ખાતેના ગોરીપોરા વિસ્તારમાં સુરક્ષાકર્મીઓ એક્ાઉન્ટર હાથ ધર્યું હતું જેમાં બે આતંકવાદી તેમજ તેમના એક સાથીદારને ઠાર કરવામાં આવ્યા હતા. સુરક્ષાદળોએ સમગ્ર વિસ્તારની નાકાબંધી કરી સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

ચોક્કસ માહિતીના આધારે સુરક્ષાદળોએ અહીં સર્ચ શરૂ કર્યું હતું જેમાં આતંકવાદીઓએ ગોળિબાર કર્યો હતો અને બાદમાં સેના દ્વારા વળતો હુમલો કરવામાં આવ્યો હતો. ઉચ્ચ અધિકારીએ આપેલી માહિતી મુજબ ઠાર કરાયેલા બન્ને આતંકવાદી તેમજ એક સાગરિત કટ્ટર આતંકવાદી સંગઠનના હતા. વિસ્તારમાં તપાસ હાથ ધરી વધુ વિગતો મેળવવામાં આવી રહી છે.

કોરોના અંગે કોઈ પણ સ્વતંત્ર તપાસને મંજૂરી આપવાનો ચીનનો ઈનકાર

બેઈજિંગ

કોરોના વાયરસ અંગે જાણકારી આપવામાં આનાકાની કરી રહેલા ચીને હવે પોતાના દેશમાં સ્વતંત્ર આંતરરાષ્ટ્રિય તપાસની મંજૂરી આપવાનો ઈનકાર કરી દીધો છે.

ચીનના એક ટોચના ડિપ્લોમેટ ચેન વેને કહ્યુ હતુ કે, આ પ્રકારની માંગણી રાજકીય છે. જેનાથી કોરોના સામે લડવામાથી ચીનનુ ધ્યાન હટી જશે

અમેરિકા અને યુરોપના દેશોને લાગે છે કે, ચીન કોરોનાને લઈને ઘણી જાણકારી છુપાવી રહ્યુ છે. જેના કારણે આ મામલે આંતરરાષ્ટ્રિય તપાસની માંગણી કરવામાં આવી રહી છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તો ચીનનુ ખુલ્લેઆમ ટીકા કરી રહ્યા છે. અમેરિકાના વિદેશ મંત્રી માઈક પોમ્પિયોનુ કહેવુ છે કે, અમેરિકા બીજા દેશો સાથે મળીને સમજાવી રહ્યુ છે કે, વાયરસ ચીનના વુહાનથી જ ફેલાયો છે. આ બાબત સમજાવવાની ચવાબદારી ચીનની છે. ચીનને ડિસેમ્બર ૨૦૧૯થી વાયરસ અંગે ખબર હતી.

તેમણે તો એમ પણ કહ્યુ હતુ કે, અમેરિકાને જે આર્થિક નુકસાન થઈ રહ્યુ છે તે માટે ચીન જવાબદાર છે.

લોકડાઉન ખતમ થતાં જ મધ્યપ્રદેશ પોતાના મજૂરોની વતન વાપસી કરાવશે

ન્યુ દિલ્હી

લોકાડાઉન પુરુ થતાની સાથે જ દેશના વિવિધ રાજયોમાં ફસાયેલા લાખો મજૂરોની વતન વાપસી થઈ શકે છે.

આ માટે સરકાર એક યોજના બનાવી રહી હોવાના અહેવાલો છે.સૂત્રોના કહેવા પ્રમાણે કેન્દ્ર સરકાર આ મુદ્દે રાજ્ય સરકારો સાથે વાત કરી રહી છે. યુપી અને મધ્યપ્રદેશે તો પોતાના રાજયના મજૂરોને ઘરે પાછા લાવવા માટે હા પાડી દીધી છે. જોકે તેમને સીધા ઘરે નહી મોકલાય પણ રાજયમાં એક સ્થળે તેમને ક્વોરેન્ટાઈન કરાશે અને એ પછી તેમને તેમના ગામમાં મોકલી અપાશે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહે ચૌહાણે આ સંદર્ભમાં ગુજરાત, રાજસ્થાન, યુપીના મુખ્યમંત્રીઓ સાથે વાત પણ કરી છે. મધ્યપ્રદેશ સરકાર પોતાના રાજયોના મજૂરોને પાછા લાવવા માટે તૈયાર છે અને મધ્યપ્રદેશના વિવિધ વિસ્તારોમાં ફસાયેલા બીજા રાજયોના મજૂરોને પણ પાછા જવાની મંજુરી આપશે. મહારાષ્ટ્ર સરકારે પણ અગાઉ કેન્દ્ર સરકાર સમક્ષ માંગ કરી છે કે, મજૂરોને તેમના ઘરે મોકલવા માટે વિશેષ ટ્રેનો ચલાવવામાં આવે.

સંજય કોઠારી બન્યા નવા વિજિલન્સ કમિશ્નરઃ રાષ્ટ્રપતિએ લેવડાવ્યા શપથ

ન્યુ દિલ્હી

સંજય કોઠારીને સેન્ટ્રલ વિજિલન્સ કમિશનરના પદ પર શનિવારે સવારે શપથ લીધા હતા. રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે તેમને શપથ અપાવ્યા હતા. આ દરમિયાન વડાપ્રધાન મોદી, ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ અને અન્ય લોકો હાજર હતા. કોરોના વાયરસના કારણે સમારોહમાં હાજર તમામ લોકોએ માસ્ક પહેર્યું હતું. આ દરમિયાન સોશિયલ ડિસ્ટેન્સિંગનું પાલન કરાયું હતું. ખુરશીઓ ખૂબ દૂર-દૂર રાખવામાં આવી હતી. સંજય કોઠારી હરિયાણા કેડરમાં વર્ષ ૧૯૭૮ બેન્ચના આઈએએસ અધિકારી છે. કોઠારી જૂન ૨૦૧૬માં ડીઓપીટી સચિવ તરીકે નિવૃત થયા હતા. ફેબ્રુઆરી મહિનામાં વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં પસંદગી સમિતિની બેઠકમાં તેમની નિમણૂકને મંજૂરી અપાઈ હતી. એ સમયે કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરીએ તેનો વિરોધ કર્યો હતો. બેઠકમાં સામેલ ગૃહ મંત્રી અમિત શાહ, જીતેન્દ્ર સિંહ, રાજીવ ગૌબા અને સી ચંદ્રમૌલીએ સમર્થન આપ્યું હતું.

ઉત્તરપ્રદેશ સરકારનો મોટો નિર્ણયઃ ૩૦ જૂન સુધી કોઈ સામૂહિક કાર્યક્રમ નહિ થાય

લખનૌ

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કોરોનાનો વધતો કહેર જોતાં કહ્યું કે આ વર્ષે તમામ ધાર્મિક ગુરુઓએ મુસ્લિમ ભાઈઓને ઘરે રહીને નમાઝ વગેરે અર્પણ કરવાની અપીલ કરી છે. ધ્યાન રાખવું કે ક્યાંય પણ કોઈ ઘટના / પ્રસંગ ન યોજાય. કોઈ સામૂહિક પ્રોગ્રામ હોવો જોઈએ નહીં કારણ કે તેનાથી કોરોના ચેપ ફેલાય તેવી સંભાવના છે. તેમણે કહ્યું કે ૩૦ જૂન સુધી કોઈપણ જાહેર કાર્યક્રમને મંજૂરી ન હોવી જોઈએ. તે પછી સંજોગોને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવશે. મુખ્યમંત્રીએ કહ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા કોરોના વાયરસને અંકુશમાં લાવવાના હેતુથી લાગુ કરવામાં આવેલા લૉકડાઉનના નિર્ણયની દુનિયામાં પ્રશંસા થઈ રહી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે કોરોના અસરગ્રસ્ત વિસ્તારોને હૉટસ્પોટ્સ તરીકે ઓળખીને, ચેપ અટકાવવા માટે અપનાવવામાં આવતી વ્યૂહરચના ખૂબ અસરકારક સાબિત થઈ રહી છે. હૉટસ્પોટનું આ 'યુપી મોડેલ' ખૂબ જ લોકપ્રિય થયું છે. ફક્ત તબીબી, સ્વચ્છતા અને હોમ ડિલિવરી ટીમો હૉટસ્પોટ વિસ્તારોની મુલાકાત લે છે.

માત્ર ગ્રીન ઝોનમાં જ ચલાવાશે ટ્રેનો, હોટસ્પોટ અને કેન્ટોન્ટમેન્ટ ઝોનમાં રહેશે મનાઈ

લોકડાઉન પૂર્ણ થયા બાદ રેલ્વે માત્ર સ્લીપર ટ્રેનો જ દોડાવશે

ન્યુ દિલ્હી

લોકડાઉન પુરૂં થયા પછી શરૂઆતમાં કેટલીક સ્પેશિયલ પેસેન્જર ટ્રેનોને દોડાવવાનો પ્રસ્તાવ છે. આ ટ્રેનો ગ્રીન ઝોનમાં ચલાવવામાં આવશે અને માત્ર ઈમરજન્સીમાં જ લોકોને યાત્રા કરવાની પરવાનગી મળશે. જોકે કન્ટોન્ટમેન્ટ ઝોન અને હોટસ્પોટમાં વિસ્તારોમાં કોઈ પેસેન્જર ટ્રેન ચલાવવામાં નહીં આવે. આ સ્પેશિયલ ટ્રેનોનું ભાડુ પણ ઘણું વધારે રાખવામાં આવશે. જેથી લોકો માત્ર ઈમરજન્સીમાં જ યાત્રા કરી શકે. રેલવે શરૂઆતમાં માત્ર સ્લીપર ટ્રેનો જ ચલાવશે. એસી કોચ અને જનરલ કોચવાળી ટ્રેનો ચલાવવામાં નહીં આવે. આ ટ્રેનોમાંથી મિડલ બર્થને પણ હટાવી લેવામાં આવી છે. જે લોકોની ટિકિટ કન્ફર્મ હશે તે લોકો જ યાત્રા કરી શકશે. જો ટિકિટ કન્ફર્મ નહી થાય તો યાત્રાની પરવાનગી મળશે નહીં. યાત્રા દરમિયાન સોશિયલ ડિસ્ટન્સિંગનો પૂરો ખ્યાલ રાખવામાં આવશે.

સિંગરે સોનાને સલમાન ખાન વિરુદ્ધ બોલ્યા બાદ મળી હતી ગેંગરેપની ધમકી

મુંબઈ

બોલિવૂડમાં એવું કહેવાય છે કે, સલમાન ખાનની વિરુદ્ધમાં બોલવું એટલે લોઢાના ચણા ચાવવા જેવી વાત છે. જો કે ઘણા અભિનેતા, અભિનેત્રી અને સિંગરને પણ આ અનુભવ થઈ ચૂક્યો છે. પરંતુ હાલમાં એક સિંગરે કંઈક નવો જ ખુલાસો કરીને બધાને હચમચાવી નાંખ્યા છે અને લોકો વચ્ચે આ ચર્ચાનો વિષય બની ગયો છે. સિંગર સોના મોહપાત્રા અવારનવાર તેના સ્ટેટમેન્ટ્સના કારણે ચર્ચામાં રહે છે. થોડા સમય પહેલાં જ તેણે કાર્તિક આર્યનના એક વિવાદાસ્પદ વીડિયોના કારણે તેને મહિલા વિરોધી ગણાવ્યો હતો.

હવે સોનાએ સનસનાટીભર્યો ખુલાસો કર્યો છે કે, સલમાન ખાનની વિરુદ્ધ બોલ્યા બાદ તેને ગેંગરેપની ધમકી આપવામાં આવી હતી. બન્યું એવું ક, સોશિયલ મીડિયા પર એક યૂઝરે સોનાની ટીકા કરવાની કોશિશ કરી હતી. યૂઝરે સોનાને ટેગ કરતાં લખ્યું હતું કે, 'મેડમ એટલા ખરાબ દિવસો આવી ગયા છે કે, તમારું નામ ટ્વિટર પર સર્ચ કરી રહ્યા છીએ અને ચારેબાજુ હિન્દુફોબિયા જ જોવા મળે છે.

સોનાએ આ જોયું તો જવાબ આપતાં લખ્યું હતું કે, 'હું એક પબ્લિક ફિગર છું. મને બે વર્ષ પહેલાં એક મુસ્લિમ ઈન્સ્ટિટ્યૂટ તરફથી ધમકીઓવાળી ચીઠ્ઠીઓ મળી હતી. કેમ કે, મેં એક ગીત ગાયું હતું. આ પછી સિંગરે જે ખુલાસો કર્યો એ બધા માટે નવી વાત હતી. આગળ વાત કરતાં સોનાએ કહ્યું કે, હું જ્યારે સલમાન ખાનની વિરુદ્ધ બોલી હતી ત્યારે મને ગેંગરેપ અને એસિડ અટેકની પણ ધમકીઓ આપવામાં આવી હતી.

એરપોર્ટ પરના સીસીટીવી ફૂટેજની ચકાસણી શરૂ

ચૂંટણીના ચાણક્ય પ્રશાંત કિશોર કાર્ગો વિમાનમાં કોલકાતા પહોંચ્યા..!!!

પટના

બિહાર ભાજપ અને જનતા દળ (યુ)એ 'ચૂંટણીનાં ચાણક્ય' તરીકે પ્રસિદ્ધ પ્રશાંત કિશાર પર મોટો આરોપ મૂક્યો છે. બંને પક્ષોએ દાવો કર્યો છે કે, પ્રશાંત કિશોર કાર્ગો વિમાનમાં ચોરીછૂપીથી પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતા પહોંચ્યા છે. આ આરોપમાં કેટલો દમ છે એની ચકાસણી માટે દિલ્હી, કોલકાતા અને ગૌહાટી એરપોર્ટ પરનાં છેલ્લાં ૭૨ કલાકના સીસીટીવી ફૂટેજની ચકાસણી શરૂ થઈ ગઈ છે.

ચૂંટણીમાં મોટા ભાગની ચાલોમાં સફળતા મેળવવા માટે જાણીતા પ્રશાંત કિશોર લોકડાઉન દરમિયાન પશ્ચિમ બંગાળ કેવી રીતે પહોંચી ગયા એ પ્રશ્ન દિલ્હીના રાજકીય વર્તુળો સહિત ભારતીય રાજકારણમાં ચર્ચાનો વિષય બન્યો છે. બિહાર પ્રદેશ ભાજપના પ્રવક્તા નિખિલ આનંદે દાવો કર્યો છે કે, પ્રશાંત કિશોર ચોરીછૂપીથી બંગાળ પહોંચી ગયા છે. દરમિયાન બિહારમાં ભાજપના સાથી પક્ષ જનતા દળ(યુ)ના નેતા અજય આલોકે એવો દાવો કર્યો છે કે, પ્રશાંત કિશોર કાર્ગો વિમાનમાં બેસીને પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતા પહોંચી ગયા છે. તેમણે કિશોરની સરખામણી 'બીજા કોરાના વાયરસ' સમાન સાથે પણ કરી છે.

બિહાર ભાજપ અને જનતા દળ(યુ)ના આરોપો પર કેન્દ્ર સરકારે તપાસ શરૂ કરી દીધી છે. ત્રણ એરપોર્ટ દિલ્હી, કોલકાતા અને ગૌહાટી પર છેલ્લાં ૭૨ કલાકના સીસીટીવી ફૂટેજની ચકાસણી શરૂ થઈ ગઈ છે. અધિકારીઓએ એર ઈન્ડિયા, સ્પાઈસ જેટ અને બ્લૂ ડાર્ટ જેવી ઉડાન કંપનીઓ પાસે પણ જાણકારી માંગી છે.

કોરોના વાયરસ સામેની લડાઈમાં કોલ ઈન્ડિયાએ ૨૨૧ કરોડનું પીએમ કેયર્સમાં ફંડ આપ્યુ

કોલકાત્તા

કોલ ઈન્ડિયાએ કોરોના વાયરસ સામેની મહામારીને રોકવા માટે પ્રધાનમંત્રી રાહત અને નાગરિક સહાયતા (પીએમ કેયર્સ) ફંડમાં ૨૨૧ કરોડ રૂપિયા આપ્યા છે. કંપનીએ શુક્રવારે તેની જાણકારી આપી હતી. કંપનીના એક અધિકારીએ જણાવ્યું કે કોલ ઈન્ડિયાના કર્મચારીઓએ સ્વેચ્છાએ એક-એક દિવસનો પગાર આપ્યો છે. આઆ રીતે પીએમ કેયર્સ ફંડમાં ૬૧ કરોડ રૂપિયા આપવામાં આવ્યા. આ સિવાય કંપનીના કોરપોરેટ સામાજિક ઉત્તરદાયિત્વના મુજબ પીએમ કેયર્સ ફંડમાં ૧૬૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. અધિકારીઓએ કહ્યું કે સંકટના હાલના સમયમાં તમામ પડકારો બાદ પણ કંપનીએ કોલસાનું ઉત્પાદન ચાલુ રાખ્યું છે. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીમાં દેશની ઘણી મોટી કંપનીઓ કોરોના વાયરસ મહામારી સામે લડવા માટે પીએમ કેયર્સ ફંડમાં રૂપિયા દાન આપી ચૂકી છે.

કેન્દ્રના પગલે યોગી સરકારઃ કર્મચારીઓનું ડીએ સ્થગિત કર્યું

લખનૌ

કોરોના વાયરસ અને લોકડાઉનને ધ્યાનમાં રાખીને ઉત્તર પ્રદેશ સરકારે મોટો નિર્ણય લીધો છે. પ્રદેશ સરકારે પણ કેન્દ્રની જેમ પોતાના કર્મચારીઓના જાન્યુઆરીથી લાગુ કરેલા મોંઘવારી ભથ્થા અને પેન્શનરોને મોંઘવારી રાહત પર પ્રતિબંધ મુકવાની જાહેરાત કરી છે.

આ સાથે જ સરકારે ૬ જગ્યાઓની ભરતી પ્રક્રિયા પણ અટકાવી દીધી છે. યુપી સરકારે મોંઘવારી ભથ્થા(ડીએ) પર પ્રતિબંધ લગાવી દીધો છે. હવે કર્મચારીઓ અને પેન્શનરોને ડીએ પણ આપવામાં આવે. ૧ જાન્યુઆરી૨૦૨૦થી જૂન ૨૦૨૧ સુધી ડીએ બંધ રાખવામાં આવશે. આ ઉપરાંત સચિવાલયનું ભથ્થુ, પોલીસ ભથ્થુ પણ બંધ કરી દેવામાં આવશે.

આનાથી યુપીમાં ૧૬ લાખથી વધારે કર્મચારીઓને અસર થશે. ત્યારે ૧૧. ૮૨ લાખ પેન્શનરોને ઝટકો લાગ્યો છે. આર્થિક તંગીનો સામનો કરી રહેલી સરકારને કર્મચારીઓના મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહત પર નિર્ણય લેવાથી લગભગ ૧૦ હજાર કરોડની બચત થશે.

પરિસ્થિતિ સામાન્ય ન થાય ત્યાર સુધી ચેમ્પિયનશિપ સ્થગિત કરવામાં આવે

નવી દિલ્હી

બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયાએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સ્થગિત કરવા ઘણા સૂચન આપ્યા છે. ભારત ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં નંબર-૧ છે અને ફાઈનલમાં પહોંચવા માટે પ્રબળ દાવેદાર છે. ભારત અને ઓસ્ટ્રેલિયા આ વર્ષના અંતે ૪ ટેસ્ટ મેચની સીરિઝ રમવાના છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલએ વીડિયો કોન્ફરન્સિંગ થકી બેઠક યોજી હતી. બીસીસીઆઈએ સૂચન આપ્યું કે, વર્લ્ડ ચેમ્પિયનશિપ સ્થગિત કરવામાં આવે કારણ કે ૨૦૨૩ના એફટીપીમાં ફેરફારની યોજના છે.

બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો કે ટેસ્ટ ચેમ્પિયનશિપ અને પુરુષ ક્રિકેટ વર્લ્ડ કપ સુપર લીગ અંગે ચર્ચા માટે ફરીવાર બેઠક યોજાશે. એવું મનાય છે કે, બેઠકમાં ભારત એકમાત્ર બોર્ડ હતું, જેણે સ્થિતિ સામાન્ય થવા સુધી ટેસ્ટ ચેમ્પિયનશિપ સ્થગિત કરવાની વાત કરી હતી.આઈસીસીના ચેરમેન શશાંક મનોહરનો કાર્યકાળ ૨ મહિના માટે વધી શકે છે. કારણ કે મહામારીના કારણે જૂનમાં યોજાનાર આઈસીસી બોર્ડની બેઠક ટળે તેવી શક્યતા છે. બની શકે આઈસીસીને ઓગસ્ટમાં નવો ચેરમેન બને. ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડના પ્રમુખ કોલિન ગ્રાવેસ તેમનું સ્થાન લઈ શકે છે.

તંત્રી લેખ

લોકોની લાપરવાહી

કોરોના વાયરસને રોકવા માટે દેશમાં લોકડાઉનને લાગુ કરવામાં આવ્યા બાદ એક મહિનાથી વધુ સમય થઈ ગયો છે અને આ ગાળા દરમિયાન કોરોનાના કેસો વધીને ૨૪ હજારથી ઉપર પહોચી ગયા છે. કોરોનાના વધતા જતા કેસો માટે મોટા ભાગે સામાન્ય લોકોની લાપરવાહીને મુખ્ય રીતે જવાબદાર ગણી શકાય છે. કારણ કે લોકો લોકડાઉન અને કઠોર નિયમો સરકારો દ્વારા લાગુ કરવામાં આવ્યા હોવા છતાં સતત નિયમોની સાથે ચેડા કરી રહ્યા છે. લોકો બહાર નિકળી રહ્યા છે. આવી સ્થિતીમાં કોરોનાના કેસોમાં વધારો થઈ રહ્યો છે. એકબાજુ સરકાર અને પોલીસ લોકડાઉન અને ગાઈડલાઈન્સને કઠોર રીતે પાળવા માટે કહી રહી છે પરંતુ લોકો બહાના કરીને બહાર નિકળી રહ્યા છે. જેના કારણે સ્થિતી વધારે ગંભીર બની રહી છે. લાપરવાહીની હદ તો જમાતના લોકોએ વટાવી દીધી છે. કારણ કે આ લોકોએ સરકારના નિયમો અને સરકાર તરફથી કરવામાં આવેલી અપીલની અવગણા કરીને કાર્યક્રમનુ આયોજન કર્યુ હતુ. ત્યારબાદ દિલ્હી નિઝામુદ્દીન ખાતેથી જમાતી લોકો દેશના જુદા જુદા ભાગોમાં પહોંચી ગયા છે. તેમને સુચનાઓ આપવામાં આવી હોવા છતાં તેની અવગણના કરવામાં આવી હતી. આખરે કેસોની સંખ્યામાં વિસ્ફોટની સ્થિતી સર્જાઈ ગઈ હતી. આ બોધપાઠ લીધા બાદ પણ જમાતના લોકો હજુ ધ્યાન આપી રહ્યા નથી. તેમને કેટલાક તેમના સમુદાયના લોકો દ્વારા જ આશરો આપવામાં આવી રહ્યો છે. આ તમામ સમસ્યા જટિલ બનેલી છે. પોલીસે બાતમી એકત્રિત કરીને જેમ તેમ તેમના શોધી પહોંચી શકી છે. તેમને અને અન્યોને કોરોનાથી બચાવવા માટે પ્રયાસ થઈ રહ્યા છે. જો કે તેમના દ્વારા લાપરવાહી કરવામાં આવી છે. હવે પવિત્ર રમઝાન મહિનાની શરૂઆત થઈ ચુકી છે. આને લઈને સરકારે કેટલીક રાહત આપી છે. જો કે કોરોનાના વધતા જતા કેસ વચ્ચે પણ કોઈ નિયમો પાળવામાં આવી રહ્યા નથી. લોકો સાથે નિકળી રહ્યા છે.કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા હવે આની ગંભીર નોંધ લેવામાં આવી છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલયને ધ્યાનમાં આવ્યુ છે કે લોકડાઉન અને ગાઈડલાન્સને યોગ્ય રીતે પાળવામાં આવી રહી નથી. જેથી અમદાવાદ, ઈન્દોર, પુણે સહિતના શહેરોમાં સ્થિતી વણસી ગઈ છે. આ તમામ રાજ્યોના શહેરોમાં કેન્દ્રિય ટીમ હવે પહોંચી રહી છે. જે તમામ પાસામાં અભ્યાસ કરી રહી છે. અભ્યાસ કરવામાં આવ્યા બાદ રિપોર્ટ સોંપવામાં આવનાર છે. આ રિપોર્ટના આધાર પર ભાવિ પગલા લેવામાં આવનાર છે. એક બાબત તો નક્કી છે કે જ્યાં સુધી લોકો લાપરવાહી કરતા રહેશે ત્યાં સુધી કોરોનાના કેસો સપાટી પર આવતા રહેશે. જો કેસો પર બ્રેક મુકાશે નહીં તો લોકડાઉન ખોલવાને લઈને ખુબ તકલીફ પડનાર છે. આવી સ્થિતીમાં દેશના તમામ લોકો જો સાથે આવીને ફરજને ઈમાનદારીપૂર્વક પાળશે તો જ લાભ થનાર છે. સાથે સાથે આવુ થશે તો જ કોરોનાના આતંકને દુર કરી શકાશે. લોકો ઘરમાં સુરક્ષિત રહીને આ બિમારીને હરાવી શકે છે. બહાર નિકળશે તો કોરોના ખતરો યથાવત રીતે રહેનાર છે. હાલમાં તો દેશના કેટલાક રાજ્યોમાં સ્થિતી ખુબ જટિલ બની રહી છે.

લોકડાઉનને લઈને નિયમોને ગંભીરતાથી પાળવામાં આવી રહ્યા નથી જે ખતરનાક

પોલીસ સાથે ખરાબ વર્તન પણ અયોગ્ય છે...

કોરોના પર રાજનીતિ શરૂ

કોરોના વાયરસની ખતરનાક સ્થિતી વચ્ચે તમામ સંબંધિત લોકો તેમની ફરજને ઈમાનદારીપૂર્વક અદા કરી રહ્યા છે. જેમાં પોલીસ પણ સામેલ છે. પોલીસ જવાનો કોરોના અસરગ્રસ્તોને પકડી રહ્યા છે. તેમને અલગ પાડી રહ્યા છે. કાનુન અને વ્યવસ્થાની સ્થિતીને પાળવા માટે તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. લોકડાઉનને કઠોર રીતે પાળવાના પ્રયાસ પોલીસ દ્વારા કરવામાં આવી રહ્યા છે. જ્યારે પોલીસ ટીમ પર પથ્થરમારો કરવામાં આવે છે, તેમના પર લાકડી સાથે હુમલા કરવામાં આવે છે ત્યારે દુખ થાય છે. એક વાત સમજી લેવાની જરૂર છે કે જ્યાં સુધી પોલીસ જાગરુક રહેલી છે ત્યાં સુધી તમામ લોકો ઘરમાં શાંતિથી ઉંઘી શકે છે. પોલીસ જાગે છે ત્યારે તમામ લોકો સારી રીતે ઉંઘી શકે છે. કટોકટી વચ્ચે કેટલાક લોકો તો કોરોના પોઝિટીવ થઈ ગયા છે. કેટલાકના તો મોત થઈ ગયા છે. છતાં તેમનો આત્મવિશ્વાસ આસમાન પર છે. હવે કોરોનાને લઈને રાજનીતિ શરૂ થઈ ગઈ છે. હવે કોરોનાના લઈને રાજનીતિ શરૂ થઈ ચુકી છે. હાલમાં મળીને લડીશુ તો જ જીત મેળવી શકાશે. રાજનીતિ કરવાનો આ સમય નથી.ચ જો તમામ લોકો બચશે તો જ ચૂંટણી યોજાઈ શકે છે. પહેલા કોરોના વાયરસનો સામનો કરવામાં આવે તે જરૂરી છે. વોંટ બેંકની રાજનીતિ મોડેથી બની શકે છે. સરકાર કહી રહી છે કે કોઈને ભુખ્યા રહેવાની તક મળશે નહીં. વિરોધી દળો કેટલાક નેતા પ્રેસ કરે છે અને ટ્વીટરના માધ્યમથી વિરોધ કરે છે. જરૂર પ્રજાને અપીલ કરવાની રહેલી છે. સરકારના આદેશનુ હાલમાં પાલન કરવામાં આવે તે સમયની માંગ છે. જો બચીશુ તો જ આવતીકાલની સવારને જોઈ શકીશુ. વિદેશમાં હાલમાં જે રીતે સામુહિક કબર ખોદાઈ રહી છે તેને જોઈને તો ભય લાગે છે. આવી સ્થિતીમાં રાજનીતિ કરવામાં આવે તે યોગ્ય નથી.

જમાતીને છુપાવનાર લોકોને કોરોનાનો ભય નથી જે આશ્ચર્યજનક

જમાતી હજુ સહકાર કરી રહ્યા નથી



અલ્હાબાદ યુનિવર્સિટીના પ્રોફેસર જેવા શિક્ષિત લોકો આવુ વર્તન કરે છે ત્યારે હેરાની થાય છે : હજુ પણ વ્યાપક લાપરવાહી જોવા મળે છે

કોરોના સામે જોરદારરીતે લડાઈ દુનિયાના દેશો લડી રહ્યા છે. જેમાં ભારત પણ સામેલ છે. ભારત સરકાર અને જુદા જુદા રાજ્યોની સરકાર દિન રાત એક કરીને કોરોનાને રોકવા માટે પ્રયાસ કરી રહી છે પરંતુ કેસોની સંખ્યા પર બ્રેક મુકવામાં સફળતા મળી રહી નથી. કોરોનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તરત જ પહેલા ૨૧ દિવસના સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી દીધી હતી. ત્યારબાદ આ ગાળાને વધારી દઈને ત્રીજી મે સુધી કરી દેવામા આવ્યો છે. સરકારનો પ્રયાસ હતો કે વહેલી તકે કોરોના પર બ્રેક મુકી દેવામાં આવશે.જો કે સ્થિતી વધારે ખરાબ થઈ છે. નિઝામુદ્દીન મરકજમાંથી નિકળેલા જમાતીઓએ દેશના અનેક ભાગોમાં જઈને સ્થિતી વધારે ખરાબ કરી નાંખી છે. જમાતી જ્યાં પણ ગયા ત્યાં કોરોના રોગ ફેલાવી દીધો છે. કોરોનાની સામે લડવામાં તબીબો, મેડિકલ ટીમ, પોલીસ ટીમ અને સફાઈ કર્મચારીઓ લાગેલા છે. આ તમામ લોકો પૂર્ણ પ્રયાસ કરી રહ્યા છે. દુખ આ બાબતને લઈને છે કે મરકઝથી નિકળેલા જમાતી લોકો હજુ સહકાર કરી રહ્યા નથી. તેમને પોતાના ઘરમાં રાખનાર તેમના જ સમુદાયના લોકો છે. આ લોકોને કોરોના વાયરસ થઈ જવાનો પણ કોઈ ભય નથી. તેમના પરિવારના સભ્યોને તકલીફ થઈ જશે તેની પણ તેમને ચિંતા નથી. આવા જમાતી લોકોને પોતાના ઘરમાં રાખવાને આવા લોકો પોતાના કર્તવ્ય તરીકે સમજે છે. શિક્ષિત લોકો જ્યારે આવુ વર્તન કરે છે ત્યારે હેરાની વધારે થાય છે. અલ્હાબાદ યુનિવર્સિટીમાં રાજનીતિશાસ્ત્રના પ્રોફેસરે કોરોના અસરગ્રસ્ત લોકોને પોતાના ઘરમાં જ બેસાડી લીધા હતા. તેમની ફરજ તો એ હતી કે તેમની ચકાસણી કરાવી હોત. જો તેમનાથી કોઈ લોકો પોઝિટીવ છે તો તેમની તપાસ કરાવી હોત. જો આવુ કર્યુ હોત તો તેમાંથી કેટલાક જે પોઝિટીવ રહ્યા છે તે સ્વસ્થ થઈ ગયા હોત. કેટલાક જમાતી લોકોને તો પોલીસ, મેડિકલ અને આરોગ્ય ટીમ પર પથ્થરમારો કરવામાં પણ ભય નથી. સરકારી ચેનલો અને ખાનગી ચેનલોદ્વારા પ્રસારિત કરવામાં આવતા સમાચારો પર તેમને વિશ્વાસ નથી. ખોટા સમાચાર અને અફવાને વધારે ગણે છે. તેમને કઈ રીતે સમજાવવામાં આવે કે જો એક કોરોના પોઝિટીવ આવે છે તો તેના સંપર્કમાં આવનાર તમામ લોકોને અલગ કરવાની ફરજ પડે છે. માસ્ક વગર ઘરની બહાર નિકળવાની બાબત ખતરનાક બની ગઈ છે. કેટલાક લોકો તો ધ્યાન આપી શકતા નથી. લાપરવાહીમાં ઘરની બહાર નિકળે છે. થોડાક સમય પહેલા જમાતી લોકોને ક્વારન્ટીન કરવાની બાબત સરળ ન હતી. કેટલાક તો ઓળખીતાના ઘરમાં અને કેટલાક મસ્જિદોમાં છુપાઈ ગયા હતા. તેમને શોધી કાઢવા માટે દેશમાં વ્યાપક અભિયાન ચલાવવાની ફરજ પડી હતી. ભારે મુશ્કેલ બાદ તેમને શોધી કાઢવામાં સફળતા મળી રહી છે. તેમને શોધી કાઢીને હોસ્પિટલમાં મોકલી દેવામાં આવી રહ્યા છે. ભરતી દરમિયાન પણ એવી ફરિયાદ આવી છે કે આ જમાતી લોકો તેમના પસંદગીના ભોજનની માંગ કરી રહ્યા છે. કેટલાક જમાતી લોકો તો મેડિકલ સ્ટાફને હેરાન કરવા માટે ખરાબ અશ્લીલ હરકત કરવા લાગી ગયા હતા. ખરાબ હરકત કરવામાં આવ્યા બાદ તેમને ભારે મુશ્કેલીથી પકડી શકાયા હતા. એવા પણ સમાચાર આવ્યા હતા કે તેઓ સંપર્કમાં આવનાર લોકો પર થુંકી રહ્યા હતા. જો વિચારવામાં આવે કે કોરોના દીનદારોને પોતાના સંકજામાં લેતો નથી તો તેમને કેમ સમજાવવામાં આવે કે કોરોના કોઈ ધર્મ જાતિ જોતો નથી. તેની સામે તમામ બરોબર છે. પાકિસ્તાનમાં મૌલાના રમઝાન દરમિયાન મોટી સંખ્યામાં મસ્જિદોમાં નમાજ અદા કરવા માટે અપીલ કરી રહ્યા છે. જ્યારે કાબા અને સાઉદીની તમામ મસ્જિદો બંધ છે. ભારતમાં પણ સમજદાર લોકો તો ઘરમાં જ નમાજ અદા કરવાની બાબતને યોગ્ય ગણી રહ્યા છે. માત્ર કેટલાક લોકો જ જીદ્દી વલણ અપનાવીને મસ્જિદમાં જવા માટે પ્રયાસ કરે છે. હાલમાં સહકાર કરવામાં આવે તે જરૂરી છે.

તબીબો અને પોલીસ ટીમને સહકાર મળે તે જરૂરી છે. કોરોનાની સામે દિન રાત એક કરીને લડી રહેલા લોકોની સાથે તમામ લોકો રહે તે જરૂરી છે. કોરોનાની સામે લડાઈ તમામ લોકો સાથે મળીને લડે તે જરૂરી છે. સાથ સહકાર વગર આ લડાઈ લડી શકાશે નહીં.

સાહેબ, હવે તો ''સંવેદનશીલ સરકાર,,'',એવું સાંભળીએ ને તો ઉબકા આવવા લાગે છે!

• કોરોનામાં ઓછા ટેસ્ટીંગ કરીને રૂપાણી સરકાર કોના માટે પૈસા બચાવી રહ્યું છે.? ભાજપમાં કોઈના લગ્ન-વગ્ન કરાવવાના છે કે શું?
• શું સરકારને બીક છે કે વધુ સેમ્પલ લઈશું તો વધુ કેસો બહાર આવશે.?
• સંવેદનશીલ સરકારપ.સંવેદનશીલ સરકાર..એવું સાંભળતા સાંભળતા ગુજરાતના લોકોને હવે ઉબકા આવવા લાગ્યા છે
• વડાપ્રધાન ''એક એક નાગરિક કી જાન બચાની હૈપ''ની અપીલ કરે છે અને તંત્ર.?
• એક જ પક્ષની સરકારે ૨૫ વર્ષ એક જ કામ કર્યું- પ્રજાને ડરમાં રાખો?
• શું નિચલા સ્તરે રૂપાણી સરકારનું કોઈ સાંભળતું નથી?
• સરકાર લોકોના પૈસા લોકો માટે નહીં ખર્ચ કરે તો કોના માટે કરશે-પોપાબાઈ માટે?

ડો. અહેસાન રંગવાલા. અમદાવાદના જમાલપુર વિસ્તારમા દવાખાનુ અને નિવાસસ્થાન જુહાપુરામાં. શરદી ખાંસી થતાં ૧૦૪ પર જાણ કરી. સેમ્પલ લઈ જઈશું એમ સંવેદનશીલ સરકારના તંત્ર દ્વારા ફોન પર કહેવામાં આવ્યું. કોઈ આવ્યું નહીં. શ્વાસ લેવામા તકલીફ શરૂ થઈ. ૧૫૫૩૦૩ પર જાણ કરી. યોગ્ય પ્રતિભાવ ના મળ્યો. પરિવારમાં બે દિકરીઓ. બન્ને પરણાવેલી. એક ઉદપુર અને અક ઓસ્ટ્રેલિયામાં. પત્ની તેમની સાથે પણ તેમની જેમ જ વયોવૃધ્ધ. ૧૦૮ પર જાણ કરી. કોઈ મદદ ના મળી. છેવટે રંગવાલાનું કોરોનાની સંભવિત સારવારના અભાવે નિધન થયું. કોરોનાનો શંકાસ્પદ કેસ હતો છતાં સામાન્ય રીતે અંતિમ ક્રિયા થઈ. કોઈ સેનિટાઈઝેશ નહીં.

આ કિસ્સો સરકારની અને તંત્રની પોલ ખોલે છે કે જેઓ રોજેરોજ એમ બણંગા ફૂંકે છે કે એક ફોન કરો તરત જ મદદ માટે તંત્ર હાજર. રંગવાલા જેવા એવા કેટલાય હશે કે જેમણે સામેથી ફોન કર્યો હોય અને સારવાર ના મળી હોય. સરકાર અને તંત્ર કોરોનાના કેસો શોધવા માટે આકાશપાતાળ એક કરે છે. પરંતુ ડો. રંગવાલાએ સામે ચાલીને જાણ કરી અને પોતે ડોક્ટર છે એમ કહેવા છતાં તેમના સેમ્પલ લેવા કોઈ ના આવ્યાં. કારણ?

શું સરકારને બીક છે કે વધુ સેમ્પલ લઈશું તો વધુ કેસો બહાર આવશે અને વધુ લોકોની સારવાર કરવી પડશેપએમ કોઈ માનતુ લાગે છે. ટેસ્ટીંગના મામલે મિડિયા અને નિષ્ણાતો છેલ્લાં કેટલાય દિવસોથી રાજય સરકારનું ધ્યાન દોરીતા આવ્યાં કે ટેસ્ટીંગ વધારે કરો..સેમ્પલ વધારે લો જેથી છુપાયેલા લક્ષણો કે લોકોની સારવાર થાય. પરંતુ શું એવું થયું કે થાય છે? જવાબ ડો. રંગવાલાનો કિસ્સો છે. જો તેમના સેમ્પલ લેવામાં આવ્યાં હોત કે ૧૦૮ દ્વારા પણ મદદ મળી હોત તો રંગવાલા બચી ગયા હોત.

ગુજરાતમાં ૨૫ વર્ષથી એક જ પક્ષની સરકાર છે. લોકો પણ એક જ પક્ષની સરકારથી કંટાળી ગઈ હશે. અને પરિવર્તનનો પ્રયાસ કર્યો તો ૯૯ પર આંક ડો અટક્યો. ૨૫ વર્ષમાં ગુજરાતના માથે અનેક કુદરતી અને માનવ સર્જિત આપત્તિઓ આવી છે. કંડલાનું વાવાઝોડુ કે ભારે પૂર. ગોધરાના રમખાણો હોય કે બીજા ત્રીજા તોફાનો., ૨૫ વર્ષથી એકધાર્યું રાજ કરનાર સરકારને આવી આપત્તિઓનો સામનો કરવાનો અનુભવ હોવો જોઈએ. કોરોના પણ એક આપત્તિ છે. તેનો સામનો કરવા લોકો ભૂખ્યા રહીને પણ ઘરે બેઠા છે. પરંતુ તેમની સારવારમાં કેવી બેદરકારીઓ સામે આવીપ? મેડિકલ ઓફિસરને સરકાર સાંભળતી નથીપએવા વિડિયો વાઈરલ કરવા પડે છે. એલજીના ૩૦૦ના સ્ટાફને પોતાના ટેસ્ટીંગ માટે સરકારને હાથ જોડીને કહેવું પડે છેપ.! કોરોના પોઝીટીવના ૨૫ દર્દીઓને કલાકો સુધી કોઈ સારવાર નહીં અને હોસ્પિટલના પ્રાંગણમાં ઉભા રહેવાનું અડધી રાત્રે અને વિડિયો વાઈરલ કરવો પડે. શું આ જ છે ૨૫ વર્ષ શાસનનો અનુભવપ.? સંવેદનશીલ સરકારપ.સંવેદનશીલ સરકારપ..એવું સાંભળતા સાંભળતા ગુજરાતના લોકોને હવે ઉબકા આવવા લાગ્યા છે. કારણ કે સરકારના તંત્રમાં કોઈ સંવેદનશીલતા નથી. જો હોત તો આટલા બધા વિડિયો વાઈરલ ના થાત. હોસ્પિટલમાં કોરોના દર્દીઓને હલકી ગુણવત્તાવાળુ ભોજન મળે છેપતેનો વિડિયો વાઈરલ થાય છે. શું સરકાર દર્દીઓના ભોજન બનાવનાર કોન્ટ્રાકટરને ઓછા નાણા આપે છેપકે પછી હોસ્પિટલના ભોજન બિલમાં પણ કટકી-બટકી તો નથી ને?

સૂત્રોએ કહ્યું એક જ પક્ષની સરકારે ૨૫ વર્ષ એક જ કામ કર્યું- પ્રજાને ડરમાં રાખોપપ્રજાને પોતાના પર આધારિત રાખોપસરકાર જ માઈબાપ છે એવી છાપમાં રાખોપ..કોરોનામાં પણ એવુ જ થઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે રાજકિય સૂત્રોને. આટલી મોટી મહામારી, વડાપ્રધાન દિવસમાં અનેકવાર ટીવીમાં આવીને જાન હૈ તો જહાન હૈપએક એક નાગરિક કી જાન બચાની હૈપની અપીલ કરે છે અને તંત્ર.? ઓછા ટેસ્ટીંગ કરીને કોના માટે પૈસા બચાવી રહ્યું છેપ.? સીએમ રૂપાણી કે અમ્યુકોના સત્તાધીશો કાંઈ પોતાના ખિસ્સામાંથી કોરોના સારવારના નાણાં ખર્ચી રહ્યાં છેપ? ગુજરાતમાં ભાજપના ૨૬ સાસંદોમાંથી ૨૧ સાસંદો કરોડપતિ છે. શું તેમના પૈસાથી સરકાર ચાલી રહી છે.? સરકાર લોકોના ટેક્સના પૈસાથી ચાલી રહી છે અને દરેક સીએમ એ જાણે છે છતા કોરોનામાં ઓછા ટેસ્ટીંગ કરીને સરકાર કોના માટે પૈસા બચાવી રહી છે.,,? સવાલ કોઈ રંગવાલા કે રતિલાલનો નથી. સરકાર જે કહે છે એવું કેમ થતું નથી.?? શું નિચલા સ્તરે સરકારનું કોઈ સાંભળતું નથી?

આપત્તિ આવે ત્યારે સૌ કોઈની કસોટી થાય તેમ ૨૫ વર્ષ રાજ કરનાર પક્ષની સરકારની પણ કસોટી થઈ રહી છે. રોજ નવા નિર્ણયો લેવાય છે. સરકાર પાસે શું નથીપ.? એવા સમયે સરકારને માર્ગ બતાવનાર કે. કૈલાશનાથનને દિલ્હીવાળા આપતા ગયા છે, બુધ્ધિશાળી સનદી અધિકારીઓ છે, બુધિધિશાળી પોલીસ અધિકારીઓ છે,તો પણ સરકારની બદનામીપ.તો પણ એવી ઘટના બને કે જે સરકાર માટે કલંકરૂપ હોય. પોલીસ કન્ટ્રોલરૂમમાં મહિલા સાથે અભદ્ર ભાષામાં વાત થાય, કોરોનામાં તો પોલીસને જાણે કે ડંડા મારવાનો પરવાનો આપી દેવામાં આવ્યો હોય તે જ્યાં જુઓ ત્યા ડંડાવાળી.!! દેધનાધનપકોઈ પૂછનાર નથી.

કોરોના મહામારીમાંથી લોકોને બચાવવાની જનાબદારી ચૂંટાયેલા પક્ષની સરકારની છે. ૨૫ વર્ષ એકધાર્યું રાજ કરતાં કરતાં જાણે કે રાજકિય આગેવાનોમાં અભિમાન અને અહંકાર આવી ગયો હોય તેમ લોકો ક્યાં જશેપ? વોટ માટે લોકોને ડરાવો, લઘુમતિ વિસ્તારમાં ટ્યુશન માટે ગયેલી દિકરી હજુ પરત આવી નથી અને માતા-પિતા બંસીવાલે કે સામને હાથ જોડે છે વી જાહેરાતો ચૂંટણી સમયે બતાવી બતાવીને ડરાવો અને પછી તો અમને જ આપશે ને વોટપ જશે ક્યાં આ બહુમતિ સમાજના મતદારોપએવી એક માનસિક્તા આવી ગઈ હોય ૨૫ વર્ષ રાજ કરનાર આગેવાનોના મનમાં એમ રાજકિય સૂત્રોનું કહેવું છે.

વિજયભાઈ રૂપાણી તમે CM છો, કયારેક તમારે કડવા ઘુંટ પીને પણ આવુ બોલવુ જોઈએ નહીં

તમારી કુશળતા અને રાજય ફરી થાળે પડે તેવી અપેક્ષા સાથે વાતની શરૂઆત કરૂ છું, દેશ અને ગુજરાતમાં કોરોનાને કારણે જે સ્થિતિ નિર્માણ થઈ છે ત્યારે તમારા સહિત સમગ્ર મંત્રીમંડળ અને રાજયના સનદી અધિકારીઓ સહિત રાજયનો નાનામાં નાનો કર્મચારી પણ પોતાના જીવ જોખમમાં મુકી ગુજરાતને બચાવવા માટે કામ કરી રહ્યા છે. જેના માટે તમને અને તમારા સાથીઓને અભિનંદનને પાત્ર છે. વિશ્વ સહિત સમગ્ર દેશમાં જે સ્થિતિ નિર્માણ થઈ છે તેના માટે કોઈ એક વ્યકિત અથવા ચોક્કસ સમુહને દોષીત જાહેર કરી શકાય નહીં.

હું કઈ બાબત સ્પષ્ટ કરવા માંગુ છું, તેનાથી આપ વાકેફ હશો, આપે શુક્રવારના રોજ સોશિયલ મીડિયાના માધ્યમ દ્વારા ગુજરાતની જનતા સાથે વાત કરી હતી,જેમાં તમે ગુજરાતમાં કોરાની સ્થિતિ માટે જમાતીયોને દોષિત ગણાવ્યા હતા, તમે જે કહ્યું તે વાત સંપુર્ણ ખોટી પણ નથી, ગુજરાતમાં કોરાનાના કુલ કેસ છે તેમાં મોટી સંખ્યા જમાતીઓના સંક્રમણને કારણે છે તે સત્યને નકારી શકાય તેમ નથી, જમાતની ભુલને કારણે ખાસ કરી દેશનો મોટો મુસ્લિમ સમુદાય સીધી રીતે મુશ્કેલીમાં મુકાઈ ગયો છે, તેનાથી ખુદ મુસ્લિમ સમુદાય અને જમાતીઓને પણ સમજાઈ રહ્યું છે.

એક તરફ વિજ્ઞાન છે, બીજી બાજુ ધર્મ છે, પણ જમાતીઓએ વિજ્ઞાન ઉપર ભરોસો કરવાને બદલે ધર્મનો સહારો લીધો જેનું પરિણામ દેશના અનેક રાજયો અને શહેરો ભોગવી રહ્યા છે, જેઓ જમાતમાં ગયા અને તેમને જ સહન કરવાનું આવ્યું તેવું નથી, પણ રોજનું કમાઈ ખાતા ગરીબ મુસ્લિમો અને તેમના ગરીબ હિન્દુ પડોશીઓ પણ બન્યા છે, જમાતીઓએ જે કર્યું તે અસ્હય હતું કોઈ પણ રીતે તેમને ન્યાયી ઠેરવી શકાય નહીં, ભારતમાં કોરાના જમાતીયોની કારણે જ ફેલાયો છે, આવું અનેક લોકો બરાડી બોલે છે, જેમાં મારા મીડિયાના સાથીઓ પણ છે , તો કોઈક વખત પ્રમાણ ભાન ભુલી જાણે કોઈક રાજકીય પક્ષના પ્રવકતા હોય તે રીતે રાડો પાડે છે.

કોરાનાની સ્થિતિ માટે મહદ અંશે જમાતીયો જવાબદાર છે તે સત્યને નકારી શકાય પણ નહીં, દેશનો બહુમતી વર્ગ જેમાં હિન્દુ અને મુસ્લિમ બંન્ને આ વાત સાથે સંમત્ત છે, પણ કોરાના સામે જમાતીયો જ જવાબદાર છે તેવા નિવેદનને કારણે ફરી એક વખત દેશ અને ગુજરાતમાં હિન્દુ મુસ્લિમ વચ્ચે માનસીક અંતર ઉભુ થયું છે. જે કોરાનાના નુકસાન કરતા પણ મોટું અને ગંભીર છે. કોરાના પોતાના સમય પ્રમાણે વિદાય લેશે પણ કોરાનાને કારણે જે રીતે હિન્દુ મુસ્લિમ અલગ થશે તેનું પરિણામ કયારેય સારૂ આવશે નહીં આપણે જમાતીયો અંગે બોલીશું નહીં તો કઈ સત્ય બદલાઈ જવાનું નથી, પણ જયારે રાજયના મુખ્યમંત્રી કંઈ બોલે ત્યારે પથ્થર ઉપર કોતરેલા શબ્દો બની જાય છે.

સામાન્ય માણસ જે માને છે અને જે બોલે છે, તેવુ વિચારવાનો આપને અધિકાર છે, આપ માત્ર વિજય રૂપાણી હોત તો ઈચ્છા પડે તેમ બોલી શકતા પણ જયારે મુખ્યમંત્રી વિજય રૂપાણી તરીકે જે કઈ બોલો તેનું ખુબ મહત્વ હોય છે. જયારે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી કહે કે, ગુજરાતમાં જમાતીયોને કારણે સંખ્યા વધી છે. ત્યારે સામાન્ય માણસના મનમાં રહેલી મુસ્લિમો માટે નારાજગી અને ધૃણાની લીટી વધારે ઘાટી થાય છે. સામાન્ય હિન્દુ માણસ તેવું માનવા મજબુર થાય છે કે તે મુસ્લિમ માટે જે કઈ માને છે તેવું તેમના મુખ્યમંત્રી પણ માને છે એટલે તે જે વિચારે તે બરાબર છે.

મને બરાબર ખબર કે તમે કોરાના માટે સમગ્ર મુસ્લિમ સમુદાયને જવાબદાર માનતા નથી પણ જેઓ જમાતમાં ગયા હતા અને તેમની ભુલને કારણે જે કઈ થયું તે જમાતીયોની વાત કરો છો પણ તમે જયારે જમાતીયો એવો ઉલ્લેખ કરો છો ત્યારે સામાન્ય માણસ માટે તમામ મુસ્લિમ જમાતી બની જાય છે, સામાન્ય માણસ તો તમામ મુસ્લિમને જમાતી માની તેમનાથી પોતાને અલગ કરી તેમનો તીરસ્કાર કરતો થઈ જાય છે, તમને ગુજરાતની ચિંતા છે અને નરેન્દ્ર મોદીને દેશની ચિંતા છે, તમને જમાતીઓનું જે સત્ય સમજાયું તેનાથી નરેન્દ્ર મોદી પણ વાકેફ છે પણ નરેન્દ્ર મોદીએ તમારી જેમ નિવેદન કર્યું નહીં માની લો કે પાર્ટી લાઈન પ્રમાણે આવું નિવેદન જરૂરી હતું તો પણ ગુજરાતના મુખ્યમંત્રી પાસે તો આવી અપેક્ષા ના જ હોય.

મુખ્યમંત્રીનું પદ બહારથી ભલે ગ્લેમરસ લાગતુ હતું, પણ મુખ્યમંત્રી તરીકે જે માનસીક દબાણમાં કામ કરવું પડે છે તેનાથી વાકેફ છું, આપ આ સ્થિતિમાં તમામ ઉત્તમ પ્રયત્ન કરી રહ્યા છો તેની ના નથી છતાં આપના સોશિયલ મીડિયાના નિવેદન અંગે મારો મત આપની સામે મુકવો અનિવાર્ય લાગ્યો માટે લખી રહ્યો છું, આપની મારી તરફની નારાજગીથી વાકેફ છું પણ આપને નારાજ કરવાનો કયારેય ઈરાદો હોતો નથી, મારૂ કામ લખવાનું છે તે જ કરી રહ્યો છું, તેથી મારા તરફની નારાજગી થોડી ઘટાડી શકાય તો ઘટાડજો. બસ ગુજરાત જલદી કોરાના મુકત થાય તેવા તમારા પ્રયાસમાં ઈશ્વર તમને મદદ કરે તેવી પ્રાર્થન છે.

નાસમજ લોકોને કારણે સરકારને લોકડાઉન લંબાવવાની ફરજ પડશે કે શું....?

વિશ્વની મહાસત્તા બનવાની લ્હાયમાં ચીને કોરોનાવાયરસનો બોમ્બ વિશ્વભરના દેશો પર ફેંક્યો અને આજે વિશ્વભરના અમેરિકા સહિતના દેશોની અર્થવ્યવસ્થાને છિન્નભિન્ન કરી નાખી છે. તે સાથે ૨૮ લાખથી વધુ લોકો કોરોનાગ્રસ્ત બની ગયા છે.મૃતાક પણ ૨ લાખ પર પહોંચવાની તૈયારીમાં છે. જોકે વૈશ્વિક કક્ષાએ બહાર આવેલી વિગતો અનુસાર ચીનના વુહાનમા આવેલ બાયોલોજી લેબોરેટરી કે જેને અમેરિકા પણ ફંડ આપે છે. ચીન ૨૦૦૨ થી લઈને આજદિન સુધી વિવિધ રોગના વાઈરસ ફેલાવ્યા ચૂક્યું છે. તો કોરોના વાયરસને કાબુમાં લઈ લીધો હોવાનુ દુનિયાને બતાવે છે. પણ પ્રથમવાર મૃતાક ખોટો બતાવ્યા બાદ વિશ્વભરમાં ઉહાપોહ થતાં તેને જાણે સાચી વાત સ્વીકારી હોય તેમ મૃતાક ૫૦૦૦ જેવો બતાવ્યો પરંતુ જૂઠના બેતાજ બાદશાહ ચીનમાં બે કરોડ મોબાઈલ રીસીવ થતા બંધ થઈ ગયા કે બોલતા બંધ થઈ ગયા છે.....! તે વાત દુનિયાથી છુપાવી રાખી..... પરંતુ હવે ચીનમાં મોત ભાળી ગયેલ કેટલાકે ચીનની પરિસ્થિતિ, લોકોની હાલત અંગે બળાપો કાઢતા વિડીયો વાયરલ કરી દીધા છે.... ત્યારે એક વાત ચોક્કસ હોઈ શકે છે કે બે કરોડ મોબાઈલ ધારકોના મોત થયા હોય....! કારણ કાર્યરત ફોનની રીંગ વાગે છે કે બંધ થઈ ગયા છે.... ટૂંકમાં ચીને બે કરોડ લોકોને કોરોના વાયરસના મોતના ખપ્પરમા હોમી દીધા બાદ વિશ્વભરને કોરોના વાયરસને હવાલે કરી દીધાનું કાવતરું રચી દીધું હોવાની શંકાઓ વિશ્વભરમાં બળવત્તર બની ગઈ છે.....! ચીનમા ૨૦ કરોડ જેટલા મોબાઈલ કનેક્શન છે જેમાંથી બે કરોડ મોબાઈલ બંધ થઈ ગયા છે.... મતલબ કોરોના વાયરસ ફેલાવવા માટે ચીન જવાબદાર છે તેવી શંકાઓ વિશ્વભરમાં ફરી વળી છે.... અમેરિકા, બ્રિટન વગેરે દેશોએ ચીનમાં વાયરસ પેદા થયો હોવાનો જાહેરમાં આરોપ મુક્યો છે. તો ત્યાંના અનેક રાજયએ ચીનની લેબોરેટરી પર દાવો પણ ઠોકી દીધો છે. ત્યારે વિશ્વના દેશોએ ચીન સામે એકજૂટ થવાનો સમય પાકી ગયો છે..... પરંતુ સવાલ એ છે કે શું રશિયા જેવા સામ્યવાદી દેશો અમેરિકા સાથે એક જૂટ થવા તૈયાર થશે ખરા.....?

ભારતમાં lockdown ને કારણે કોરોના કેસોની સંખ્યા વસ્તીના પ્રમાણમાં નહિવત છે છતાં આ તો ટચિંગ કોરોનાવાયરસ છે એટલે દેશ ભરના લોકોની સમજ અને જાગૃતિ જ કોરોનાથી બચાવી શકે..... તે એક હકીકત છે. પરંતુ દેશભરમાં મોટા પ્રમાણમા લોકોના મનમા કોરોનાથી મોતનો ડર હોવા છતાં જઠરાગ્નિ ઠારવા ર્ફ્ઠાર્ફ્ઠહ સમયમાં બહાર ખરીદવા નીકળી પડે છે ત્યાં ખરીદનાર લોકો પૈકી મોટી સંખ્યામાં લોકો ર્ફ્ઠાર્ફ્ઠહ શરતોનો ભંગ કરે છે...!ડિસ્ટન્સ જાળવતા નથી તો માસ્ક પણ બાંધતા નથી... હવે તો કોરોના વાયરસ પોતાનું સ્વરૂપ બદલીને માનવ શરીરમાં ગુમનામ બની ફરી રહ્યો છે... શરૂમાં તેના લક્ષણો દેખાતા પરંતુ હવે....પોઝિટીવ હોવા છતાં વ્યક્તિ સાદો તાજો ફરતો રહે છે.. જેથી કોરોનાની સંખ્યા દેશભરમાં વધતી જઈ રહી છે. ભારતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૪ હજારને પાર કરી ગઈ છે. તો મૃતાક ૭૮૦ ને આબી ગયો છે. જયારે પાકિસ્તાનમાં જેટ ગતિએ કોરોનાગ્રસ્તોનો આંક ૧૧ હજાર પાર કરી ગયો છે જ્યારે મૃતાક ૨૪૦ પહોંચી ગયો છે..ત્યા લોક ડાઉન હટાવવા માટે કટ્ટરવાદીઓ અને લોકો દ્વારા ભારે ઊહાપોહ શરૂ થઈ ગયો છે. ત્યાંના મીડિયામાં પણ બે ભાગ પડી ગયા છે એક ભાગ સરકાર તરફી અને એક ભાગ કટ્ટરવાદીઓ તરફી પણ પાક.ના તજજ્ઞોના કહેવા અનુસાર જુલાઈ સુધીમાં મૃતાક ૫૦ હજારને પાર કરી જશે.... કારણ lockdown નિયમોનું ઉલ્લંઘન સતત થઈ રહ્યું છે....!

ગુજરાત, તમિલનાડુ, મહારાષ્ટ્ર, તેલંગણામાં અતિ ઝડપે કોરોનાગ્રસ્તોની સંખ્યા વધી રહી છે. તેમાં પણ ગુજરાતના અમદાવાદ અને સુરતને hotspot જાહેર કરવાની નોબત આવી છે. lockdown નુ ચુસ્તપણે પાલન થતું નથી. તો કર્ફ્યુ વિસ્તારોમા થોડા કલાકની છૂટ અપાતા માણસો કીડીયારાની જેમ જીવન જરૂરી શાકભાજી સહિત અનાજ કરિયાણું વગેરે ખરીદવા તૂટી પડે છે. તેમાં પણ અનેકો માસ્ક તો પહેરતાજ નથી પરંતુ ડિસ્ટન્સ પણ રહેતું નથી.. તેના કારણે પરિણામો ભયાનક આવવાની દહેશત તંત્રમાં ફરી વળી છે. પોલીસો lockdown નિયમનું પાલન કરાવવા અથાગ પ્રયત્નો કરે છે પરંતુ માનવી શાનો...? ઉપરાંત રાજયભરના નક્કી કરેલા વિસ્તારોના ઉદ્યોગો, કારખાના, ધંધા-રોજગાર ધમધમતા કરવા સરકારે અગત્યનુ પગલુ ભર્યું છે પરંતુ લોકો ડિસ્ટન્સ જાળવતા નથી તો માસ્ક બાંધવાથી પણ દૂર રહે છે.... પરિણામે અમદાવાદ મનપા કમિશનરશ્રીએ પણ કહેવું પડ્યું કે જો આવી પરિસ્થિતિ રહેશે તો ૧૫ મી મે સુધીમાં ૫૦ હજાર કેસો નોંધાઈ શકે છે. જોકે તંત્ર જે રીતે ઓરેન્જ વિસ્તારો અને રેર્જે નજીકના વિસ્તારોમાં સેનેટાઈઝર કરવામા અર્ધ સફળ રહ્યુ છે તો શાકભાજી વેચાણ કરતા છૂટક વેપારીઓ માટે ડિસ્ટન્સ સ્પોટ નક્કી કરીને તેમને લારી વગેરે સાથે વેપાર કરવાની છૂટ હોવી જોઈએ તે કરી નથી. સરકારની અનાજ સહિતની અનેક સહાયની જાહેરાતો છતાં અનેક લોકો પેટનો ખાડો પુરવા રખડી રહ્યા છે. આ બધું છતાં લોકોની જીદગીની સલામતી માટે લોકડાઉન લંબાવવું જરૂરી છે... અને સરકારને lockdown લંબાવવાની ફરજ પડી શકે છે.....! વંદે માતરમ્

કોરોના સારવાર અને ટેસ્ટીંગ માટે ખાનગી લેબ અને હોસ્પિટલોનો ઉપયોગ કરવો જરૂરી

કોરોના... કોરોના... કોરોના... છેલ્લાં બે મહિનાથી ગુજરાત અને દેશના લોકો કોરોના નામથી એવા ભડકે છે કે કોઈ ખાલી કો...બોલે તો તરત જ તે શબ્દ કોરોના જ છે એમ માની લે છે...!! રૂપાણી સરકાર વતી સચિવ જયંતિ રવિએ કોરોના સામે હજુ બે મહિના જંગ લડવાની હાકલ કરી છે. અમદાવાદના મ્યુનિ. કમિશ્નર વિજય નેહરા વળી રવિથી બે ડગલા આગળ જઈને કહે છે કે એકલા અમદાવાદમાં ૧૫ મે સુધીમાં ૫૦ હજાર કેસો થઈ શકે....યાદ રહે કે આ પ્રકારની જાહેરાતો ચૂટણીના સમયે સહેલાઈથી મળતાં આગેવાનો કે સરકારના મુખિયા વિજય રૂપાણી કે આરોગ્ય મંત્રી નીતિન પટેલે કરી નથી. તેઓ આવી મહત્વની અને ૬ કરોડની વસ્તીને સ્પર્શતી જાહેરાત પોતે કેમ કરતાં નથી અને અધિકારીઓને કેમ આગળ કરે છે તે પણ પોલીટીકલ સાયન્સના વિદ્યાર્થીઓ માટે એક સંશોધનનો વિષય હોઈ શકે. કોરોનાના કેસો વધી રહ્યાં છે. સરકાર પગલા લઈ રહ્યાં છે. છતાં રોગ કાબુમાં આવતો નથી. આ અંગે જીએનએસ દ્વારા કેટલાક તબીબ નિષ્ણાતો સાથે વાતચીત કરીને તેમણે જે ઉપાયો સૂચવ્યાં તેનો જો અમલ કરવામાં આવે તો ટેસ્ટીંગની માત્રા વધશે, કોરોનાના છુપા દર્દીઓ હાથમાં આવશે પરિણામે બીજાને ચેપ લાગતો અટકશે અને ખૂબ ઝડપથી કોરોનાના ચેઈન તોડવામાં સરકાર સફળ થઈ શકે.

તબીબોએ જે સૂચનો કર્યાં છે તે મુજબ એક તો, કોરોના વાઈરસની ચેઈન એટલે કે સાંકળ કે કડી તોડવી જરૂરી છે. એક પોઝીટીવ બીજાને અને બીજો ત્રીજાને ચેપ ફેલાવે તે થઈ સાંકળ. પણ જો પહેલાને કે બીજાને શોધી કાઢવામાં આવે તો આ સંકળ આગળ વધતી અટકે. અને તે માટે ટેસ્ટીંગની માત્રા વધારવી પડે. સરકાર પાસે સરકારી હોસ્પિટલોની એક મર્યાદા છે. પણ જો ખાનગી હોસ્પિટલો કે જે સારામાં સારી લેબ સાથે સુસજ્જ છે. હાલમાં લોકડાઉન અને કોરોનાને લીધે ખાનગી હોસ્પિટલો ઈમરજન્સી સિવાય ખાલી છે. સરકાર તેમની સાથે કરાર કરે. રૂમ ચાર્જ નક્કી કરે. ટેસ્ટીંગના દર નક્કી કરે અને કોરોના પોઝીટીવના દર્દીઓને સરકારી હોસપિટલોમાં જગ્યા ના હોય તો ભાડે રખાયેલી ખાનગી હોસ્પિટલોમાં મોકલે. જયાં ટેસ્ટીંગ થશે અને સારવાર થશે. સરકાર કોરોના સારવારના દર નક્કી કરે અને પેશન્ટ દીઠ ચૂકવે. તેમાં પારદર્શકતા રાખવામાં આવે. જેથી સરકાર કે હોસ્પિટલો સામે કોઈ આંગળી ના ચિંધે.

સરકાર પાસે ઈમરજન્સીમાં આવી હોસ્પિટલો સંપાદિત કરવાની કાયદાકિય સત્તા છે. પણ જો ફાઈસ્ટાર પ્રકારની કે સારામાં સારી સુવિધા ધરાવનાર મલ્ટી સુપર સ્પેશ્યાલીટી વાળી હોસ્પિટલો સામે ચાલીને સરકાર સાથે જોડાય તેવા પ્રયાસો સરકાર કરે તો તે સાનુકૂળ રહેશે. તેમની સાથે એક પેશન્ટને સારવાર કરવાના કિફાયતી દર સરકાર નક્કી કરે. જો તેમ થાય તો અમદાવાદ અને ગુજરાતમાં સેંકડો હોસ્પિટલોના હજારો બેડ અને લેબનો લાભ સરકારને મળે. ખાનગી હોસ્પિટલો પણ કોરોના જંગમાં પોતાનું યોગદાન આપી શકે. ઉપરાંત, અમદાવાદ સહિત નાના શહેરોમાં સારી સુવિધા ધરાવતી લેબોરેટરીઓ છે. તેમાંથી માપદંડ પ્રમાણેની લેબ પસંદ કરીને કોરોનાના ટેસ્ટીંગની માન્યતા આપે તો સરકારી લેબ પરનું ભારણ ઘટશે અને ખાનગી લેબને આવક પણ થશે. જો કે ટેસ્ટીંગના પૈસા દર્દીને બદલે સરકાર ચૂકવે. સરકાર તેના વાજબી દર નક્કી કરે અને તેમને જંગમાં સામેલ કરે તો હજારો લેબમાં રોજેરોજ હજારોની સંખ્યાંમાં ટેસ્ટીંગ થશે. હાલમાં જે રોજના ૩ હજાર ટેસ્ટીંગની ક્ષમતા છે તેમાં વધારો થતીં પોઝીટીવ પેશન્ટને શોધી કાઢવામાં ઝડપ આવશે અને તેમ કરતાં કોરોનાની ચેઈન તોડવામાં સફળતા મળી શકે. હાલમાં આવી લેબ લોકડાઉનમાં બંધ છે ત્યારે તેમને પણ આવક મળશે. અને ટેસ્ટીંગના અભાવે જે સંભવિત કોરોના પોઝીટીવ લોકો ખુલેઆમ ફરી રહ્યાં છે, તેમાંથી ઘણાને ખબર પણ નહીં હોય કે તેમનામાં કોરોનાના લક્ષણો છે, એવા લોકોના ટેસ્ટીંગથી કોરોની ચેઈન તૂટશે, કોરોના ભાગશે.



● તો સરકારને ખાનગી હોસ્પિટલોના હજારો બેડ અને લેબની મળશે સુવિધા

● નાના નાના શહેરો સુધી કાર્યરત પણ હાલમાં બંધ ખનગી લેબને સોંપી શકાય ટેસ્ટીંગની કામગીરી,..ઝડપ આવશે-કોરોનાની ચેઈન તૂટશે!

● ટેસ્ટીંગની માત્રા વધશે, કોરોનાના છુપા દર્દીઓ હાથમાં આવશે. પરિણામે એવા લોકોના ટેસ્ટીંગથી કોરોની ચેઈન તૂટશે, કોરોના ભાગશે..

● કોરોનાથી લોકોને બચાવવા ખાનગી હોસ્પિટલો કે ખાનગી લેબની સેવામાં ૨૦૦ કરોડ વપરાઈ જાય તો પણ તેનો કોઈ વિરોધ નહીં થાય....

નિષ્ણાતોનું માનવુ છે કે સરકારે સંખ્યાંબંધ કોરોના હોસ્પિટલો તૈયાર કરી છે. રોજ ૨૦૦ કેસો વધી રહ્યાં છે. ૨૦૦ કેસ એટલે ૨૦૦ દર્દીઓ અને ૨૦૦ દર્દીઓ એટલે ૨૦૦ પથારીઓ કે બેડની વ્યવસ્થા કરવી પડે. ૧૨૦૦ બેડની હોસ્પિટલમાં જગ્યા નથી. તેથી સરકારે આ જંગમાં ખાનગી હોસ્પિટલોની અને ખાનગી લેબની મદદ લેવી જોઈએ. નમસ્તે ટ્રમ્પમાં ૨૦૦ કરોડ ખર્ચાયા. પ્રજામાંથી કોઈએ વિરોધ કર્યો નહોતો. કોરોનાથી લોકોને બચાવવા ખાનગી હોસ્પિટલો કે ખાનગી લેબની સેવામાં ૨૦૦ કરોડ વપરાઈ જાય તો પણ તેનો કોઈ વિરોધ નહીં થાય. કારણ કે ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ કહ્યું છે, જાન હૈ તો જહાન હૈ....જાન ભી બચાના હૈ, જહાન ભી બચાના હૈ....!

કોહલી અને ડિવિલિયર્સ બેટ અને અન્ય સામાનની કરશે હરાજી

લોકડાઉનમાં બંને દેશોના જરૂરિયાત મંદોને ભોજનમાં કરશે મદદ

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન વિરાટ કોહલી અને દક્ષિણ આફ્રિકાનો પૂર્વ બેટ્સમેન એબી ડિવિલયર્સે ૨૦૧૬માં આઈપીએલની મેચ દરમિયાન જે બેટથી સદી ફટકારી હતી, તેની હરાજી કરીને કોવિડ-૧૯ મહામારી સામે લડવા ફંડ એકત્રા કરશે. ગુજરાત લાયન્સ સામે રમાયેલી મેચમાં બંને ખેલાડીઓ દ્વારા સદી ફટકારવામાં આવી હતી.

આ બંને બેટ્સમેનો બેટ ઉપરાંત ક્રિકેટના અન્ય સામાનની હરાજી કરશે. જેમાં ગુજરાત લાયન્સ સામે રમાયેલી તે મેચમાં ઉપયોગમાં લેવામાં આવેલા ગ્લોવઝ, ટી-શર્ટ પણ સામેલ છે. કોહલી અને ડિવિલિયર્સ બંનેની સદી વડે રોયલ ચેલેન્જર્સે ૩ વિકેટના નુકસાન પર ૨૪૮ રનનો સ્કોર બનાવ્યો હતો. આરસીબીએ આ મેચ ૧૪૪ રનનતી જીતી હતી.

ડિવિલિયર્સે ઈન્સ્ટાગ્રામ ચેટમાં કોહલીને કહ્યું, અમે એક સાથે સારી ઈનિંગ રમી હતી. ગુજરાત લાયન્સ સામે ૨૦૧૬માં આઈપીએલની તે મેચ ખાસ હતી. મેં ૧૨૯ રન બનાવ્યા હતા અને તે ૧૦૦નો સ્કોર કર્યો હતો. બે બેટ્સમેનો ટી-૨૦માં સદી ફટકારે તેવું હંમેશા થતું નથી. તેથી મારા માટે આ યાદગાર છે. હું વિચારતો હતો કે આપણે સંકટના સમયમાં કેવી રીતે મદદ કરી શકીએ. તેથી મેં મેચમાં ઉપયોગમાં લેવાયેલા બેટ, ગ્લોવઝ અને ટી શર્ટ હરાજી કરવાનો નિર્ણય છે. હું મારી આ વસ્તુની સાથે તારા બેટ ઉપરાંત ગ્લોવઝની હરાજી કરીને ભંડોળ એકત્ર કરવા માંગુ છું. ડિવિલિયર્સે કહ્યું, આ વસ્તુઓની ઓનલાઈન હરાજી કરીને બંને દેશોના જરૂરિયાતમંદો માટે ભોજનનો પ્રબંધ કરવામાં મદદ કરી શકીએ છીએ.

રમઝાનના અવસર ને લઈ ઈરફાન પઠાણનો સંદેશ

આ રમઝાન આપણી ઈબાદતમાં વધારો કરવાની તક

નવી દિલ્હી

ટીમ ઈન્ડીયાના પૂર્વ ક્રિકેટર ઈરફાન પઠાણ એ રમઝાનની મુબારકબાદ આપી છે. આ સાથે જ તેમણે દેશના લોકો માટે એક સુંદર સંદેશો આપ્યો છે. ઈરફાન પઠાણે સોશિયલ મીડિયા પર કહ્યું છે કે ''ઘણા લોકો વાત કરી રહ્યા છે કે આ વખતે રમઝાનનો મહીનો ખૂબ મુશ્કેલીથી પસાર થવાનો છે, આ રબ તરફથી પરીક્ષા છે.'' ઈરફાને પઠાણે આગળ કહ્યું 'એવું નથી મારા મિત્રો, પરંતુ આ વખતે રમઝાન મહિનો આપણા માટે તક લાવીને આવ્યો છે. આપણી ઈબાદતમાં વધારો કરવની. આપણે હંમેશા કામમાં વ્યસ્ત હોઈએ છીએ, અને જો કામમાં રહીને રોઝા રાખીએ છીએ તો ઈબાદતોમાં થોડો ઘટાડો થાય છે. અથવા એટલી સારી રીતે ઈબાદત કરી શકતા નથી જેટલી સારી રીતે આપણે કરવી જોઈએ.

ઈરફાને એ પણ કહ્યું કે લોકડાઉન વખતે આપણે ઘરમાં જ રહીશું, જો આપણે ઘરમાં રહીશું તો આપણી પાસે ઈબાદત કરવાનો સમય ખુબ હશે, વધુ નમાઝ અને કુરાફ શરીફ વાંચવાનો, હદીસે સાંભળી તેના પર અમલ કરવાનો, સારા કામ કરવાનો અને પોતાની ઈચ્છાઓ પર કાબૂ કરવાનો. રોઝાનો સૌથી મોટું પાસુ ભૂખ્યા રહેવું હોતું નથી, પરંતુ પોતાની ઈચ્છાઓ પર કાબૂ રાખવાનો હોય છે, રોઝા આંખોના હોય છે, જુબાનના હોય છે, જિસ્માની રોઝા, રૂહાની રોઝા.

અંતમાં ઈરફાન પઠાણે કહ્યું કે આનાથી સારી રમઝાન ન ક્યારેય આવી છે અને ન ક્યારેય આવશે. જો આપણે આ વિચારસણી સાથે રોઝા રાખીશું તો આ રમઝાન મહિનો ખૂબ સુંદર રીતે પસાર થશે. સ્પષ્ટ છે કે ઈરફાને આ મેસેજ આપવાનો પ્રયત્ન કર્યો છે કે ઘરમાં જ રહીને ઈબાદત કરવી સારું છે, કારણ કે બહાર કોરોના વાયરસનો ખતરો છે. ઈરફાન પહેલાં પણ ખતરનાક બિમારીને લઈને સાવધાન રહેવાની સલાહ આપી ચૂક્યા છે.


કૌન બનેગા કરોડપતિ'ની નવી સિઝનમાં બીગ B ની ભૂમિકાને લઈ ઉભા થયા સવાલ

મુંબઈ

દેશભરમાં ત્રણ મે સુધી લૉકડાઉન વધારવામાં આવ્યું છે. ફિલ્મ તથા ટીવી સિરિયલ્સના શૂટિંગ ૧૯ માર્ચથી બંધ છે. લૉકડાઉનની વચ્ચે ચર્ચા થઈ રહી છે કે અમિતાભ બચ્ચનનો શો 'કૌન બનેગા કરોડપતિ'ની ૧૨મી સિઝન આવશે. ઉલ્લેખનીય છે કે આ શોની ૧૧મી સિઝન ચાહકોમાં ઘણી જ લોકપ્રિય થઈ હતી. આ શો ટીઆરપી રિપોર્ટમાં ટોપ ફાઈવમાં રહેતો હતો. ચાહકો આ શોની આગામી સિઝનની આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે. હાલમાં જ સોની ટીવીએ અચાનક જ ત્રણ શો બંધ કરવાની જાહેરાત કરી હતી, જેમાં 'બેહદ ૨', 'પટિયાલા બેબ્સ' તથા 'ઈશારો ઈશારો મેં' સામેલ છે.

આ શો અધવચ્ચેથી બંધ કરી દેવામાં આવ્યા છે. લૉકડાઉન બાદ આ શોનું શૂટિંગ શરૂ કરવામાં આવશે નહીં. સૂત્રોના મતે, અમિતાભ બચ્ચનના શોનું શૂટિંગ શરૂ કરવામાં આવશે. આમ પણ એપ્રિલમાં 'કેબીસી'નું રજિસ્ટ્રેશન શરૂ થવાનું હતું પરંતુ હાલમાં થઈ શક્યું નથી. લૉકડાઉન બાદ આ શરૂ કરવામાં આવશે, તેમ માનવામાં આવે છે. અમિતાભ બચ્ચને ગયા વર્ષે બ્લોગ પર પોતાની બીમારી અંગે વાત કરી હતી અને કહ્યું હતું કે ડોક્ટર્સે તેમને આરામની સલાહ આપી હતી. જોકે, ડોક્ટર્સની આ વાત અવગણીને બિગ બીએ 'કેબીસી ૧૧'ના ત્રણ એપિસોડ એક જ દિવસે શૂટ કર્યા હતાં. 'કેબીસી ૧૧'ના ત્રણ એપિસોડનું શૂટિંગ એક સાથે કરવું, તેનો અર્થ એમ છે કે તેમણે ૧૮ કલાક સુધી કામ કર્યું હતું. નોંધનીય છે કે આ શો વર્ષ ૨૦૦૦થી શરૂ કરવામાં આવ્યો હતો. અત્યાર સુધીમાં આ શોની ૧૧ સિઝન પ્રસારિત કરવામાં આવી છે. માત્ર ત્રીજી સિઝન શાહરુખ ખાને હોસ્ટ કરી હતી. બાકીની તમામ સિઝન અમિતાભ બચ્ચને હોસ્ટ કરી હતી.

કોરોના વાયરસ પર બનેલી દુનિયાની પહેલી ફિલ્મ 'કોરોના જોમ્બીઝ' રિલીઝ



મુંબઈ

કોરોના વાયરસના લીધે આખી દુનિયામાં દહેશતનો માહોલ બન્યો છે. દરેક બિઝનેસ અત્યારે ઠપ થઈ ગયા છે કારણ કે દુનિયાના મોટાભાગના વિસ્તારોમાં લોકડાઉનનો માર જોવા મળી રહ્યો છે. એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીઝ પર પણ તેની ખરાબ અસર પડી છે. લાંબા સમયથી કોઈ ફિલ્મ રિલીઝ થઈ નથી. પરંતુ હવે એક ફિલ્મ રિલીઝ થઈ ગઈ છે. તે પણ કોરોના વાયરસ ઉપર જ. અમે વાત કરી રહ્યા છે ચાર્લ્સ બેન્ડ નિર્દેશિત ફિલ્મ 'કોરોના જોમ્બીઝ'. આ ફિલ્મને ડિજીટલ પ્લેટફોર્મ પર ૧૦ એપ્રિલના રોજ રિલીઝ કરી દીધી છે. ફિલ્મની સ્ટારકાસ્ટ ખૂબ નાની છે અને ફિલ્મ બનાવતા સમયે સોશિયલ ડિસ્ટેંસિંગનું સંપૂર્ણપણે ધ્યાન રખાયું છે.

ફિલ્મમાં દેખાડાયું છે કે લોકો કોરોનાનો શિકાર તો થઈ રહ્યા છે પરંતુ મર્યા બાદ જોમ્બી બની જાય છે. હવે આમ કરીને ડાયરેકટરે બસ આ ફિલ્મને હોરર તરીકે જ પીરસવાની કોશિષ કરી છે. હવે તેઓ આ કામમાં કેટલાં સફળ થાય છે એ તો તમને ફિલ્મ જોઈ ખબર પડશે. આપને જણાવી દઈએ કે ફિલ્મમાં કેટલાંય રિયલ ફૂટેજનો ઉપયોગ કરાયો છે. કોરોનાને લઈ મોટા-મોટા નેતાઓની પત્રકાર પરિષદને ફિલ્મનો હિસ્સો બનાવાઈ છે. ફિલ્મમાં દેખાડ્યું છે કે આ કોરોના જોમ્બીથી લડવા માટે એક પ્રેસિડન્ટ કોરોના સ્કોડની રચના કરાઈ છે. આ સ્કોડ માત્ર કોરોના વાયરસના જડને શોધવાની કોશિષ જ કરતાં નથી પરંતુ એ જોમ્બીઝ સામે પણ લડાઈ કરે છે. હવે આપને જણાવી દઈએ કે આ ફિલ્મમાં માત્ર ત્રણ જ કલાકારો લેવામાં આવ્યા છે. માત્ર એટલું જ નહીં આ ફિલ્મમાં બીજી બે ફિલ્મોને પણ જોડવામાં આવી છે. અમે વાત કરી રહ્યા છીએ હેલ ઓફ ધ લિવિંગ ડેડ અને જોમ્બીઝ દ્વજ સ્ટ્રિપર્સની. આ બે ફિલ્મોના ફૂટેજ આ ફિલ્મમાં જોઈ શકાય છે. આ બંને ફિલ્મોને જોડ્યા બાદ ફિલ્મની કુલ લંબાઈ એક કલાકની થઈ છે. આપને જણાવી દઈએ કે કોરોના જોમ્બીઝના શુટિંગને માત્ર ૨૮ દિવસમાં અંજામ અપાયો છે. કોરોના જોમ્બીઝને દરેક લોકો ડિજીટલ પ્લેટફોર્મ 'ફૂલ મુન ફીચર્સ' પર જોઈ શકે છે. ફિલ્મમાં કોરોનાનું નવું રૂપ દેખાડ્યું છે જે વાસ્તવિકતાથી ચોક્કસ દૂર છે પરંતુ લોકો માટે નવો અનુભવ છે.

લોકડાઉન એક્ટિવિટીમાં હવે નુશરત ભરૂચા માતા સાથે રમી લોકડાઉન ટેસ્ટ

મુંબઈ

લોકડાઉનમાં નુશરત ભરૂચા પરિવાર સાથે સમય પસાર કરી રહી છે. માતા અને દાદી સાથે શાકભાજી સાફ કરતી, દાદી પાસે તેલ માલિશ કરાવી લાડ કરતી દેખાઈ હતી. હવે નુશરતે માતા સાથે લોકડાઉન ટેસ્ટ રમી છે. તેણે ટ્રેન્ડિંગ ચેલેન્જ વ્હુ ઈઝ મોર લાઈકલી ટુ ના આન્સર આપ્યા હતા. નુશરતે તેની માતા સાથે આ ગેમ રમી વીડિયો અપલોડ કરી લખ્યું કે, બૈઠે બૈઠે ક્યા કરે, કરના હૈ કુછ કામ, શુરુ કરે લોકડાઉન ટેસ્ટ લેકે ક્વોરન્ટીન કા નામ.

વીડિયોમાં બંને માતા દીકરી કોણ લોકડાઉનને ખરેખર એન્જોય કરી રહ્યું છે? કોણ રેગ્યુલર એક્સરસાઈઝ કરે છે? કોણ ઘરના કરિયાણાનું ધ્યાન રાખે છે? કોણ ફોન વધુ યુઝ કરે છે? કોણ ફેન્ડ્સ અને ફેમિલી સાથે વીડિયો કોલ વધુ કરે છે? કોણ વાસણ સાફ કરવાથી ભાગે છે? કોણ રિમોટને વધુ કન્ટ્રોલ કરે છે વગેરે જેવા સવાલ હતા. બંનેએ ઊંઘ પૂરી ન થવાના સવાલમાં ખુદને પોઈન્ટ આઉટ કર્યા હતા. નુશરત ઘરે રહીને સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરતી રહેતી હોય છે. અગાઉ તેણે વર્કઆઉટ, રસોઈ વગેરેના વીડિયો શેર કર્યા હતા. નુશરત તેની પેટ કેટ સાથેના ફોટોઝ પણ ઈન્સ્ટા સ્ટોરીમાં શેર કરતી રહે છે.

ચીની આફત સામે લડી રહ્યો છે દેશ, ત્યારે

કાર્તિક આર્યન અને એકતા કપૂર ટિકટોક અને ઝુમએપનો વપરાશ કરી રહ્યાની ચર્ચા

મુંબઈ

ફક્ત બોલીવૂડના કલાકારો જ નહીં પરંતુ સામાન્ય જનતા પણ ટિક ટોક અને ઝુમ એપનો બિનધાસ્ત ઉપયોગ કરીને આનંદ ઉઠાવી રહી છે. પરંતુ આ બન્ને એપ ચીનના હોવાથી સમજુ લોકો આનો વપરાશ ન કરવાની સલાહ આપી રહ્યા છે. તેવામાં કાર્તિક આર્યન અને એકતા કપૂર ટિકટોક અને ઝુમએપનો વપરાશ કરી રહ્યાની ચર્ચા થઈ રહી છે.

વાત એમ બની છે કે, હાલ કાર્તિક આર્યનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ટિકટોક પરથી પ્રસારિત થતા આ વીડિયોનો લોકો આનંદ ઉઠાવી રહ્યા છે. પરંતુ ચોક્કસ લોકો આની વિરુદ્ધ છે. કહેવાય છે કે, ટિકટોક ચીનની કંપની છે, હાલ ચીન કોરોના વાયરસ ફેલાવાનું મુખ્ય મથક બન્યુ હોવાથી લોકો ચીનની વસ્તુઓનો ઉપયોગ નહીં કરવાની સલાહ આપી રહ્યા છે.

એક વાત એવી પણ છે કે, ટિક ટોક સાથે જોડાયેલા ચીનના લોકો ભારતીય મનોરંજન ઈન્ડ્સ્ટ્રીને પૈસા આપીને પોતાના આ એપનો પ્રચાર કરાવી રહ્યા છે, પોતે આ રીતે કમાણી કરી રહ્યા છે. ટચૂકડા પડદાના કશાલ ટંડને પણ ટિકટોકનો વિરોધ કર્યો છે. તો આ બાજુ એકતા કપૂરે મુંબઈની મીડિયા અને ટીવી જગતના મોટા ભાગના કલાકારોને સાંજે ઝૂમ વીડિયો કોન્ફરન્સનું આમંત્રણ આપ્યું હતું. ઘણા પત્રકારોએ પોતાના મોબાઈલ અને લેપટોપ પર ઝૂમ એપ્લિકેશનને ડાઉનલોડ કરવાનો ઈનકાર કર્યો હતો. પરિણામે એકતા આ કોન્ફરન્સમાં સામેલ થવાની ન હોતી.પરંતુ ટચૂકડા પડદાના એક ડઝનથી પણ વધુ એકટર્સો જૂમ એપના પ્રચાર માટે તૈયાર થયા હોવાની વાત છે. ઝૂમ એપ અમિરેકાની કંપનીનું હોવાનું કહેવાય છે પરંતુ તેનું સર્વર ચીનમાં છે તેમજ વ્યક્તિગત ડાટા ચોરી થવાના પણ પ્રયાસ થઈ શકે હોવાનો ભય છે. હવે મોટા ભાગના ભારતીયોએ માઈક્રોસોફ્ટ અથવા ગુગલ એપનો ઉપયોગ કરવાનું શરૂ કરી દીધું છે.

કોરોના સામેની જંગમાં અભિનેત્રી વિદ્યા બાલને ૧૦૦૦ PPE કિટ ડોક્ટર્સ માટે આપી

કોરોના વાઈરસ સામે જંગ લડવા માટે ડોક્ટર્સ અને મેડિકલ સ્ટાફને પૂરતી સુરક્ષાની જરૂર રહે છે. તેઓને ઈન્ફેક્શનથી બચવા માટે પીપીઈ (પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપ્મેન્ટ) કિટની જરૂર પડે છે. વિદ્યા બાલને ભારતની હોસ્પિટલના ડોક્ટર્સ અને સ્ટાફને કુલ ૧૦૦૦ પીપીઈ કિટ્સ ડોનેટ કરી છે. તેણે આ સિવાય અન્ય ૧૦૦૦ કિટ્સ માટે પૈસા એકઠા કરવાની શપથ પણ લીધી છે. વિદ્યા બાલને વીડિયો શેર કરીને સમગ્ર માહિતી જણાવી છે કે, હાલ ડોક્ટર્સ, નર્સ અને વોર્ડ બોય્ઝ માટે પીપીઈ (પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપ્મેન્ટ) કિટની અછત છે.

તેઓ સતત દર્દીઓના સંપર્કમાં રહે છે અને જો એક પણ સ્ટાફ મેમ્બરને ચેપ લાગે તો ૮-૧૨ લોકોના આખા સ્ટાફે ૨થી ૩ અઠવાડિયાં સુધી ક્વોરન્ટીનમાં રહેવું પડે છે. જેને કારણે હોસ્પિટલ યોગ્ય રીતે કામગીરી કરી શકતી નથી. હું અંગત રીતે ૧૦૦૦ કિટ્સ સમગ્ર દેશના હોસ્પિટલ અને મેડિકલ સ્ટાફને ડોનેટ કરી રહી છું. હું અન્ય ૧૦૦૦ કિટ્સ માટે પૈસા એકઠાં કરવાની શપથ પણ લઉં છું. જો તમે આ ઉમદા કામમાં ફાળો આપશો તો હું તમને આભારનો એક પર્સનલ વીડિયો મેસેજ મોકલીશ.

ખર્ચ કેટલો વગેરે વિશે માહિતી આપતા વિદ્યા બાલને કહ્યું કે, દરેક પીપીઈ કિટમાં કવરઓલ લેમિનેટેડ અને વોટરપ્રૂફ નાઈટ્રાલ ગ્લવ્ઝ, ગોગલ્સ, ફેસ શિલ્ડ, ૩ પ્લાય સર્જિકલ માસ્ક અને શૂ કવર હશે. આ કિટની કિંમત ૬૫૦ રૂપિયા છે અને આમાં લોજિસ્ટિક ખર્ચ અને ટેક્સ સહિત તમામ ખર્ચનો સમાવેશ થઈ જાય છે. ટ્રીંગની વેબસાઈટ પર જઈને તમે ડોનેટ કરી શકો છો. થોડા દિવસ પછી તમે ડોનેટ કરેલ કિટ કઈ હોસ્પિટલ પહોંચાડવામાં આવી છે તેની માહિતી શેર કરવામાં આવશે. અગાઉ શાહરુખ ખાને મહારાષ્ટ્ર સરકારને કુલ ૨૫,૦૦૦ પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપ્મેન્ટ કિટ્સ ડોનેટ કરી હતી.

લોકડાઉનમાં અખાત્રીજે અંબાજી મંદિરના દર્શનના સમયમાં કરવામાં આવ્યો ફેરફાર

બનાસકાંઠા

રાજ્યમાં કોરોના વાયરસનો કાળો કહેર વર્તાઈ રહ્યો છે. સમગ્ર રાજ્ય સહિત દેશમાં લોકડાઉન ચાલી રહ્યું છે. જેના કારણે હાલ ગુજરાતના ધાર્મિક મંદિરો સહિત અનેક બંધ કરવાનો સમય આવ્યો છે. ત્યારે આવતીકાલ એટલે કે અખાત્રીજે બનાસકાંઠાના અંબાજી મંદિરના દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. તો વળી, આવતીકાલથી બપોરના સમયે પણ આરતી થવાની છે. માનવામાં આવે છે કે કાળઝાળ ગરમીમાં માતાજીને દિવસ દરમ્યાન ત્રણ સમય કપડાને શણગાર બદલવામાં આવે છે. સવારે માતાજીના બાલ્યાવસ્થા, બપોરે યૌવન અવસ્થા અને સાંજે પ્રૌઢ અવસ્થાના દર્શન થશે. અંબાજી મંદિર સવારે સાડા અગીયારે બંધ થતુ હતું. તેના બદલે પોણા દશ વાગ્યે જ બંધ થઈ જશે.



આખાત્રીજથી અષાઢી એકમ સુધી દર્શન સમયમા ફેરફાર

- સવારે આરતી ૭:૦૦ થી ૭:૩૦
- સવારે દર્શન ૭:૩૦ થી ૧૦:૪૫
- રાજભોગ ૧૨:૧૫
- બપોરે આરતી:- ૧૨:૩૦ થી ૧:૦૦
- બપોરે દર્શનઃ- ૧:૦૦ થી ૦૪:૩૦
- સાંજ ની આરતીઃ- ૭:૦૦ થી ૭:૩૦
- સાંજે દર્શનઃ- ૭:૩૦ થી ૯:૧૫

અંબાજી મંદિરમાં આવતીકાલથી બપોરની આરતીમાં ફેરફાર કરાયો છે. અખાત્રીજથી અષાઢી એકમ સુધી દર્શનમાં પણ ફેરફાર કરાયો છે. અંબાજી મંદિરમાં રાજભોગ બાદ બપોરની આરતી ૧૨.૩૦ કલાકે શરૂ થશે. કોરોના વાયરસના કારણે ૩ મે સુધી અંબાજી મંદિર માઈ ભક્તો માટે સંપૂર્ણ બંધ રાખવાનો નિર્ણય મંદિર સત્તાધીશોએ લીધો છે. આવતીકાલથી અંબાજી મંદિરમા બપોરની આરતી શરુ કરવાનો નિર્ણય લેવાયો છે. આખાત્રીજથી અષાઢી એકમ સુધી દર્શન સમયમા પણ ફેરફાર કરવામાં આવ્યો છે. આવતી કાલે અખાત્રીજના દિવસે સવારે ૧૦:૪૫ વાગે બંધ થશે. બપોરની આરતી ૧૨:૩૦ વાગે રાજભોગ બાદ શરૂ થશે. માતાજીને સૂર્ય નારાયણના દર્શન કરાયા બાદ આરતી શરુ થશે. અંબાજીમાં ચાચરચોકમાં કાચ વડે વીંધી અને આરતી સમયે કરાશે. જ્યારે અંબાજી મંદિર રાત્રે ૯:૧૫ કલાકે બંધ થશે. અંબાજી મંદિરમાં ૨૬ એપ્રિલથી ૨૨ જુન સુધી આ સમય પ્રમાણે આરતી અને કાર્યો થશે. પરંતુ ઉમે સુધી અંબાજી મંદિર ભક્તો માટે સંપૂર્ણ બંધ રહેશે

દુકાનો ખોલવા અંગે
પહેલા પાનાથી ચાલુ

કરી છે કે, શોપિંગ મોલમાં આવેલી દુકાનોને ખોલવાની મંજૂરી આપવામાં આવી નથી. ગ્રામ્ય વિસ્તારોમાં છૂટક દુકાનોને ખોલી શકાશે. શુક્રવારે જ્યારથી ઓર્ડર કરવામાં આવ્યો છે ત્યારથી જ વેપારીઓમાં મહાનગર પાલિકા અને પાલિકાની હદમાં આવેલી દુકાનો ખોલવા બાબતે ઘણું જ કન્ફ્યુઝન થયું હતું. જેના પગલે આજે સરકારે ખુલાસો કરવો પડ્યો હતો.

કેન્દ્ર સરકારે સ્પષ્ટતા કરી છે કે, જીવન જરૂરી સમાન વેચવા માટે ઈ-કોમર્સ કંપનીઓને મંજૂરી આપવામાં આવી છે. આ સિવાયનો કોઈ પણ સમાન તેઓ વેચી શકાશે નહિ. તેવી જ રીતે લિકર શોપ (દારૂનું વેચાણ કરતી દુકાનો)ને પણ હાલના સંજોગોએ બંધ રાખવાનો નિર્ણય યથાવત રાખવામાં આવ્યો છે.

કોરોના સંકટ
પહેલા પાનાથી ચાલુ

અર્છ એવો થઈ રહ્યો છે કે પ્રજાને કડવા ડોઝ પિવડાવવા માટે સરકાર અને સ્થાનિક પક્ષ અધિકારીઓને આગળ કરી રહ્યાં છે. જ્યારે પોતે આવી પ્રજાને ન ગમે એવી માહિતી આપવા માટે અધિકારીઓને આગળ ધરી રહ્યાં છે. જો અધિકારીઓની વાત સાચી હોય તો અમદાવાદ અને ગુજરાતે કોરોના મહામારીના સામના માટે વધુ જોરથી કમર કસીને બાંધવી પડે તો નવાઇ નહીં. ખાસ કરીને ૩ મે પછી પણ લોકડાઉનમાં વધારો થવાની શક્યતાનો ઇશારો અદિકારીએ કર્યો છે.

દરમ્યાનમાં, ગુજરાતમાં કોરોનાનો ચેપ પોતાનો વ્યાપ વધારી રહ્યો છે. કોરોના રાજયના ૩૩ જિલ્લામાંથી ૩૦ જિલ્લા સુધી પહોંચી ગયો છે. રાજયના ત્રણ જિલ્લા અમરેલી, જૂનાગઢ અને દેવભૂમિ દ્વારકામાં કોરોનાનો એકપણ કેસ નોંધાયો નથી. કોરોના અંગે અપડેટ વિગતો આપતા આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું છેકે, રાજયના ૩૦ જિલ્લામાં કોરોનાનો ચેપ ફેલાયો છે. હજુ ત્રણ જિલ્લા સુધી આ ચેપ પહોંચ્યો નથી. સંક્રમણ ધીમું કેવી રીતે પડે તે જરૂરી છે. સંક્રમણ ધીમું પડે તે માટે તંત્ર એલર્ટ છે. આ લડત હજુ બે મહિના ચાલશે. લોકોએ ખૂબ સહયોગ આપ્યો છે. ગંભીર બીમારી ધરાવતા લોકોએ સાચવવાની જરૂર છે. ખોટી અફવા ફેલાવવાની જરૂર નથી અને ગભરાવવાની જરૂર નથી. દરેક વ્યક્તિ સહકાર આપશે તો જંગ ઝડપથી જીતી શકીશું.

ગૃહમંત્રાલયની મોડી રાત્રે આવેલી ગાઈડલાઈનના કારણે રાજયભરના દુકાનદારો અને શોરૂમના માલિકોમાં અસમંજસ જોવા મળી રહ્યો છે. દુકાનદારો દુકાન ખોલવી કે બંધ રાખવી તેને લઈને મૂંઝવણ અનુભવી રહ્યાં છે. કોર્પોરેશનની હદમાં અને મ્યૂનિસિપાલ્ટીની હદમાં આવેલા તમામ દુકાનદારો મૂંઝવણમાં છે. બીજી બાજુ પોલીસને પણ હજુ પૂરતી માહિતી ન હોવાથી બહાર નીકળતા દુકાનદારોને પોલીસ રોકી રહી છે. રાજકોટ ચેમ્બર ઓફ કોર્મર્સના પ્રમુખે જણાવ્યું છે કે, આજે ૧૧ વાગ્યે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં બેઠક મળશે. સરકાર જે નિર્ણય જારી કરશે તેને માન્ય રાખીને રાજકોટમાં વેપાર ઉદ્યોગ શરૂ કરવામાં આવશે.

રાજયમાં શુક્રવારે ૧૯૧ નવા પોઝિટિવ કેસ નોંધાયા હતા આ સાથે જ રાજયમાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૮૧૭ થઈ હતી જ્યારે વધુ ૧૫ દર્દીના મોત થતા કુલ મૃત્યુઆંક ૧૨૭એ પહોંચ્યો છે. શુક્રવારે વધુ ૭ દર્દીઓ સાજા થઈ ઘરે ગયા અને આમ કુલ ૨૬૫ લોકોએ કોરોના સામે જંગ જીતી લીધો છે.

શુક્રવારે સાંજની સ્થિતિએ છેલ્લા ૨૪ કલાકમાં રાજયમાં માત્ર ૧,૪૩૮ ટેસ્ટ થયા હોવાનું સરકારના આંકડાઓ પર જણાય છે. ગુરુવારે સાંજની સ્થિતિએ રાજયમાં કુલ ૪૨,૩૮૪ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.જે સંખ્યા શુક્રવારે ૪૩,૮૨૨ની જાહેર કરાઈ હતી. એટલે ૪૩,૮૨૨ માંથી ૪૨,૩૮૪ બાદ કરતાં ૧૪૩૮ ટેસ્ટ થયા હોવાનું સત્તાવાર ચિત્ર સામે આવ્યું છે. આ સાથે ગુજરાતમાં અમદાવાદના ૧૪ અને સૂરતના ૧ મળીને કુલ ૧૫ લોકો મૃત્યુ પામ્યા છે અને આ સાથે ગુજરાતમાં કુલ ૧૨૭ લોકો કોરોનાના ભોગ બન્યા છે. જ્યારે ૨૯ લોકો વેન્ટિલેટર પર છે. શુક્રવારે વધુ ૭ દર્દીઓ સાજા થઈ ઘરે ગયા અને આમ કુલ ૨૬૫ લોકોએ કોરોના સામે જંગ જીતી લીધો છે.

કોરોના બેકાબૂ
પહેલા પાનાથી ચાલુ

મુંબઈમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા વધીને ૪,૫૮૯ થઈ ગઈ હતી, અને શહેરમાં રોજના ૨૦૦ જેટલા નવા કેસ નોંધાઈ રહ્યા છે. પુણે મેટ્રોપોલિટન રિજનમાં પણ કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. ગુરુવારે અહીં ૧૦૪ નવા પેશન્ટ ઉમેરાયા હતા. પુણેમાં કેટલાક વિસ્તારોમાં લોકડાઉન હાલમાં જ વધુ સખ્ત બનાવાયું છે, અને લોકોને જરુરી વસ્તુ ખરીદવા રોજના બે કલાક જ છૂટ અપાઈ રહી છે. મુંબઈમાં હાલ ૯૮૩ કન્ટેઈન્મેન્ટ ઝોન જાહેર કરાયા છે. જેમાંના અડધોઅડધ ઝૂંપડપટ્ટી વિસ્તારના છે. મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ નવા કેસ જોવા મળી રહ્યા છે. નાશિકના માલેગાંવમાં ૧૦૦થી વધુ કેસ થઈ ચૂક્યા છે, અને નાગપુરમાં પણ અત્યારસુધીનો આંકડો ૧૦૦ને પાર થઈ ચૂક્યો છે.

દેશમાં કોરોના
પહેલા પાનાથી ચાલુ

દર્દીઓના મોત થયા છે. રાજસ્થાનમાં પણ ૨૦૩૪ કોરોનાના પોઝિટિવ કેસો નોંધાયા છે, જેમાંથી ૨૩૦ સ્વસ્થ થયા છે તો ૨૭ના મોત થયા છે. આ જ રીતે બિહારમાં કુલ ૨૨૩ કોરોના પોઝિટિવ કેસો નોંધાયા છે, જેમાંથી ૪૬ સ્વસ્થ થયા છે અને ૨ના મોત થયા છે.

હિંમતનગરના રાયકાનગરમાં પોલીસને બાતમી આપ્યાના આક્ષેપ બાદ

૩ શખ્સો સ્થાનિક પરિવાર પર હુમલો કરી ફરાર

હિંમતનગર

સાબરકાંઠાના હિંમતનગરના રાયકાનગરમાં ગતરોજ પોલીસને બાતમી આપ્યાનો આક્ષેપ સાથે ૩ શખ્સોએ સ્થાનિક પરિવાર પર હુમલો કર્યો હતો. પોલીસને બાતમી કેમ આપી છે કહીને પરિવાર સાથે મારામારી કરી હતી તેના હિંમતનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. તેમજ પોલીસે પણ આ મામલાની ગંભીરતા સમજી આરોપીની અટકાયત કરવા તજવીજ હાથ ધરી છે. એક તરફ નશાયુક્ત પદાર્થો તેમજ તેના ઉપર પ્રતિબંધ હોવા છતાં ખુલ્લેઆમ દારૂ સહિત કેફી પદાર્થો મળી રહ્યા છે. ત્યારે રાયકાનગરમાં ત્રણ લોકોએ રાત્રિના સમયે દારૂ પી છાકટા બની જુગાર રમતા હતા. જેના પગલે સ્થાનિક વિસ્તારમાંથી કોઈએ પોલીસને જાણ કરી હતી. જેના પગલે પોલીસે ઘટનાસ્થળે આવી એક આરોપીની અટકાયત કરી હતી. જે બાબતની અદાવત રાખી ગત રોજ સાંજના સમયે બેટ, ડંડા સહિત ૩ યુવકોએ સ્થાનિક પરિવાર ઉપર હુમલો કરી દેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર જાગી હતી. જોકે આ મામલે પોલીસને કરતા પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી મામલો હાથમાં લીધો હતો. તેમજ પરિસ્થિતિ ઉપર કાબૂ મેળવી લીધો હતો. જોકે આરોપીઓ ફરાર થઈ જતા ત્રણેયને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા હતા. હજુ સુધી એક પણ આરોપીને અટક થઇ શકી નથી ત્યારે સ્થાનિક વિસ્તારમાં આવા અસામાજિક તત્વો સામે પોલીસે કડક પગલાં ભરે તેવી લોકમાંગ ઉઠવા પામી છે. હાલમાં અસામાજિક તત્વોએ કરેલા વિનાશકારી કૃત્યને પગલે સ્થાનિક વિસ્તારમાં રોજ તેમજ ભયનો માહોલ છવાયો છે.

રાજ્યમાં દુકાનો ખોલવા અંગે નીતિન પટેલે કહ્યુ

નાગરિકોને ધીમેધીમે રાહત મળે તે જરૂરી છે

ગાંધીનગર

કેન્દ્ર સરકારે દુકાનો અને નોકરી ધંધા ખોલવા માટે શરતી મંજૂરી આપી દીધી છે. કેન્દ્ર સરકારે દેશવ્યાપી લૉકડાઉન લાગુ રાખીને ૩ મે સુધી લંબાવ્યું છે. આ વચ્ચે ગૃહમંત્રાલયે એક મોટો આદેશ જાહેર કર્યો છે. જાણકારી મળ્યા મુજબ દેશમાં આજથી તમામ દુકાનો શરતોની સાથે ખોલવાની મંજૂરી આપી દેવાઈ છે. દુકાનોમાં માત્ર ૫૦ ટકા જ સ્ટાફ કામ કરી શકશે. આ અંગે આજે ગુજરાતમાં રાજ્યસરકાર કોઈ મોટા નિર્ણય લેશે એ અંગે નાયાબ મુખ્યમંત્રી મહત્વની વાતો જણાવી હતી. કેન્દ્ર દ્વારા શરતો સાથે દુકાનો ખોલવાની મંજૂરીનો મામલે આજે કેન્દ્રની જાહેરાત સંબંધે રાજ્ય સરકાર જાહેરાત કરી શકે છે. આ મુદ્દે નીતિન પટેલ અગત્યની વાત જણાવી હતી. કેન્દ્ર સરકાર દ્વારા દુકાનોને છૂટ આપવાનો મામલે નાયાબ મુખ્યમંત્રી નીતિટ પટેલે નોટિફિકેશન મુદ્દે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતુ કે, નાગરિકોને ધીમેધીમે રાહત મળે તે જરૂરી છે. રાજ્ય સરકાર નોટિફિકેશન પર વિચાર કરશે. નોટિફિકેશન પર સીએમ સાથે ચર્ચા કરીશુ. દેશમાં લોકડાઉનની વચ્ચે આજથી દુકાનો ખોલવાની મંજૂરી અપાઇ છે. ગૃહ મંત્રાલયે આજથી શરતોને આધિન દુકાનો ખોલવા માટે મંજૂરી આપી છે. તો કેન્દ્રની જાહેરાત સંબંધે રાજ્ય સરકાર આજે જાહેરાત કરી શકે છે. સીએમ નિવાસસ્થાને ચર્ચા બાદ નિર્ણય લેવાઇ શકે છે. ચીફ સેક્રેટરી, ઉદ્યોગ-ખાણ વિભાગના અગ્ર સચિવ સાથે ચર્ચા થશે. હોટસ્પોટ-ક્લસ્ટર ક્વોરન્ટાઈન સિવાયના સ્થળો અંગે ચર્ચા થશે. રાજ્ય સરકાર પાસે કેન્દ્રની જાહેરાત અન્વયે નિર્ણય લેવાની સત્તા છે.

કોરોનામુક્ત રાજકોટ કરવા ૩૭ ડિગ્રી ગરમીમાં સાધુની તપસ્યા

રાજકોટ

રાજકોટ ને કોરોના મુક્ત બનાવવા હવે સાધુ-સંતો મેદાને આવ્યા છે. રાજકોટનાં આજીડેમ નજીક આવેલા દાદા હનુમાન મંદિરે ૩૭ ડિગ્રી તાપમાનમાં મંદિરનાં મહંત સહિત ત્રણ સાધુ ધુણી ધખાવી છે. દરરોજ આકરા તાપમાં ત્રણ કલાક સુધી સાધુઓ ગુજરાત કોરોના મુક્ત બને તેને લઇને તપસ્યા કરી રહ્યાં છે. વિશ્વભરમાં કોરોના વાયરસનો કહેર જોવા મળી રહ્યો છે. ભારતભરમાં લોકડાઉન કરવામાં આવ્યું છે અને છેલ્લા એક મહિનાથી ઘરમાં રહી કોરોના વાયરસ સામેની લડાઇ લડી રહ્યા છે.

કોરોના વાયરસનાં ડરથી લોકો ફફડી રહ્યા છે. ત્યારે રાજકોટનાં આજીડેમ નજીક આવેલા દાદા હનુમાન મંદિરનાં મહંત રાધવદાસ મહારાજ અને તેની સાથે ત્રણ સાધુ આકરા તાપમાં ધુણી ધખાવી છે. સાધુઓનું કહેવું છે કે, દર વર્ષે ૪ મહિના સુધી ધુણી ધખાવીને તપસ્યા કરતા હોય છે. પરંતુ ચાલું વર્ષે કોરોના વાયરસનો કહેર છે, તેથી રાજકોટ અને ગુજરાત કોરોના મુક્ત થાય તે માટે દરરોજ અલગથી એકથી દોઢ કલાક ધૂણી ધખાવી તપસ્યા કરી રહ્યા છે. સામાન્ય રીતે સાધુ દર વર્ષે ચાર મહિના ધુણી ધખાવતા હોય છે.

વિશ્વભરમાં શાંતિ સ્થપાઇ તે માટે ધુણી ધખાવતા હોય છે. ત્યારે ચાલુ વર્ષે કોરોના વાયરસનો કહેર છે. આવામાં ગાયનાં ગોબરનાં છાણાં પ્રગટાવ્યા બાદ બપોરે ૧૨ થી ૨ વાગ્યા સુધી સાધુ સાધના કરતા હોય છે. સળગતા છાંણાની વચ્ચે આ આકરી સાધનામાં લોકો કોરોના મુક્ત કરે અને કોરોના વાયરસ ગુજરાતમાંથી દુર થાય તે માટે સાધુએ આકરી સાધના શરૂ કરી છે. જોકે લોકડાઉનનું પાલન થાય તે માટે સાધુની તપસ્યાનાં દર્શન કરવા આવવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

રાજકોટમાં ૮૫ વ્યક્તિના રેપિડ કોરોના ટેસ્ટ, બધા રિપોર્ટ નેગેટીવ આવતા હાશકારો

રાજકોટ

રાજકોટમાં અત્યાર સુધી કોરોના ટેસ્ટ જે પધ્ધતિથી થાય છે તેમાં પોઝિટિવ કે નેગેટિવનું રિઝલ્ટ છ કલાક પછી આવે છે. તેના બદલે હવે રેપીડ ટેસ્ટ કીટથી પરિક્ષણ કરવામા આવશે. આ પધ્ધતિથી થતા ટેસ્ટીંગમાં માત્ર ૧૫ મિનિટમાં જ રિઝલ્ટ મળી શકે છે. ગુરુવારથી રેપીડ ટેસ્ટ કીટનો ઉપયોગ શરૂ કરાયો છે. બે દિવસમાં ૮૫ વ્યક્તિના સેમ્પલ ટેસ્ટ આ કીટ દ્વારા કરાયા હતા. સદનસીબે એકપણ પોઝિટિવ રિપોર્ટ આવ્યો નથી. શહેરમાં અત્યાર સુધી પોઝિટિવ આવેલા દરદી કોના કોના સંપર્કમાં આવી ગયા છે એ તમામની ચેનલ ભેદવા મનપાની ટીમ કામે લાગી છે. તેમાથી જેમા શરદી, ઉધરસ, તાવ અને કફ સહિતના કોરોનાના લક્ષણો જોવા મળે તેમના સેમ્પલ લઇને ટેસ્ટિંગ માટે મોકલવામા આવી રહ્યા છે. અત્યાર સુધી સેમ્પલના ટેસ્ટિંગ જે પધ્ધતિથી કરવામા આવતા હતા તેમા રિઝલ્ટ આવતા ઓછામાં ઓછા ૬ કલાક રાહ જોવી પડે છે. આથી સરકારે રાજકોટને ૧૨૦૦ રેપીડ ટેસ્ટ કીટ આપી છે. તેમાથી શહેરી વિસ્તાર માટે ૬૦૦ કીટ રખાશે. બાકીની ૬૦૦ કીટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર માટે રિઝર્વ રખાશે. આ રેપીડ ટેસ્ટ કીટનો ઉપયોગ એવા કિસ્સામાં જ થશે જ્યા જે વ્યક્તિમાં કોરોનાના લક્ષણ જોવા મળે. દરમિયાન ગુરુવારથી રેપીડ ટેસ્ટ કીટનો ઉપયોગ શરૂ કરાયો છે. ૨ દિવસમાં ૮૫ વ્યક્તિના સેમ્પલ ટેસ્ટ રેપીડ ટેસ્ટ કીટ દ્વારા કરાયા હતા. જો કે એકપણ કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યા નથી.

લોકડાઉનમાં ગુજરાત પોલીસ માટે રમજાન મહિનો વધુ ચેલેન્જિંગ બની રહેશે

અમદાવાદ

રમજાન મહિનાની શરૂઆત થઈ છે. ગઈકાલે રમજાનનો ચાંદ નજર આવી ગયો છે. શિયા ચાંદ કમિટીએ ચાંદ દેખાયાની પુષ્ટિ કરી છે. ઈદગાહ લખનઉના ઈમામ મૌલાના ખાલિદ રશીદ ફરંગીએ એલાન કર્યો કે, ૨૪ એપ્રિલ ૨૦૨૦ના રોજ રમજાનુલ મુબારક ચાંદ થઈ ગયો છે. પહેલો રોજા આજે શનિવારથી રાખવામા આવશે. તો બીજી તરફ, ગુજરાત પોલીસ માટે રમજાન મહિનો વધુ ચેલેન્જિંગ બની રહેશે. આ માટે પોલીસે ઘરમાં રહીને જ ઈબાદત કરવાની સલાહ આપી છે. તેમજ પોલીસ આ મામલે સખત બનીને કડક પગલા લઈ રહી છે. ગઈકાલે જામનગરના આકાશમા રમઝાનનો ચાંદ દેખાયો હતો.

જામનગરમાં આજથી રમઝાન માસનો પ્રારંભ થયો છે. કાઝી-એ-ગુજરાત સૈયદ સલીમબાપુ દ્વારા ચાંદની ગવાહી કરાઈ છે. લોકોને ઘરમાં રહીને રમઝાનની ઈબાદત કરવા અપીલ કરાઈ છે. મુસ્લિમો દ્વારા રોઝા અને તરાવિહની ઈબાદત કરાશે. વડોદરામાં આજથી રમઝાન માસની શરૂઆત થઈ રહી છે. વડોદરા પોલીસ આજથી શહેરની ૧૭૦ મસ્જિદો ફરતે પેટ્રોલિંગ કરશે. ત્યારે ખાણીપીણીની લારીઓ ખોલવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. રાજયમંત્રી યોગેશ પટેલે પોલીસ કમિશનર સાથે મળીને એક્શન પ્લાન તૈયાર કર્યો હતો. મૌલાના મસ્જિદના લાઉડ સ્પીકર પર એનાઉન્સમેન્ટ કરશે કે, ઘરે રહીને જ નમાજ અદા કરો. કોરોના વાયરસને લઈને શહેર પોલીસ કમિશનર વધુ કડક થયા છે.

લોકડાઉન ભંગ કરનાર સામે આજથી કડકાઈથી અમલ કરવાની અધિકારીઓને સૂચના આપી દેવાઈ છે. તંત્ર દ્વારા ઈશ્યૂ કરવામાં આવેલા પાસ પરમિટ વગર બિનજરૂરી નીકળશે તેની સામે ગુનો દાખલ કરવામાં આવશે. રમજાન માસ દરમિયાન ખાણીપીણીની લારીઓ ખૂલશે નહિ કે દુકાન ઉપર ભેગા થશે તેની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. મુસ્લિમ બિરાદરો પોતાના ઘરમાં રહી નમાજ, ઈબાદત, ઈફતાર અદા કરે તેવી કરવામાં અપીલ કરવામાં આવી છે.

લગ્ન પ્રસંગ માટે સશર્તે મંજુરી આપવાની તૈયારી માં સરકાર

અમદાવાદ

સરકારે હવે નિયમોમાં છૂટછાટ આપવાની શરૂઆત કરી દીધી છે. જેમાં દુકાનો ખોલવાની મંજૂરી સિવાય હવે લગ્ન પ્રસંગો માટે પણ તૈયારી દાખવી છે. લગ્નના મુહૂર્તમાં ઘણા લગ્ન પ્રસંગો પેન્ડિંગ રહ્યાં છે. લોકોએ તારીખો ફાઈનલ કરી કંકોત્રી પણ છપાવી દીધી હોવા છતાં લગ્નો કેન્સલ રાખવા પડ્યા છે પણ હવે લગ્ન માટે સરકારે મંજૂરી આપી છે.

જેમાં કેટલીક શરતો રાખી છે. જેમ અત્યારે લોકડાઉનના સમયમાં સ્મશાનયાત્રા અને દફનવિધીમાં માત્ર ૨૦ માણસો જોડાવાની પરમિશન છે. તેમ લગ્ન પ્રસંગમાં પણ વર અને કન્યા પક્ષના વ્યક્તિઓ અને વિધી કરાવનાર સહિત વધુમાં વધુ ૨૦ વ્યક્તિઓને હવે મંજૂરી આપવાની સરકારે તૈયારીઓ કરી છે. ભારત સરકારે લોકડાઉનના સમયમાં જિલ્લા પ્રાંત અધિકારીને સબ ડિવિઝનના તાલુકાઓ માટે ઈન્સિડન્ટ કમાન્ડર તરીકે ફરજો સોંપવા હુકમ કર્યો છે.

આ ઈન્સિડન્ટ કમાન્ડરને તેમના વિસ્તારમાં સ્મશાન કે દફન વિધી કે લગ્ન પ્રસંગ માટે મહત્તમ ૨૦ વ્યક્તિને મંજૂરી આપવાના અધિકાર અપાયા છે. લગ્ન પ્રસંગો માટે મંજૂરી માટે જિલ્લા કક્ષા સુધી લાંબા થવું ન પડે અને યોગ્ય મોનીટરિંગ પણ થાય તે માટે સરકારની ગાઈડલાઈન મુજબ નિયમન કરવા માટે જિલ્લાના ઈન્સિડન્ટ કમાન્ડરને આ પાવર અપાયા છે.

વસ્ત્રાપુરમાં પોલીસને ચા આપવા જઈ રહેલા દંપતી સહિત ત્રણની કરાઈ ધરપકડ

અમદાવાદ

લોકડાઉન દરમિયાન લોકો કોઈને કોઈ બહાને ઘરની બહાર નીકળવાનું શોધી લેતા હોય છે. જેમાં વસ્ત્રાપુરમાં પોલીસે કારમાં જઈ રહેલા દંપતી સહિત ત્રણની ધરપકડ કરી હતી. ગુરૂકુળ રોડ પર તરૂણ નગર સોસાયટીમાં રહેતા હસિંગ શાહ તેમની પત્ની સોનિયા શાહ અને માતા મીનાબેન શાહ હિમાલયા મોલ સામે કારમાં જઈ રહ્યા હતા ત્યારે પોલીસે તેમને અટકાવ્યા હતા. પૂછપરછમાં તેમણે પોલીસને ચા આપવા જઈ રહ્યા હોવાનું જણાવ્યું હતું જે કારણ વાજબી ન લાગતા પોલીસે જાહેરનામાનો ભંગ કરવા બદલ ત્રણેયની ધરપકડ કરી હતી. અન્ય બનાવમાં પ્રહલાદ નગર ખાતે રહેતા જયંત કે કાર્યા અને મેહુલ કે મારૂ હિમાલયા મોલ પાસે પોલીસને ચા પીવડાવવા આવતા પોલીસે બંનેની ધરપકડ કરી હતી.

સુરેન્દ્રનગર પાટડીમા પોલીસ પર હુમલો કરનાર બે શખ્સો પર કડક કાર્યવાહી

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લામાં કોરોના વાઇરસની સ્થિતિમાં જિલ્લાના તમામ પ્રવેશ દ્વાર ઉપર ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી છે, ત્યારે પાટડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસકર્મીઓ બંદોબસ્તમાં હતા. એ દરમિયાન પોલીસ કર્મચારી સાથે પ્રતાપ જગાભાઈ વનપરા ઠાકોર, પુંજા વિઠ્ઠાભાઈ મુલારીયા ઠાકોર પોતાનું મોટરસાયકલ લઈને પસાર થતાં તેને અટકાવીને બિનજરૂરી રીતે બહાર ન આવવા કહ્યું હતુ. આથી બંને શખ્સોએ ઉશ્કેરાઈ જઈ પોલીસ ઉપર લાકડી વડે હૂમલો કરીને ઈજાઓ પહોંચાડી હતી.

આ બનાવમાં બંને શખ્સોને ઝડપી લઈને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. બંને શખ્સો વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજીસ્ટ્રેટ સુરેન્દ્રનગરને મોકલાતા બંનેના વોરંટ ઈશ્યૂ કરવામાં આવ્યા છે. પોલીસે બંનેની પાસા ધારા હેઠળ અટકાયત કરી કોવીડ-૧૯ અન્વયે જરૂરી મેડીકલ તપાણી કરાવી સેન્ટ્રલ જેલ લાજપોર સુરત મોકલવામાં આવ્યાં હતા.

રાજકોટમાં દોરાયેલા કુંડાળામાં થેલીઓ મુકી લોકો ટોળે વળ્યાં

રાજકોટ

આજથી બીપીએલ અને અંતરોદય કાર્ડ ધારકો માટે મફત અનાજ વિતરણ કરવામાં આવી રહ્યું છે. અમદાવાદથી ગુજરાત સસ્તા અનાજનાં એસોસિએશન દ્વારા તેની અલગ અલગ માંગોને લઈ ને અનાજ વિતરણ નહિ કરવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયમાં રાજકોટના દુકાનદારો જોડાયા નથી. રાજકોટમાં આજથી સસ્તા અનાજનાં વેપારીઓએ દુકાનો ખોલી હતી અને લોકોને અનાજ વિતરણની કામગીરી પણ શરૂ કરી છે. જેથી લોકો વહેલી સવારથી જ દુકાન બહાર લાઈન લગાવી અનાજ માટે ઉભા રહ્યા હતા. દુકાન બહાર સર્કલમાં લોકોએ પોતાની થેલીઓ મૂકી હતી. પરંતુ લોકો સોશિયલ ડિસ્ટન્સિંગ વગર જ સાઈડમાં ટોળે વળેલા હતાં. દુકાન ખુલતા જ લોકો સોશિયલ ડિસ્ટન્સ જાળવી સર્કલમાં ઉભા રહી મફત અનાજ લીધું હતું. ગુજરાત સસ્તા અનાજના વેપારીના એસોસિએશન દ્વારા અનાજ વિતરણની કામગીરીથી અળગા રહ્યા હતા. વેપારીઓની માંગ છે કે, તેમને સેફટી કીટ આપવામાં આવે ઉપરાંત બે વખત સેનિટાઈઝ કરવાની વ્યવસ્થા કરવામાં આવે. માસ્ક અને સેનિટાઈઝરની પણ વ્યવસ્થા કરવામાં આવે. જો આ માંગ નહિ સ્વીકારવામાં આવે ત્યાં સુધી વેપારીઓ અનાજ વિતરણ નહિ કરે. જોકે, આ વિરોધમાં રાજકોટનાં વેપારીઓ નથી જોડાયા અને અહીંના વેપારીઓ દ્વારા અનાજ વિતરણની કામગીરી શરૂ જ રાખવામાં આવી છે.

અમદાવાદ અને ગાંધીનગરમાં થશે જૂનાગઢની કેસર કેરીની હોમ ડિલિવરી

અમદાવાદ

એપ્રિલ મહિનો પૂરો થવા આવ્યો પરંતુ જે કેરીઓ બજારમાં આવવી જોઈએ તેવી હજી આવી નથી. લૉકડાઉનનાં કારણે કેરીઓનાં રસિયાઓને નિરાશ થવાની જરૂર નથી. રાજ્ય સરકારે અમદાવાદ અને ગાંધીનગરમાં ૩ મેથી જૂનાગઢની કેસર કેરી ઘરે બેઠા પહોંચાડવાની મંજૂરી આપી દીધી છે. જેથી આ વખતે ઉનાળામમાં કેસર કેરી ખાવા મળશે કે નહીં તે આંશકા દૂર થઈ ગઈ છે.

વર્ષ ૨૦૦૯થી ઉનાળામાં અમદાવાદ ગાંધીનગરમાં કેસર કેરી મહોત્સવનું આયોજન કરવામાં આવતું હોય છે. પરંતુ આ કોરોના વાયરસનાં સંક્રમણનાં વધતા પ્રસારને જોતા આ શક્ય લાગતું નથી. જેના કારણે રાજ્ય સરકારે જૂનાગઢ કેસર કેરીનાં ઉત્પાદકોને ૩ મેથી અમદાવાદ અને ગાંધીનગરમાં હોમ ડિલિવરી કરવાની મંજૂરી મળી ગઈ છે. આ હોમ ડિલિવરી માટે તેમણે કોરોના વાયરસની તમામ માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે. જોકે, આ હોમ ડિલિવરી સપ્તાહમાં માત્ર બે દિવસ કરાશે. ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના સહયોગથી જૂનાગઢના ખેડૂતો આશરે ૧૧ વર્ષથી અમદાવાદમાં કેરીનું સીધું વેચાણ કરી રહ્યા છે.

અમદાવાદ ગાંધીનગરમાં જેને પણ હોમ ડિલિવરી જોઈતી હોય તેમનો જૂનાગઢની કેસર કેરીનો ઓર્ડર વોટ્સએપ-ફેસબૂક દ્વારા લેવામાં આવશે. કોરોના વાયરસની તમામ માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવશે તેવી બાહેંધરી મળ્યા બાદ જ અમદાવાદ કલેક્ટર દ્વારા કેસર કેરીની હોમ ડિલિવરી માટે મંજૂરી અપાશે.

અમદાવાદમાં અનાજ દળવાની ઘંટી ચલાવતા વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટીવ

અમદાવાદ

અમદાવાદમાં ફ્રન્ટલાઈન વોરિયર્સ સાથે હવે ધીમે ધીમે શાકભાજી અને દૂધ વિક્રેતા તથા છાપા વિતરણ કરનાર પણ ભોગ બની રહ્યા છે આવાં કિસ્સામાં વધુ એક કિસ્સો એવો આવ્યો છે. જે અમદાવાદના નિર્ણયનગર વિસ્તારનો છે. અમદાવાદના નિર્ણયનગર વિસ્તારમાં આવેલાં અપેક્ષા એપાર્ટમેન્ટમાં રહેતાં ૪૫ વર્ષનાં વ્યક્તિને કોરોનાનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે.આ વ્યક્તિને કોઈપણ લક્ષણો નહોતાં છતાં તપાસમાં આવેલી ટીમે ટેસ્ટ કર્યો હતો જે બાદ પોઝિટીવ રિપોર્ટ આવ્યો છે.

નિર્ણયનગર સેક્ટર ૧માં રત્નજ્યોત સોસાયટીની સામે અનાજની દળવાની ઘંટી ધરાવે છે. અમદાવાદના નિર્ણયનગરમાં રહેતાં આ વ્યક્તિની અનાજ દળવાની ઘંટી નિર્ણયનગર સેક્ટર ૧માં હતી.રત્નજ્યોત સોસાયટીની સામે અનાજ દળવાની ઘંટીની દુકાન ધરાવે છે.હાલ ઘંટી ધરાવતાં આ વ્યક્તિને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તેમને સમરસ હોસ્ટેલ ખાતે ખસેડવામાં આવ્યા છે. આ સાથે આ વ્યક્તિના પરિવારજનોને હોમ ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે.

કોરોના ગ્રસ્ત વ્યક્તિનો દીકરો પિતા સાથે દુકાનમાં મદદ કરતો હતો જેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે તેમણે અમદાવાદ મ્યુ કોર્પોરેશને તપાસમાં જણાવ્યું કે તેઓ ક્યાંય બહાર નથી ગયા છતાં કોરોના પોઝિટીવ કેવી રીતે થયો તે ખ્યાલ નથી આવ્યો. ૩ દિવસ પહેલાં કોર્પોરેશનના હેલ્થ વિભાગ દ્વારા સુપર સ્પ્રેડરની તપાસ કરવામાં આવી હતી જેમાં રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે સ્થાનિકોમાંથી અનેક લોકો ઘંટી પર લોટ લેવા આવતા હતા.

જૂનાગઢમાં માનવભક્ષી દીપડાએ આશ્રમમાંથી સાધુને ઢસડી શિકાર બનાવ્યો

જૂનાગઢ

જૂનાગઢની ભવનાથની તળેટી સંખ્યાબંધ ગિરનારી સાધુઓનો વસવાટ છે. સંત મહાત્માઓના અહીંયા આશ્રમો આવેલા છે. ભવનાથ ગિરનાર પર્વતની તળેટી છે અને તેથી જ અહીંયા અવારનવાર સિંહ અને દીપડા આંટાફેરા કરતા હોય છે પરંતુ છેલ્લા એક અઠવાડિયામાં દીપડાએ બે સાધુ પર હુમલા કરી અને ફાડી ખાતા હાહાકાર મચી ગયો છે. આજે ફરી એક સાધુ દીપડાના હુમલામાં મોતને ભેટ્યા છે. ભવનાથની તળેટીમાં આવેલા એક આશ્રમમાં એક સંત પોતાના શયન આસનમાં હતા ત્યારે દીપડો તેમને ત્યાંથી ઉઠાવી ગયો હતો. સાધુની પથારીએથી તેમને દબોચી દીપડો નજીકની ઝાડીમાં લઈ ગયો હતો અને સાધુને ફાડી ખાધા હતા. મૃતક સાધુનું નામ ઓમકારગીરી છે. વનવિભાગની ટીમને ગિરનારના જંગલમાંથી ઝાડીમાં સાધુનો ફાડી ખાધેલો મૃતદેહ મળ્યો હતો. આ ઘટના બાદ સમગ્ર ભવનાથમાં હાહાકાર મચી ગયો છે અને સાધુઓમાં રોષની લાગણી જોવા મળી રહી છે. એક અઠવાડિયામાં નરભક્ષી દીપડાનો આ બીજો હુમલો છે. આ અઠવાડિયામાં અગાઉ પણ દીપડાએ હુમલો કરીને એક સાધુને ફાડી ખાધા હતા ત્યારે એક જ દીપડો હુમલો કરી રહ્યો હોય તેવી શંકા સેવાઈ રહી છે. વનવિભાગ તાકીદે આ દીપડાને પાંજરે નહીં પુરે તો આગામી સમયમાં વધુ અમંગળ થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. ઘટના બાદ વનવિભાગની ટીમે પણ જંગલમાં દીપડાની શોધખોળ હાથ ધરી છે પરંતુ વિસ્તારમાં અનેક સિંહ દીપડા હોવાના કારણે માનવભક્ષી દીપડો કયો છે તે તપાસ કરવા માટે વનવિભાગે જહેમત ઉઠાવવી પડશે.

વડોદરામાં કોરોનાથી અત્યાર સુધી ૫૭ દર્દીઓ સાજા થયા

વડોદરામાં તબીબ સહિત વધુ ૪ દર્દીઓ કોરોના મુક્ત થતા અપાઈ રજા

વડોદરા

વડોદરામાંથી સતત રાહતના સમાચાર સામે આવી રહ્યાં છે. તાજેતરમાં જ વડોદરામાં એકસાથે ૪૫ દર્દીઓ રિકવર થયાના સમાચાર આવ્યા હતા. જેના બાદ બીજા વધુ એક રાહતના સમાચાર મળ્યા છે. કોરોના સંક્રમિત તબીબ સહિત ચાર દર્દીઓ કોરોના મુક્ત થયા છે. ડો.ફેઝાન કુરેશી સહિત ચાર દર્દીઓને હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. પાણીગેટની નીલકંઠ હોસ્પિટલમાં ફરજ બજાવતા તબીબ ડો.ફેઝાન કુરેશીને ચેપ લાગ્યો હતો. ત્યારે હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયા બાદ ડો.ફેઝાને વડોદરાના આરોગ્ય તંત્રના વખાણ કર્યા હતા. વડોદરામાં કોરોનાથી અત્યાર સુધી ૫૭ દર્દીઓ સાજા થયા છે. તો બીજી તરફ, વડોદરામાંથી કોરોનાના શંકસ્પદના વધુ ૬૮ લોકો મળ્યા છે. રેડઝોનમાંથી ૫૦ શંકાસ્પદ દર્દી તથા ઓરેન્જ અને યલો ઝોનમાંથી ૯ શંકાસ્પદ દર્દી મળ્યા છે. તંત્ર દ્વારા કુલ ૩૪૫૯૦ ઘરોનો ડોટ ટુ ડોર સર્વે કરાયો હતા. જેમાંથી ૬૮ શંકાસ્પદના કોરોના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા હતા.

વડોદરામાં આજથી રમઝાન માસની શરૂઆત થઈ રહી છે. વડોદરા પોલીસ આજથી શહેરની ૧૭૦ મસ્જિદો ફરતે પેટ્રોલિંગ કરશે. ત્યારે ખાણીપીણીની લારીઓ ખોલવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. રાજ્યમંત્રી યોગેશ પટેલે પોલીસ કમિશનર સાથે મળીને એક્શન પ્લાન તૈયાર કર્યો હતો. મૌલાના મસ્જિદના લાઉડ સ્પીકર પર એનાઉન્સમેન્ટ કરશે કે, ઘરે રહીને જ નમાજ અદા કરો. કોરોના વાયરસને લઈને શહેર પોલીસ કમિશનર વધુ કડક થયા છે. લોકડાઉન ભંગ કરનાર સામે આજથી કડકાઈથી અમલ કરવાની અધિકારીઓને સૂચના આપી દેવાઈ છે. તંત્ર દ્વારા ઇશ્યૂ કરવામાં આવેલા પાસ પરમિટ વગર બિનજરૂરી નીકળશે તેની સામે ગુનો દાખલ કરવામાં આવશે. રમજાન માસ દરમિયાન ખાણીપીણીની લારીઓ ખૂલશે નહિ કે દુકાન ઉપર ભેગા થશે તેની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. મુસ્લિમ બિરાદરો પોતાના ઘરમાં રહી નમાજ, ઈબાદત, ઈફતાર અદા કરે તેવી કરવામાં અપીલ કરવામાં આવી છે. વડોદરામાં નિવૃત્ત પોલીસ જવાનોને ફરી ફરજ પર લેવાયા છે. કોરોના વાયરસની મહામારી સામે લડવા ફરી અધિકારીઓને નોકરી પર લેવાયા છે. ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યૂટી તરીકે ૨૪ નિવૃત્ત પોલીસ કર્મીઓને ફરી લેવાયા છે. વડોદરા પોલીસ કમિશનરે ફરજ પર હાજર થયેલ નિવૃત્ત પોલીસ કર્મીઓને આવકાર્યા હતા.

મહિસાગરમાં કોરોનાનો વધુ ૧ કેસ સામે આવતા કુલ પોઝિટિવ કેસોની સંખ્યા ૧૦ થઈ

મહિસાગર

મહિસાગર જિલ્લામાં કોરોનાનો વધુ એક પોઝિટિવ કેસ નોંધાયો છે. જેથી સમગ્ર જિલ્લામાં કોરોનાના કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૦ થઈ ગઈ છે. મહિસાગરના સંતરામપુરના બ્રાહ્મણવાડમાં ૨૫ વર્ષીય યુવકનો કોરોના રિપોર્ટ પોઝિટિવ નોંધાયો છે.

અમદાવાદમાં કોરોનાનો કેર યથાવત જોવા મળી રહ્યો છે. અને તેમાં પણ અસારવા સિવિલ હોસ્પિટલમાં કોરોનાથી વધુ ચાર દર્દીના મોત થયા છે. મૃત્યુ પામેલા ચારેય દર્દીઓના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા.જ્યારે નવા ૬૯ દર્દી કોવિડ સિવિલ હોસ્પિટલમાં નોંધાયા છે. કોરોનાના ૨૦ દર્દીઓનો રિપોર્ટ નેગેટિવ આવતા તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ છે. કોવિડ સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધી ૫૮૪ પોઝિટિવ કેસ નોંધાયા છે.જેમાં ૪૭૨ દર્દીઓ સારવાર હેઠળ છે.અને સિવિલમાંથી કુલ ૬૩ દર્દીઓ સાજા થયા છે.

લોકડાઉનના પગલે મહેસાણા જિલ્લાના શહેરી વિસ્તારો પણ બન્યા સૂમસાન

મહેસાણા

દેશમાં લોસડાઉનને એક મહિનાનો સમય વીતી ગયો છે. છતાં પણ હજી કંઈ નિવાડો આવ્યો નથી, ત્યારે મહેસાણા લોકડાઉનના સમયમાં સાચે જ કરફ્યૂ લાગુ કરવામાં આવ્યો હોય તેવો નજારો જોવા મળી રહ્યો છે. દેશમાં લોકડાઉનને એક મહિનો વિતી ચુક્યો છે. છતાં કોરોના વાઈરસના સંક્રમણથી કેટલાક વિસ્તારમાં હજી પણ પ્રભાવિત છે, ત્યારે સોશિયલ ડિસ્ટન્સ માટે લોકડાઉનએ સરકારનો મહત્વનો નિર્ણય ખૂબ સાર્થક સાબિત થયો છે. જો કે, લોકડાઉનમાં સરકારે હવે કેટલીક ચીજ વસ્તુઓ ઉત્પાદન અને વેચાણ વેપાર માટે છૂટછાટ આપી છે.

છતાં પણ આજે મહેસાણા શહેરમાં બપોર બાદનો નજારો એવો જોવા મળી રહ્યો છે કે, જાણે શહેરમાં સાચે જ કરફ્યૂ લાગ્યો હોય. આ સ્થિતિને કારણે જ કદાચ મહેસાણા શહેર કોરોના વાઈરસના વધુ સંક્રમણથી બચી શક્યું છે. આગામી દિવસોમાં સરકારની છૂટછાટ બાદ મહેસાણા જિલ્લામાં ફરી એકવાર સામન્ય સ્થિતિ અને સામન્ય જનજીવન જોવા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

લોકડાઉનમાં બેસવાની જગ્યા ફુટ વેચનારાને આપતા

સાબરમતી રિવરફ્રન્ટ પર શાકભાજી વિક્રેતાઓ ધરણા કરી જાહેર કર્યો વિરોધ

અમદાવાદ

સાબરમતી રિવરફ્રન્ટ પર શાકભાજી વિક્રેતાઓ ધરણા પર બેઠા છે. એલિસબ્રિજ પાસે આવેલી ગુજરી બજારની જગ્યા ફુટ વેચનારાઓને અપાતા શાકભાજી વિક્રેતાઓએ વિરોધ કર્યો હતો. અગાઉ ગુજરીબજારમાં જ મ્યુનિસિપલ કોર્પોરેશનએ શાકભાજી વિક્રેતાઓને બેસવા મંજૂરી અપાઈ હતી બાદમાં ત્યાં બેસવા દીધાં ન હતા. હવે ફરી શાકભાજી વેચનારાઓને આપેલી જગ્યા ફુટ વેચનારાને આપતા વિરોધ થયો છે. મોટી સંખ્યામાં લોકો ધરણાં પર બેસી ગયા છે.

કોરોના કેસોમાં વધારો છતાં ટેસ્ટમાં ઘટાડો, 'હર્ડ ઈમ્યુનિટી' તરફ વધતું ગુજરાત

અમદાવાદ

લોક પ્રિયતા મેળવવા માટે સારું ચિત્ર ઉપસાવવા માટે ગુજરાત સરકાર લોકડાઉન ખોલવાના હવાતિયા મારી રહી છે પરંતુ હકીકત એ છે કે, લોકડાઉનનો હેતુ સિદ્ધ કરવામાં રાજય સરકાર સદંતર નિષ્ફળ નિવડી છે. કારણ કે, લોકડાઉનનો મુખ્ય હેતુ એ જ હતો કે, એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં ચેપ ફેલાય નહીં. પરંતુ અહી તો ઊંધું જ થયું છે. ગુજરાતમાં જયારે લોકડાઉનની જાહેરાત કરી ત્યારે માત્ર ૬ જિલ્લા અમદાવાદ, સુરત, વડોદરા, ગાંધીનગર અને કચ્છમાં જ કોરોનાના કેસ નોંધાયા હતા, જે આજે ૩૨ દિવસ બાદ વધીને કુલ ૩૦ જિલ્લામાં કોરોના પ્રસરતા માત્ર ત્રણ જ જિલ્લા કોરોનાથી બચ્યા છે.

કોરોના સામેના જંગમાં લોકડાઉનના સમયનો અસરકારક ઉપયોગ કરવામાં નિષ્ફળ રહેલી ગુજરાત સરકારે હવે હથિયાર હેઠાં મૂકી દીધા હોવાનું લાગે છે. જે પ્રકારે સંક્રમિતની સંખ્યા ચરમસીમાએ છે ત્યારે જ કરફ્યૂ ઉઠાવાયા, લોકડાઉન છતાં અનેક છૂટછાટો આપી, ટેસ્ટિંગની સંખ્યા ઘટાડી તે જોતાં લાગે છે કે, હવે સરકારને 'હર્ડ ઈમ્યુનિટી'નો વિકલ્પ પકડવા સિવાય બીજો રસ્તો નથી દેખાતો.

'હર્ડ ઈમ્યુનિટી'ની થિયરી કહે છે કે, વાઈરસને લોકોમાં ફેલાવા દો, જેમની રોગ પ્રતિકારક શક્તિ મજબુત હશે તે સાંગોપાંગ નિકળશે, કોમોર્બિડીટી ધરાવતા અન વૃદ્ધો પર જોખમ વધશે, તો સચવાય તેટલાને સાચવો પણ વાયરસને આખી વસતિમાં ફરી વળવા દો જેથી એક તબક્કો વાયરસને સંક્રમણ આગળ વધારવા કોઈ હોસ્ટ નહીં રહે, મોટાભાગની વસતિમાં આપોઆપ એન્ટીજન સર્જાઈ જશે. જેટલું નુકસાન થવાનું હશે તે થઈ જવા દો. અમેરિકામાં મહદ્ અંશે આ જ થિયરીના ચિહનો દેખાય છે. હવે ગુજરાત પણ આ જ રસ્તે જઈ રહ્યું હોવાના સંકેતો મળે છે.

લોકડાઉનમાં સરકારની નિષ્ફળતા અંગે સવાલ ઉઠાવતી ઘટનાઓ

ગાંધીનગર

સુરેન્દ્રનગરના થાનગઢના ટ્રક ડ્રાઈવરને બોટાદના એક જમાતીથી ચેપ લાગ્યો હોવાનું બહાર આવ્યું છે. બોટાદના જમાતીને રંગાબાદથી ફૂટ સાથે આવતા ટ્રકમાં બેસાડી તા.૨૧ એપ્રિલે બોટાદ સાળંગપુર રોડ ઉપર લાવ્યા હતા. પરંતુ સુરેન્દ્રનગરના બોટાદમાં એક મરકજનો જમાતી આવી ગયો હતો અને તેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બોટાદથી સુરેન્દ્રનગર આવેલા વ્યક્તિને પોઝિટિવ આવ્યો છે, તો સરકાર આ હેર ફેર અટકાવવામાં નિષ્ફળ નિવડી ગણાય. ગાંધીનગર સિવિલમાં એક મહિનાથી કોરોનાની કામગીરીમાં ફરજ બજાવતા ડોક્ટરે ઘરે જતા પહેલા રિપોર્ટ કરાવ્યો તો પોઝિટિવ આવ્યો. આમ ડોક્ટરને સુરક્ષાના સાધાનો પૂરા પાડવામાં સરકારની નિષ્ફળતા જોવા મળી છે.

શાકભાજીના ફેરિયાઓને ચેપ ના લાગે તેવી ચિંતાભરી સરકાર વાતો કરે છે ત્યારે ગાંધીનગરના આલમપુર શાકમાર્કેટના સેક્ટરીનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. ગુજરાતમાં લોકડાઉનની જાહેરાત પહેલા કુલ ૬ જિલ્લા કોરોનાગ્રસ્ત હતા જે આજે વધીને ૨૯ થઈ ગયા છે. દેશનાં કુલ ૪૫ જિલ્લા એવા છે કે જ્યાં છેલ્લા ૧૪ દિવસથી એકપણ કેસ આવ્યો નથી, છેલ્લા સાત દિવસથી એકપણ કેસ નોધાયો નહોતો તેવા ગાંધીનગરમાં કેસ આવવાના શરૂ થયા છે. એકપણ કેસ નોધાયો નહોતો તેવા ડાંગ જિલ્લામાં પણ ગુરૂવારે કોરોનાએ ખાતું ખોલ્યું. પાટણમાં નેગેટિવ રિપોર્ટ આવ્યા બાદ એજ દર્દીનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો. અપૂરતી સુવિધાના કારણે અમદાવાદના ૬૬ સહિત રાજ્યના કુલ ૭૫ પોલીસ કર્મીઓને કોરોના પોઝિટિવ.

કોરોનાના દર્દીઓની સારવાર કરી રહેલા ડોક્ટરો, નર્સિસ, ફાર્માસિસ્ટ પેથોલોજિસ્ટ, હેલ્થ વર્કર્સ, સ્વીપર્સ, વગેરે ૭૭ મેડિકલ સ્ટાફ ઝપટમાં આવી ગયા છે. રાજ્યમાં જેમ-જેમ કેસની માત્ર વધતી ગઈ તેમ તેમ દર્દીના નામ, વિસ્તાર ટેસ્ટના આંકડા સહિતની વિગતો છુપાવવાનુ શરૂ કર્યું. એટલું જ નહીં, સવાર અને સાંજે થતુ બ્રિફિંગ એક જ વખત કરાયું. આ બાબતો એ બતાવે છે કે, સરકાર લોકડાઉનમાં નિષ્ફળ નિવડી છે. સુરતના લોકડાઉન હળવું કરાતા રાશન લેવા માટે પાંડેસરામાં હજારો લોકોની લાંબી લાઈન લાગી, જે લોકડાઉનના સરેઆમ લીરેલીરા ઉડાડે છે.

લોકડાઉનમાં મણિનગર અને ઓઢવમાં કોરોના વોરિયર્સને અપાશે ૨ રૂ. સસ્તુ પેટ્રોલ-ડીઝલ

અમદાવાદ

રાજયમાં કોરોના વાયરસને હરાવવા માટે કોરોના વોરિયર્સ ખડે પગે મહેનત કરી રહ્યા છે. પરતું ઘણા લોકો એ તો આ વોરિયર્સ પર અનેકવાર હુમલો કર્યો છે, જેમાં ઘણા લોકોને ગંભીર ઈજાઓ પણ થઈ છે. ત્યારે અમદાવાદમાં પેટ્રોલ પંપના સંચાલકે કોરોના વોરિયર્સ માટે અનોખી પહેલ શરૂ કરી છે. શહેરના મણિનગર અને ઓઢવમાં કોરોના વોરિયર્સને ૨ રૂપિયા સસ્તુ પેટ્રોલ-ડીઝલ આપવામાં આવી રહ્યું છે.

ડૉક્ટર્સ, ફાયર વિભાગ, એએમસી કર્મચારી સહિતના કોરોના વોરિયર્સને ૨ રૂપિયા સસ્તુ પેટ્રોલ-ડીઝલ આપવામાં આવી રહ્યું છે. કોરોના સાથે સંકળાયેલા કર્મચારીઓ આઈકાર્ડ બતાવવીને પેટ્રોલ-ડીઝલ ઓછા ભાવે મેળવી શકે છે. પેટ્રોલ પંપ પર પેટ્રોલ-ડીઝલ ભરાવવા માટે આવતા લોકોએ જણાવ્યું કે, આ એક સરાહનીય પગલું છે. જ્યારે પેટ્રોપ પંપ કર્મચારીએ કહ્યું કે જ્યારે આ લોકો કોરોના સામે લડત આપી રહ્યાં છે ત્યારે સંચાલક દ્વારા ઓછા ભાવે પેટ્રોલ- ડીઝલ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

વૈશ્વિક મહામારી કોરોનાએ ગુજરાતમાં આતંક મચાવ્યો છે. દેશના અન્ય રાજ્યોની જેમ ગુજરાતમાં પણ કોરોના વોરિયર્સ પર હુમલાઓની અનેક ઘટનાઓ સામે આવી છે. ક્લસ્ટર ઝોન સામે ચાલીને કોરોનાનો ટેસ્ટ માટે જતી મેડિકલની ટીમ પરના અનેક હુમલાઓ પ્રકાશમાં આવ્યા છે. આ ઉપરાંત લોકડાઉનમાં સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવા માટે પોલીસ પણ લોકો પાસે ચૂસ્તપણે પાલન કરાવી રહી છે. પરંતુ લોકડાઉને લઈ લોકોમાં હજી જાગૃતિનો અભાવ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં સરદારનગર વિસ્તારમાં મંદિર પાસે ભેગી થયેલી ભીડને વિખેરવા ગયેલી પોલીસની ટીમ પર પથ્થરમારાની ઘટના સામે આવી હતી. જેમાં પીઆઈ સહિત અનેક પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા.

જામનગરના એક ટ્રસ્ટ દ્વારા ૧૫૦ બેરોજગાર યુવાઓને વિનામૂલ્યે ટિફિન સર્વિસ

જામનગર

કોરોનાની આ મહામારીમાં અમન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા લોકડાઉનમાં ૧૫૦ બેરોજગાર યુવાઓને વિનામૂલ્યે ટિફિન સર્વિસ અપાઈ રહી છે. સાથે સાથે ખીજડિયા બાયપાસ પાસે રહેતા ૧૫ જેટલા વૃદ્ધ લોકોના ઘરે પણ ટિફિન પહોંચાડવમાં આવે છે. લોકડાઉનના આ સમયમાં અમન ચેરીટેબલ ટ્રસ્ટની ઉમદા કામગીરી જોવા મળી રહી છે. શહેરમાં ૨૦૧૪થી વિવિધ સામાજિક સેવા કરતા અમન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા લોકડાઉનમાં ખાસ કરીને જે લોકોના ધંધા રોજગાર બંધ છે તેની મદદ કરવામાં આવી રહી છે. આમ તો જામનગરમાં છેલ્લા ઘણા વર્ષોથી વૃદ્ધાશ્રમ ચલાવી રહેતા અમન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા લોકડાઉનમાં કોઈ માણસ ભૂખ્યો ન રહે તેવા ઉદેશથી ભોજનાલય શરૂ કરવામાં આવ્યું છે.

હાલ પરપ્રાંતિય લોકો હોટલમાં કામ કરતા હતા તે બેરોજગાર બન્યા છે અને નોકરી ન હોવાથી એક ટાઈમ જમવાના પણ ફાંફાં પડી રહ્યા છે. જામનગરમાં યુપી, બિહાર અને નેપાળથી યુવકો નોકરી કરવા આવ્યા છે. હાલ આ લોકોની આર્થિક સ્થિતિ પણ ખરાબ છે, ત્યારે સંકટ સમયે અમન ચેરીટેબલ ટ્રસ્ટ આગળ આવ્યું છે. ટ્રસ્ટના મહિલા પ્રમુખ પારુલ બહેને જણાવ્યું કે, તેઓ વર્ષોથી સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે અને લોકડાઉનમાં લોકોની મદદ કરવી એ અમારી ફરજ છે. બેરોજગાર યુવાઓને તો ભોજન આપવામાં આવે છે.

સાથે સાથે ખીજડિયા બાય પાસ પાસે રહેતા ૧૫ જેટલા વૃદ્ધ લોકોના ઘરે પણ ટિફિન પહોંચાડવમાં આવે છે. આમ જામનગરમાં છેલ્લા ઘણા સમયથી સેવાકીય પ્રવૃત્તિ માટે જાણીતા અમન ચેરીટેબલ ટ્રસ્ટની કામગીરી લોકડાઉનમાં પણ ઉમદા જોવા મળી રહી છે. જામનગરમાં અનેક સામાજિક સંસ્થાઓ લોકડાઉનમાં સેવાયજ્ઞ ચાલવી રહી છે. અનેક લોકોને ફૂટ પેકેટ આપવામાં આવી રહ્યા છે, ત્યારે અમન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રોજ ૧૫૦ જેટલા લોકોને ટિફિન સર્વિસ આપવામાં આવી રહી છે.

લુણાવાડા લોકડાઉનમાં તમાકુ અને પાન મસાલાના વેચાણ કરાતા ગોડાઉન કરાયું સીલ

લુણાવાડા

મળતી માહિતી મુજબ મહીસાગર જિલ્લા કલેકટર કચેરીથી પ્રાંત અધિકારી દ્વારા સચોટ નિદર્શન રાખી શુક્રવારે નવકાર ટ્રેડર્સ પર દરોડા પાડવામાં આવ્યા હતા. તેમની દુકાનના સીસીટીવી કેમેરામાં રાતના ૧૨ વાગ્યે માલિકે તેમની દુકાન ખોલીને માલની વહેચણી કરતા સીસીટીવી દ્રશ્યમાં જણાઈ આવતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૧૮૮ કલમના ભંગ બદલ દુકાનો અને બીજા અન્ય ગોડાઉનોને સીલ મારવામાં આવ્યા હતા.

લોકડાઉનમાં તમાકુ અને પાન મસાલાના વેચાણ બદલ ગોડાઉન સીલલોકડાઉનમાં તમાકુ અને પાન મસાલાના વેચાણ બદલ ગોડાઉન સીલલુણાવાડાની બીજી ત્રણ જેટલી દુકાનોને પણ સીલ મારવામાં આવી હતી જે દુકાનો તમાકુ તથા પાન મસાલા વેચતા હતા તેવી દુકાનો હતી. કોરોના સામે લડવા માટે વહીવટી તંત્ર વધુ એલર્ટ બન્યું છે. લોકડાઉન સાથે સોશિયલ ડિસ્ટન્સનું પાલન પણ ન થતું હોવાથી પોલીસ વધુ કડક બની છે.

કોરોનાને પગલે રાજકોટમાં રેપિડ કિટથી ટેસ્ટ શરૂ

૭ દિવસથી લક્ષણો ધરાવતા લોકોનો કરાશે ટેસ્ટ

રાજકોટ

ગુજરાતમાં કોરોનાએ વિકરાળ રૂપ ધારણ કરી દીધુ છે. ગઈકાલ સાંજ સુધી નવા ૨૧૭ કેસો સાથે ગુજરાતમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૨૬૨૪ થઈ ગઈ છે. તેમાંથી ૧૧૨ લોકોના મોત પણ થયા છે. કોરોનાની વર્તમાન સ્થિતિ અંગે ગુજરાત આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું હતું કે, કોરોનાના ટેસ્ટ પહેલા પ્રારંભિક લક્ષણો ધરાવતા વ્યક્તિઓને શોધી શકાય તે માટે રેપિડ એન્ટી બોડી ટેસ્ટ કિટનો ૩૦ જિલ્લામાં વ્યાપક ઉપયોગ શરૂ કરી દેવામાં આવ્યો છે. ત્યારે રાજકોટમાં આજથી રેપિડ ટેસ્ટ કિટ દ્વારા લોકોનો કોરોના ટેસ્ટ કરવાનું શરૂ કરવામાં આવ્યું છે. રોજ ૧૦૦ લોકોનો ટેસ્ટ કરવામાં આવશે.

જે વ્યક્તિને ૭ દિવસથી કોરોનાના લક્ષણ (તાવ, શરદી અને ઉધરસ) તેનો રેપિડ ટેસ્ટ કિટથી ટેસ્ટ કરવામાં આવશે. આરોગ્ય અધિકારીએ જણાવ્યું કે, રેપિડ ટેસ્ટ કિટમાં પરિણામ ૧૫થી ૨૦ મિનિટમાં આવી જાય છે. જે વ્યક્તિને સાત દિવસથી શરદી, તાવ, ઉધરસ હોય તેનો રેપિડ ટેસ્ટ કરવામાં આવશે. લોહીનું એક ટીપું રેપિડ કીટમાં ડ્રોપ કરવામાં આવે છે.ત્યારબાદ એક અને બે ગુલાબી લાઈન પરથી પરિણામ આવે છે. એક લાઈન દેખાય તો નેગેટિવ અને બે લાઈન દેખાય તે પોઝિટિવ. ત્યારબાદ વ્યક્તિનો કોઈ પણ સેમ્પલ પરીક્ષણ માટે લેબમાં મોકલાવવામાં આવતા નથી. આ ટેસ્ટને માન્ય રાખવામાં આવે છે.

રેપિડ ટેસ્ટ કિટ પર એક ગુલાબી લાઈન આવે તો વ્યક્તિનો રિપોર્ટ નેગેટિવ છે. ટેસ્ટ કીટ પર સી અને એમ ગુલાબી લાઈન આવે તો દર્દી આઈજીટી એન્ટીબોડી સાથે પોઝિટિવ છે. જો કીટ પર જી અને એમ બંને લાઈન દેખાય તો દર્દી આઈજીજી અને ઈજીએમ એન્ટીબોડીની સાથે પોઝિટિવ છે. જો રેપિડ ટેસ્ટ નેગેટિવ આવે તો પછી શંકાસ્પદ દર્દીનો રીયલ ટાઈમ પીસીઆર ટેસ્ટ કરવામાં આવે છે. રીયલ ટાઈમ પીસીઆર ટેસ્ટ પોઝિટિવ આવે તો આવા દર્દીને હોસ્પિટલમાં આઈસોલેશનમાં ખસેડવામાં આવે છે.

ગીર-સોમનાથમાં કોરોના વોરીયર્સની કામગીરી બિરદાવવા માટે બનાવાઈ "શોર્ટ ફિલ્મ"

ગીર-સોમનાથ

ગીર સોમનાથ પોલીસ દ્વારા વધુ એક શોર્ટ ફિલ્મ રિલીઝ કરવામા આવી છે. કોરોના વૈશ્વિક મહામારીના જંગમાં ફ્રન્ટલાઈન કોરોના વોરીયર્સ જેવા કે ડૉક્ટર્સ, નર્સ, સફાઈ કર્મચારી વગેરે ખુબ અગત્યનો ભાગ ભજવી રહ્યા છે. ત્યારે એવા જ કોરોના વોરીયર્સ ગીર સોમનાથ જિલ્લા પોલીસ વિભાગના કોરોના યોદ્ધાઓની હૃદયસ્પર્શી કહાની તેમણે આગવી રીતે રજૂ કરી છે.

સામાન્ય સંજોગોમાં પ્રજાની સલામતી માટે હંમેશા તત્પર રહેતું પોલીસ વિભાગ કોરોના મહામારી સામેના જંગમાં જનતાનો જીવ બચાવવા રાત દિવસ મહેનત કરી રહ્યું છે. ત્યારે નાગરિકોએ સહકાર આપવો પણ જરૂરી બને છે. આ જ ભાવના સાથે દરેક લોકો "ઘરે રહો સુરક્ષિત રહો"ની વાત સાથે ગીર સોમનાથ પોલીસ દ્વારા વધુ એક શોર્ટ ફિલ્મ રિલીઝ કરાઈ છે. કોરોના સામે કપરા સમયમા પોલીસની કામગીરીને લઈ બનાવાયેલી આ ફિલ્મમાં પોલીસની મદદ કરવા માંગતા હો તો ઘરમાં જ રહી મદદ કરો જેવો સંદેશો આપવામા આવ્યો છે તથા પોલીસે આ ફિલ્મમાં કારોના ફાફલાના અદભુત દર્શ્યો અને કારોની કતારોના ફ્લેગ સાથેના દર્શ્યો ફિલ્મવ્યા છે તે જોઈને ખરેખર કહેવાનું મન થાય કે "દેશના વીર જવાનો અમર રહો.

સુરતમાં કોરોનાનો કેર જોયા બાદ કેન્દ્રીય ટીમે કલેક્ટર-કમિશનર સાથે કરી બેઠક

સુરત

કોરોનાનો કહેર વધતો જાય છે તેમ ટેસ્ટિંગની સંખ્યા પણ વધારી દેવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ ૯૫૧૧ શંકાસ્પદોના ટેસ્ટ કરવામાં આવ્યાં છે. જેમાથી ૪૭૧ જેટલા દર્દીઓ પોઝિટિવ આવ્યાં છે.અમરોલીના વૃધ્ધના મોતથી મૃત્યુઆંક ૧૫ થયો છે. રેપિડ એન્ટી બોડી કિટથી થયેલા ટેસ્ટમાં પ્રથમ દિવસે એક પોઝિટિવ દર્દી નોંધાયો હતો. પાલિકા દ્વારા ૧૪ જેટલા કલસ્ટર અને હોટસ્પોટ વિસ્તારમાં એક્ટિવ સર્વેલન્સ કરવામાં આવી રહ્યું છે.શહેરની સમીક્ષા કરવા માટે દિલ્હીથી એક ટીમ આવી છે. કોરોનાની સ્થિતિ જાણવા માટે દિલ્હીથી ટીમ સુરત પહોંચી છે. કેન્દ્રની ટીમે કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર મ્યુનિસિપલ કમિશનર પોલીસ કમિશનર તેમજ અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે ફરી બેઠક કરી છે. કોરોના ને લઈને હાલની સ્થિતિને લઈને સમીક્ષા કરી ફૂડ વિતરણ



વ્યવસ્થા તેમજ કામદારોની કઈ પરિસ્થિતિ છે તેનો તાગ મેળવ્યો હતો.

વધુ એક પોઝિટિવનું મોત

અમરોલી ખાતે કોરોના પોઝિટિવ દર્દી દીપકભાઈ રણછોડભાઈ ભટ્ટ (ઉ.વ.આ.૫૮)નું સારવાર દરમિયાન હોસ્પિટલમાં મૃત્યુ થયું છે. દીપકભાઈ ભટ્ટ મૂળ ભાવનગરના વલભીપુર ગામના વતની હતા. છેલ્લા ૫ વર્ષથી સુરત સ્થાયી થયા હતા.દિપકભાઈ ભટ્ટના પરિવારને અમરોલી ખાતે તેમના નિવાસ સ્થાન રજવાડી પાર્ટી પ્લોટ સ્વીટ હોમ ટેનામેન્ટ ખાતે હોમ ક્વોરન્ટીન કરેલા છે. ત્યાં તેમના પુત્ર ચિરાગ (ઉ.વ.૩૦) ની તબિયત તેમના ઘરે ગઈકાલ સાંજની ખરાબ છે તેને પણ તાવ અને ગળામાં તકલીફ જેવું છે.

કોરોનાના કહેર વચ્ચે લોકડાઉનનું પાલન કરાવવા સુરતમાં તૈનાત જીઈ જવાનોએ કોરોના ટેસ્ટ કરાવવાની માંગ કરી છે. કેટલાક શરદી-ખાસી અને સામાન્ય તાવ ની ફરિયાદ પણ કરી રહ્યા છે. જવાનોને ડ્યુટી પરથી આવ્યા બાદ કોરોના વાઈરસનો ડર હાલ તમામને સતાવી રહ્યો છે. એક સાથે ૧૦૦ જવાનો રહે છે. દાહોદ એસઆરપી ગ્રુપ ૪ના જવાનોને હાલ કતારગામ વાટલીયા પ્રજાપતિ સમાજની વાડીમાં ઉતારો અપાયો છે.ગત રોજ બાદ આજે બે જણાને વાડીમાંથી એમ્બ્યુલન્સમાં તબીબી તપાસ માટે સુરત સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતાં.

સતત દરિયા તરફથી પવન ફુંકાતા તાપમાનમાં ઘટાડો

પારો ૩૮ ડિગ્રી થવાની શક્યતા

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી દક્ષિણ પશ્ચિમ દિશાથી દરિયાઇ કાળઝાળ ગરમીમાં હંગામી રાહત અનુભવાઇ રહી છે.

સુરત હવામાન વિભાગના સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત રોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૯ ડિગ્રી નોંધાયુ હતું. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૫.૬ ડિગ્રી નોંધાયુ છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૧ ટકા અને હવાનું દબાણ ૧૦૦૯ મીલીબાર નોંધાયુ છે. શહેરમાં સવારથીજ દક્ષિણ પશ્ચિમ દિશાથી કલાકના ૯ કિમીની ઝડપે પવન ફુંકાઇ રહયો છે.

નવસારી હવામાન વિભાગના સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ગત રોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૭.૫ ડિગ્રી નોંધાયુ છે. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૫.૩ ડિગ્રી નોંધાયુ છે. હવામાં ભેજનું પ્રમાણ ૮૬ ટકા નોંધાયુ છે. હવામાં ભેજનું પ્રમાણ ૮૬ ટકા નોંધાયુ છે. સવારથી કલાકના ૫ કિમીની ઝડપે પવન ફુંકાઇ રહી છે. સાંજ સુધી શહેરીજનોને ગરમીથી હંગામી રાહત મળે તેવી શક્યતા છે.

મોરબીમાં લોકડાઉન ભંગ બદલ તંત્રની લાલ આંખ, ૭૯ આરોપીઓની ધરપકડ

મોરબી

મોરબી જીલ્લામાં લોકડાઉનનો ભંગ કરતા ૭૯ ઈસમો સામે કડક કાર્યવાહી કરવામાં આવેલ છે. ૨૩ એપ્રિલના રોજ મોરબી પોલીસ દ્વારા દુકાનો ખુલ્લી રાખવા બાબતના કુલ ૧૨ કેસો કરવામાં આવેલ છે. જેમાં કુલ ૧૨ આરોપીઓ ઉપર કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ ટોળું ભેગુ થયેલ હોય તેવા કેસો કુલ ૧૩ કેસો કરવામાં આવેલ છે. જેમાં કુલ ૫૯ આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવેલ છે. વધુમાં, બિનજરૂરી અવરજવરના કુલ ૬ કેસ કરવામાં આવેલ છે. જેમાં કુલ ૮ આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ મોરબી જીલ્લામાં લોકડાઉનની પરિસ્થિતીમાં કુલ ૯ વાહનો ડીટેઈન કરવામાં આવેલ છે. આમ, મોરબી જીલ્લામાં જાહેરનામાં ભંગના કુલ ૩૧ કેસો કરવામાં આવેલ છે. જેમાં કુલ ૭૯ આરોપીઓને અટક કરવામાં આવેલ છે.

કોરોના મુક્ત બનેલ ગાંધીનગરમાં વાયરસ ફરી વકરતા ડીડીઓએ યોજી બેઠક

ગાંધીનગર

રાજયભરમાં વકરતા કોરોનાથી પાટનગર ગાંધીનગર પણ બાકાત રહી શક્યુ નથી. જોકે, ગાંધીનગરમાં કોરોના અને લોકડાઉનની સ્થિત વચ્ચે તંત્રએ કરેલી કામગીરીની ડીડીઓએ સમીક્ષા હાથ ધરી હતી. ગાંધીનગરમાં કુલ ૭૨ ટીમો કાર્યરત છે અને આ ટીમ આઠ વિસ્તારમાં કામ કરીને સર્વલન્સની કામગીરી કરી રહી છે. કામગીરી હાથ ધરીને જે લોકોને સામાન્ય તાવ હોય તો તેમને સારવાર આપવાનું કામ કરે છે.

૨૩ જેટલા વર્ગમાં એક અને બે અધિકારીઓ દ્વારા કામ કરવામાં આવી રહ્યુ છે. કોલવડા ખાતે હોસ્પિટલ શરૂ કરવામાં આવી છે અને તમામ ગામોમાં આરોગ્ય ટીમ તૈનાત કરાઈ છે. ગાંધીનગરમાં ૭૪ કામોને પરવાનગી આપવામાં આવે છે અને ૧૦૨ શ્રમિકો કામ કરી રહ્યા છે. આઠ કલસ્ટર ઝોનમાં આઠ લાખની વસ્તીને કોર્ડન કરી છે. કુલ ૨૦૪ લોકોને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લામાં ૨૦૦ જેટલી એન્ટી રેપિડ ટેસ્ટ કીટ પણ આપવામાં આવી છે.

વડોદરાના એક વિસ્તારમાં પોલીસ પર પથ્થરમારો કરનાર ૫ શખ્સોની કરાઈ ધરપકડ

વડોદરા

વડોદરાના વાડી વિસ્તારમાં આવેલ ખાટકીવાડ ખાતે ગુરુવારે રાત્રે લોકડાઉનનો છેડેચોક ભંગ કરીને ટોળુ એકઠુ થયુ હતુ. આ અંગની જાણ થતાં સ્થળ પર પહોચીને ટોળાનો વિખેરવાનો પ્રયાસ કરી રહેલી પોલીસની પીસીઆર વાન પર પથ્થરમારો કરવામાં આવ્યો હોવાની ઘટના બની હતી. જેમાં એક પોલીસ કર્મચારીને ઈજા પણ પહોચી હતી. આ ઘટનાના સંદર્ભમાં પોલીસે પાંચ વ્યક્તિઓની ધરપકડ કરી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર ખાટકીવાડમાં ટોળુ બેઠુ હોવાની પોલીસ કંન્ટ્રોલરૂમમાં કોઈ ફરીયાદ ગઈ હતી. જેના પગલે વાડી પોલીસ મથકની હદમાં આવેલા આ વિસ્તારમાં ફરતી પીસીઆર વાન સ્થળ પર ધસી ગઈ હતી. તેઓએ ટોળાને વિખેરવાનો પ્રયાસ કર્યો હતો. એક તબક્કે ટોળુ વિખેરાઈ પણ ગયુ હતુ. ત્યાર બાદ પીસીઆર વાન પાછી ફરી રહી ત્યારે તેના પર કેટલાક તત્વોએ ઉશ્કેરાઈને પથ્થરમારો કર્યો હતો. જેમાં પીસીઆર વાનમાં બેસેલ એક પોલીસ કર્મચારીને ઈજા પણ થઈ હતી.

પોલીસે આ ઘટનાના સંદર્ભમાં ગુનો દાખલ કરીને આજે પાંચ વ્યક્તિઓની ધરપકડ કરી હતી. જેના પગલે આ વિસ્તારમાં ફરી પાછુ ઉત્તેજીત માહોલ થઈ ગયો હતો. એક તબક્કે તો હુમલાખોરોને છોડાવવા માટે કેટલાક આગેવાનો પણ પોલીસ મથકે ધસી ગયા હતા.

સુરતમાં રૂપિયાની લેવડ-દેવડને લઈ પિતાએ એનઆરઆઈ પુત્રની કરી હત્યા

સુરત

કોરોનાની મહામારીમાં યુકેથી આવેલા પુત્રએ પિતા પાસેથી પૈસા માગતા પિતાએ ઉશ્કેરાઈને ચપ્પુના ઘા મારીને પુત્રની હત્યા કરી નાખી હતી. પોલીસે હત્યારા પિતાની ધરપકડ કરી છે જ્યારે એનઆરઆઈ પુત્રનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલવામાં આવ્યો છે.

હાલમાં કોરોનાની લડત સામે લોકડાઉન કરવામાં આવ્યું છે અને તેને લઈ લોકો સોશિયલ ડિસ્ટન્ટ રાખી રહ્યા છે. ત્યારે આવા સમયે શહેરની ગુનાખોરી સતત ઘટાડો નોંધાયો છે. લોકડાઉન વચ્ચે સુરતમાં એક હત્યાની ઘટના સામે આવી છે.લાલગેટ પોલીસ મથક વિસ્તારમાં પિતાએ એનઆરઆઈ પુત્રની



હત્યા કરી નાખી છે. સુરતના લાલગેટ પોલીસ મથક હદમાં આવેલા રાણી તળાવ ભારબંધવાડ વિસ્તારમા પિતાએ એકના એક પુત્રની હત્યા કરી છે. પિતા પુત્ર લોકડાઉનના કારણે ઘરે હતા. તે સમયે બંને વચ્ચે રૂપિયાની બાબતમાં બોલાચાલી થયા બાદ પિતાએ ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરી નાખી હતી. યુકેમાં રહેતો મણીયાર મોહમ્મદ ઈમરાન માતા-પિતાને મળવા આવ્યો હતો. હત્યાના પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. લાલગેટ પોલીસે દીકરાની હત્યા કરનાર પિતાને ઝડપી લઈને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

સુરતમાં કોરોનાની સ્થિતિને લઈ મ્યુ. કમિશનર બંછાનિધિની ચેતવણી

સોશિયલ ડિસ્ટન્સિંગનો અમલ ન કર્યો તો ૩૧મી મે સુધીમાં દર્દી ૧.૬૪ લાખને પાર થશે

સુરત

સુરત શહેરમાં કોરોના પોઝિટિવના દર્દીઓની સંખ્યા ૪૫૦ને પાર કરી જતા મ્યુ. કમિશનર બંછાનિધી પાનીએ આજે ચેતવણી આપી છે કે લોકોએ સોશિયલ ડિસ્ટન્સિંગનો અમલ નહીં કર્યો અને દર ત્રણ દિવસે કોરોના પોઝિટિવના દર્દીઓ બમણા થયા તો ૩૧મી મે સુધીમાં સુરતમાં કોરોના પોઝિટિવ દર્દીની સંખ્યા ૧.૬૪ લાખને પાર કરી જશે. પાલિકા કમિશનર બંછાનિધી પાનીએ જણાવ્યું હતું કે શહેરમાં કોરોના પોઝિટિવના ૩૭ ટકા દર્દીઓ માન દરવાજા મીઠી ખાડી વિસ્તારના છે. માન દરવાજા વિસ્તારમાં સોશિયલ ડિસ્ટન્સિંગનો અમલ નહીં થતા ૨૦, ૨૧ અને ૨૨ તારીખે પોઝિટિવ કેસોની સંખ્યા ડબલ થઈ ગઈ હતી. દેશમાં દર દસ દિવસે કોરોનાના કેસો ડબલ થઈ રહ્યા છે.

સુરતમાં દર દસ દિવસે કોરોના પોઝિટિવના કેસ ડબલ થાય તો ૩૧મી મેના રોજ સુરતમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૩૨ હજાર થશે. દર સાત દિવસે કોરોના પોઝિટિવના કેસ ડબલ થયા તો ૩૧મી મેના રોજ સુરતમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૬૪ હજારને પાર કરી જશે. દર પાંચ દિવસે કોરોનાના કેસ ડબલ થયા તો ૩૧મી મે સુધીમાં ૮૦ હજાર કેસ આવી શકે અને માન દરવાજાની જેમ દર ત્રણ દિવસે ડબલ થયા તો ૩૧મી



મેના રોજ સુરતમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧૬૪૦૦૦ હશે. કોરોના પોઝિટિવના કેસો ડબલ થવાની બાબત સ્પષ્ટપણે બતાવે છે કે સોશિયલ ડિસ્ટન્સિંગનો અમલ થાય તો જ કેસો ઘટી શકશે અને તો જ આપણા માટે ચિંતાનો વિષય નથી. શહેરીજનો આગામી દિવસોમાં સંયમ રાખે. માસ્ક પહેરે અને સોશિયલ ડિસ્ટન્સિંગનો અમલ કરે.

કમિશનર પાનીએ કહ્યું હતું કે શહેરની ૩૫૧ પૈકી ૫૧ ઝૂંપડપટ્ટીમાં કોરોના પોઝિટિવના કેસ મળી આવ્યા છે જે ચિંતાનો વિષય છે. રહેણાંક સોસાયટીઓમાં લોકો સોશિયલ ડિસ્ટન્સિંગનો અમલ કરતા હોવાથી કોરોનાના કેસોની સંખ્યા ઘટી છે જ્યારે સોસ્યલ ડિસ્ટન્સિંગનો અમલ થતો નહીં હોવાથી ઝૂંપડપટ્ટીઓમાં કોરોનાના કેસો વધી શકે છે.

વૃદ્ધોને સલામત રાખવા વડીલ બંધન અભિયાન

શહેરના લાખો વરિષ્ઠ નાગરિકોને સલામત રાખવા માટે પાલિકાએ વડીલ બંધન અભિયાન શરૂ કર્યુ છે. કમિશનર પાનીએ કહ્યું હતું કે ૬૦ વર્ષથી વધુની વય ધરાવતા તથા બ્લડ પ્રેસર, ડાયાબિટીસ જેવી બીમારી ધરાવતા વડીલો ઘરની બહાર નહીં નિકળે તે ખૂબ જરૂરી છે. તેમની ફરતે સુરક્ષા કવચ બનાવવું જરૂરી છે, પાલિકા પોસ્ટ વિભાગની મદદથી વરિષ્ઠ નાગરિકોને ઘર બેઠા દવા અને કરિયાણું મળી શકે તે માટે પ્રયત્ન કરી રહી છે. આ માટે ટોલ ફ્રી નંબર જાહેર કરવામાં આવશે.

કોરોના સામે રાજ્ય તંત્ર ફેલ થતા વાયરસ પર કાબુ મેળવવા કેન્દ્રથી આવી ૫ સભ્યોની ટીમ

અમદાવાદ અને સુરત ની મુલાકાત બાદ વર્તમાન પરિસ્થિતિને લઈને કરાઈ ચર્ચા

અમદાવાદ

સમગ્ર રાષ્ટ્રમાં જયારે કોરોનાના કહેર વચ્ચે લોકડાઉન ચાલી રહ્યું છે, ત્યારે આજે વહેલી સવારે શનિવારના રોજ કેન્દ્રીય આરોગ્ય વિભાગ અને કેન્દ્રીય ગૃહ વિભાગની બે ટિમ ગુજરાત આવી પહોંચી છે. અમદાવાદ અને સુરત શહેરમાં કેન્દ્રીય કક્ષાના અધિકારીઓએ મુલાકાત લઈ વર્તમાન પરિસ્થિતિને લઈને ચર્ચા-વિચારણા કરી હતી. જેમાં ખાસ અમદાવાદની પરિસ્થિતિ દિવસેને દિવસે વધુ બગડી રહી છે હોવાથી મૂદ્દાસર વાતચીત કરવામાં આવી હતી. જણાવી દઈએ કે, શહેરના કલેક્ટર, શહેર પોલીસ કમિશનર તથા મ્યુન્સિપલ કમિશનર સાથે આ બેઠકનો દોર યોજાયો હતો.

ઉલ્લેખનીય છે કે, આ બેઠક બે ભાગમાં થઈ હતી જેમાં એક બેઠક ઉસ્માનપુરાની હોટલ હયાત રેજન્સી ખાતે સવારે ૦૯:૦૦ થી ૦૯:૩૦ વાગ્યાના અરસામાં યોજાઈ હતી અને આ બેઠક લગભગ ૧૧:૦૦ થી ૧૧:૩૦ વાગ્યાના અરસામાં પૂર્ણ થઈ હતી. ત્યારબાદ મિટિંગનો બીજો દોર અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે બપોરે ૧૨:૦૦ વાગ્યાના અરસામાં યોજાયો જેમાં કેન્દ્રીય હેલ્થ વિભાગના અધિકારીઓ તથા શહેર પોલીસ કમિશ્નર સહીતના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. હાઈપાવરની આ મિટિંગમાં કેન્દ્રની ટિમ સમક્ષ સમગ્ર અમદાવાદ શહેરનો વાસ્તવિક ચિતાર રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં કોરોનાના પોઝેટીવ કેસના આંકડાથી લઈને આગામી સમયમાં આ પરિસ્થિતને પહોંચી વળવા માટે તંત્ર કેટલું સુસજ્જ છે તેની ચર્ચા કલેક્ટર કચેરી ખાતે કરવામાં આવી હતી. જેમાં મેડિકલ વિભાગના કર્મીઓને કેવી કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જેમ કે, વાત કરવામાં આવે તો પીપીઈ કીટ થી લઈને કોરોના ટેસ્ટ કીટની અછત આ તમામ મુદ્દાઓ ઉપર કેન્દ્ર કક્ષાના સચિવ ભુપેન્દ્રસીંગ ભલ્લાની અધ્યક્ષતામાં આ મિટિંગ યોજાઈ તેમાં ચર્ચા થઈ હતી. હોટલ હયાત રેજન્સી અને ત્યારબાદ અમદાવાદ કલેક્ટરે કચેરી ખાતે યોજાયેલી આ હાઈપાવર મિટિંગનો દોર લગભગ બે થી અઢી કલાક ચાલી જેમાં કેન્દ્રીય સચિવ ભુપેન્દ્રસીંગ ભલ્લા, અમદાવાદ કલેકટર, શહેર પોલીસ કમિશનર, ડીડીઓ અરુણ મહેશ બાબુ, મિનિસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમેલી વેરફેર ડિપાર્ટમેન્ટ રિપ્રેઝન્ટેટિવ ચંદના ડે પણ હાજર રહ્યા હતા આ સહીત કેન્દ્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ૫ કેન્દ્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા

શ્રી ભુપિન્દર ભલ્લા (એડિશનલ સેક્રેટરી મિનિસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી)

ડૉ. નિરજ ઢીંગરા (ડિરેક્ટર ઓફ નેશનલ વેક્ટર)

ડૉ. સંતોષ કુમાર (પ્રોફેસર નેશનલ ઈનટીટ્યુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ)

ઈન્દર કુમાર બેદી (ચીફ જનરલ મેનેજર ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા)

વિનોદ કુમાર (ડિપ્યુટી સેક્રેટરી મિનિસ્ટ્રી ઓફ હેલ્થ રિસર્ચ)

નવસારી જિલ્લામાં લોકડાઉનમાં ભંગબદલ ૧૭૦ વાહનો જપ્ત

૧૯૭ લોકો વિરુદ્ધ ગુના દાખલ કરાયા

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

નવસારી જિલ્લા પોલીસ દ્વારા પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર તા.૨૩ મી એપ્રિલના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં કલમ ૧૮૮ કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ હેઠળ ૧૯૭ સામે એફ.આઇ.આર. કરવામાં આવી છે તેમજ ૨૦૮ ની અટક કરવામાં આવી છે. જિલ્લામાં ૧૭૦ વાહનો ડીટેઈન કરાયા હતા. તા.૨૩ એપ્રિલ સુધીમાં કુલ ૫૬૬૯ એફઆઈઆર કરવામાં આવી છે. તેમજ કુલ ૬૨૩૨ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે.

શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

કોરોના કેસ સામે આવ્યા બાદ જાગ્યું તંત્ર

માણસા તાલુકાના સરપંચોએ તંત્ર સામે વ્યક્ત કર્યો બળાપો

અમદાવાદ

૨૪મી એપ્રિલ વિશ્વ પંચાયત દિન છે ત્યારે એક તરફ વડાપ્રધાન દેશના ગ્રામ્ય વિસ્તારોના સરપંચ સાથે કોરોનાની મહામારી બાબતે સીધો સંવાદ કરી રહ્યા હતા. તેવા સમયે માણસા તાલુકાના સરપંચોએ તેમના વણઉકલ્યા પ્રશ્નો બાબતે મામલતદાર સહિતના અધિકારીઓ સામે બળાપો વ્યક્ત કર્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર મારતા તાલુકાના તમામ ગામોના સરપંચોએ આજે માણસા તાલુકા સરપંચ એસોસિયેશનના નેજા હેઠળ મહામારીના સમયમાં જનતા કરફ્યુ અને બે વખતના લોકડાઉનમાં અત્યાર સુધી પોતાના ગામમાં દવાના છંટકાવથી લઈને કોરોનાનું સંક્રમણ ના થાય તે માટે અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ એક માસથી કરી રહ્યા છે,

પરંતુ તેઓને કામગીરી બાબતે મળતી કેટલીક મુશ્કેલીઓ અંગે તંત્રને જાણ કરવા છતાં સંકલનનો અભાવ હોવાના કારણે તેમની સમસ્યાઓનું નિરાકરણ આવતું નથી. ગામના લોકો સાથે ખોટા વિવાદો ઊભા થતાં હોવાના કારણે સરપંચો આજથી ગામની તમામ કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી. પ્રશ્નો અંગે જાણ કરાતા મામલતદાર ડોક્ટર શાહે તેઓને સાંજે બોલાવ્યા હતા અને તે સમયે તમામ વિભાગના અધિકારીઓની હાજરીમાં સરપંચોની વાતને વાચા અપાવી હતી.

તેમાં મુખ્યત્વે પોતાનું વતન હોવાના કારણે ગામમાં બહારથી આવેલા અને આવતા લોકોને અટકાવવાના કારણે થતા વિવાદો ઉભા થાય છે. તેમાં પોલીસ અધિકારી સરપંચની વાત નહીં માને તો તેમના પર કાયદેસર ફરિયાદ દાખલ કરવાનું આશ્વાસન અપાયુ હતું. તે ઉપરાંત સંકલન દ્વારા તમામ પ્રશ્નોનું નિરાકરણ લાવવાની ખાતરી આપતા સરપંચોએ સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

ડાંગમાં પ્રિતિબેન કુંવરના સંપર્કમાં આવેલા ૬૧ લોકોના ટેસ્ટ નેગેટિવ

આહવા

ડાંગ જિલ્લામાં કોરોના વાઈરસ નો એક કેસ તા.૨૩/૦૪/૨૦૨૦ ના રોજ કોરોના પોઝેટીવ આવ્યો હતો.ડાંગ જિલ્લામાં સૌપ્રથમવાર આવેલા પોઝેટીવ કેસના કારણે સમગ્ર ડાંગ જિલ્લામાં ભયનો માહોલ બની ગયો હતો.અત્યાર સુધીમાં પોઝેટીવ કેસના સીધા સંપર્કમાં આવેલ તમામ ૬૧ વ્યક્તિઓના રીપોર્ટ નેગેટીવ આવતા તંત્રએ હાશકારો અનુભવ્યો છે.

જિલ્લા કલેકટરશ્રી એન.કે.ડામોરના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કોરોના વાઈરસ અંગે સરકારશ્રીના દિશાનિર્દેશ અનુસાર તાકીદના પગલા લેવામાં આવ્યા હતા. સૌપ્રથમ COVID ૧૯ હોસ્પિટલમાં હાલમાં જ નર્સ તરીકે સેવા આપતા પ્રિતિબેન એસ.કુંવર નો કોરોના ટેસ્ટ પોઝેટીવ આવતા આરોગ્ય તંત્રો સાવધાન બનીને તેણીના સંપર્કમાં આવનાર તમામ વ્યક્તિઓનું લીસ્ટ તૈયાર કરી તેઓના COVID ૧૯ ટેસ્ટ રીપોર્ટ માટે મોકલી આપ્યા હતા. ત્યારબાદ સીધા સંપર્કમાં આવેલ કુલ ૬૧ વ્યક્તિને ટ્રેસ કરી તેઓને કોરેન્ટાઈન કરવામાં આવ્યા હતા. આધારભૂત સૂત્રો દ્વારા મળેલ માહિતી મુજબ ડાંગ જિલ્લાના લહાનઝાડદર ગામની પોઝેટીવ આવેલ વ્યક્તિને સુબીર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે COVID ૧૯ હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં સંપૂર્ણ સારવાર અપાઇ રહી છે. હાલ આ દર્દીમાં લક્ષણો સામાન્ય જણાય રહયા છે. અત્યાર સુધીમાં ડાંગ જિલ્લામાંથી કુલ ૨૦૬ વ્યક્તિઓનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જેમાંથી ૧ પોઝેટીવ અને ૧૯૫ નેગેટીવ રીપોર્ટ આવ્યો છે. અને ૧૦ રીપોર્ટ પેન્ડીગ છે.

કોરોના વાઈરસની ગંભીરતા લેતા કલેકટરશ્રી એન.કે.ડામોર,જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે. વઢવાણિયા, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.સંજય શાહ,જિલ્લા પોલીસ વડા શ્રીમતિ શ્વેતા શ્રીમાળી,પ્રાંત અધિકારીશ્રી કાજલબેન ગામીત, મામલતદારશ્રી એમ. એસ. માહલા એ જિલ્લાના પ્રથમ કેસ ધરાવતા સુબીર તાલુકાના લહાનઝાડદર ગામની મુલાકાત લીધી હતી. ત્યારબાદ કલેકટરશ્રી ડામોરે તકેદારીના ભાગરૂપે વાઈરસના ઝડપી સંક્રમણને ધ્યાને લઇ જિલ્લા વહીવટી તંત્રને સુચારૂ માર્ગદર્શન આપી લહાનઝાડદર ગામ સહિત ૩ કિ.મી.ની ત્રિજ્યામાં આવતા સમગ્ર વિસ્તારને COVID ૧૯ Containment Area તરીકે જાહેર કર્યો હતો. તેમજ સેનીટાઈઝેશન કામગીરી શરૂ કરવામાં આવી હતી. કુલ ૨૯૮ ઘરોનો સર્વે કરી કુલ-૨૪૬૯ વ્યક્તિઓનું સ્ક્રિનીંગ ની કામગીરી કરવામાં આવી હતી.

આ વિસ્તારમાં લોકોની સુરક્ષા માટે જાહેરનામુ પ્રસિધ્ધ કરી લોકોની અવર-જવર બંધ કરવામાં આવી છે. આ વિસ્તારને આવરી લેતા તમામ માર્ગો બંધ કરી ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તેમજ આરોગ્ય વિભાગની ગાઇડલાઇન મુજબ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ અને સેમ્પલીગની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. લોકોને કોઇ મુશ્કેલી ન પડે તે માટે આવશ્યક ચીજ-વસ્તુઓની માત્ર હોમ ડીલીવરી વ્યવસ્થા ગોઠવી દીધી હતી. વધુમાં સુબીર તાલુકામાં ઝાડદર ગામની ૭ કિ.મી.ની ત્રિજ્યામાં શેપુઆંબા, શિવબારા, હનવંતપાડા, કરંજપાડા, ભોંડવિહિર, પીપલદહાડ, જુન્ગેર, ચમારપાડા, જોગથવા, ખેરીન્દ્રા અને કિરલી ગામોને બફર ઝોન જાહેર કરાયા છે. આ ગામોની અંદર જવા માત્ર એક માર્ગ ખુલ્લો રાખી સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ સુધી સોશ્યલ ડીસ્ટન્સીંગનું પાલન કરી મુક્તિ આપવામાં આવી છે.

ભરૂચ લોકડાઉનમાં પોતાની રાશનની માંગને લઈ રસ્તા પર ઉતર્યા હજારો મજુર



ભરૂચ

દેશભરમાં ૩ મે સુધી કોરોના મહામારીને કારણે લોકડાઉન જાહેર કરવામાં આવ્યુ છે. લોકડાઉન વચ્ચે પ્રવાસી મજૂરોને પુરતી સુવિધા ના મળતા પરેશાન થઈ ગયા છે. ભરૂચના હાંસોટમાં ભૂખને કારણે હજારોની સંખ્યામાં મજૂરો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને સરકાર સામે સુત્રોચ્ચાર કર્યા હતા. મજૂરો તંત્ર સામે ભોજનની માંગ કરી રહ્યા છે.

કોરોના મહામારીને કારણે લોકડાઉનનું પાલન કરવામાં આવી રહ્યુ છે પણ લોકડાઉનને કારણે ભૂખની સૌથી મોટી સમસ્યા સામે આવી છે. ભરૂચના હાંસોટમાં રહેતા મજૂરોને લોકડાઉનને કારણે અન્નનો એક પણ દાણો ના મળતા મોટી સંખ્યામાં મહિલાઓ સહિત લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. મહિલાઓએ રસ્તો રોકી આંદોલન શરૂ કર્યુ હતું.

દેશમાં લોકડાઉનને કારણે આર્થિક ગતિવિધિઓ પર બ્રેક લાગેલી છે. મજૂર અને ગરીબ વર્ગના લોકો પર આ લોકડાઉનની લૌથી વધુ અસર જોવા મળી રહી છે. જોકે, સરકારનું કહેવુ છે કે રાશનના ભંડાર પુરતા પ્રમાણમાં ભરેલા છે પરંતુ હવે સ્થિતિ એવી થઈ ગઈ છે કે લોકોને રાશન નથી મળી રહ્યું. જેને કારણે લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. અચાનક કરવામાં આવેલી તાળાબંધી બાદ કરોડો મજૂરો બેરોજગાર થઈ ગયા છે અને કેટલાક રાજ્યોમાં ભૂખમરાના સમાચાર સામે આવી રહ્યા છે.ભૂખ્યા લોકોની મદદ સ્વયંસેવી સંસ્થાઓ કરી રહી છે.



સમગ્ર વિશ્વ કોરોનાગ્રસ્ત છે ત્યારે સરકાર દ્વારા અપાયેલા લોકડાઉન દરમિયાન ગરીબ અને મજૂરવર્ગના લોકો ભોજન માટે ફાંફા મારી રહ્યાં છે. તસવીરમાં નવાગામ ડીંડોલીમાં આપવામાં આવતા ભોજન માટે લાંબી કતારો લાગી હોવાનું નજરે પડે છે.

સુરત SMC આવાસમાં બે લોકોનો કોરોના પોઝીટીવ આવતા ૧૨૮૦ લોકો કરાયા ક્વોરેન્ટાઈન



સુરત

અડાજણ હની પાર્ક સ્થિત એસએમસી આવાસમાંથી પોઝિટિવ કેસ સામે આવ્યાં છે. એસએમસી બિલ્ડિંગમાંથી બે પોઝિટિવ કેસ નોંધાયા છે. ૩૨ વર્ષીય યુવક અને ૨૮ વર્ષીય યુવતીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કોર્પોરેશને ૨૦ બિલ્ડિંગના ૩૨૦ ફ્લેટોના અંદાજિત ૧૨૮૦ લોકોને ક્લસ્ટર ક્વોરેન્ટાઈન જાહેર કર્યા છે.

જ્યાં સુધી બીજો હુકમ ન મળે ત્યાં સુધી તમામ લોકોએ ફરજિયાત હોમ ક્વોરેન્ટાઈન રહેવું પડશે. જો કોઈ વ્યક્તિ ક્વોરેન્ટાઈનના નિયમોનું ઉલ્લંઘન કરશે તો તેની સામે ઈન્ડિયન પીનલ કોડની કલમ ૧૮૮ અને એપેડેમિક ડીસીઝ એક્ટ ૧૯૮૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

એસએમસી આવાસમાંથી ૩૨ વર્ષીય કેશવ રાઠોડ અને ૨૮ વર્ષીય સાવિત્રી ત્રિવેદીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કેશવના સંક્રમણમાં આવતા મહિલાને ચેપ લાગ્યો હતો. યુવક લોકડાઉનમાં માવા ગુટખાનો ગેરકાયદે વેપાર કરતો હતો. પાલિકા તંત્રએ ૨૦ બિલ્ડિંગના ૩૨૦ ફ્લેટોમાં રહેતા ૧૨૮૦ લોકોને ફરજિયાત હોમ ક્વોરેન્ટાઈન રહેવા માટે આદેશ કર્યો છે. યુવક માવા ગુટખાનો વેપાર કરતા અનેક લોકો સંક્રમિત થયા હોવાની શંકા છે.

આંગણવાડી કાર્યકરો માતા યશોદાની ભૂમિકામાં

પોષણ અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લાના ૧,૦૨,૬૧૨ જેટલા બાળકોને બાલશકિત પેકેટસનું વિતરણ

શેલ્ટરહોમમાં આશ્રિત માતાઓ અને બાળકોને નાસ્તાનું વિતરણ

વલસાડ

આંગણવાડી કાર્યકરો દ્વારા ઘરે-ઘરે જઈને ટેકહોમ રાશન વિતરણ અને શેલ્ટોર હોમમાં આશ્રિત મહિલા બાળકોને પુરક પોષણ વિતરણ કરી ખરા અર્થમાં માતા યશોદાની ભુમિકા ભજવી છે.

સરકારશ્રીના મહિલા અને બાળવિકાસ વિભાગ હેઠળ સંકલિત બાળ વિકાસ યોજના દ્વારા રાજયમાં કોઈપણ બાળક કુપોષણનો શિકાર ન બને સાથે સગર્ભા માતા, ધાત્રીમાતા, કિશોરીઓને પણ પોષણયુકત આહાર મળી રહે તે માટે આંગણવાડી કાર્યકરો દ્વારા ગુજરાત કો-ઓપરેટિવ મિલ્કા માર્કેટીગ ફેડરેશન લી. દ્વારા તૈયાર કરેલ અમુલ ટેક હોમ રાશનનું ઘરે-ઘરે આંગણવાડી કાર્યકર/તેડાગર દ્વારા કરવામાં આવી રહયું છે.

હાલની કોરોના વાઈરસની મહામારીને કારણે લોકડાઉન દરમિયાન વલસાડ જિલ્લાના ૬ તાલુકાના ૧૫ ઘટકોમાં ૧૮૯૯ આંગણવાડીના બાળકોને જયારે આંગણવાડીમાં બોલાવવામાં આવતા નથી, આવા સમયે બાળકોને ઘરે રાશન અને, પુરક-પોષણ મળી રહે, પૂરક-પોષણથી બાળક વંચિત ન રહે માટે ૬ માસથી ૬ વર્ષના ૧,૦૨,૬૧૨ જેટલા બાળકોને બાલશકિત(૫૦૦ ગ્રામના ૪ પેકેટ) પેકેટસ અને ૫૩,૯૭૬ જેટલી સગર્ભા-ધાત્રી માતાઓને માતૃશકિત, કિશોરીઓને પૂર્ણશકિત (૧૦૦ ગ્રામ) પેકેટસનો લાભ આપવામાં આવી રહ્યા છે. જેથી આ પેકેટસમાંથી લોભાર્થીઓ શીરો, સુખડી, મુઠીયા વગેરે વિવિધ વાનગીઓ બનાવીને ઘરે જ રહીને પોષણ મેળવી શકે. વધુમાં આંગણવાડી કાર્યકર/તેડાગરો દ્વારા વિતરણ સમયે સોશિયલ ડિસ્ટજન્સિળગનું પણ ધ્યામન રાખવામાં આવે છે. કોરોના વાઈરસની સામે રાખવાની થતી સાવચેતી માટે પણ માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

વધુમાં આંગણવાડીના બાળકો હાલમાં ઘરે છે. ત્યાપરે ઘરમાં બાળકો પ્રવૃતિમય રહે તે માટે રમતગમત ભાગ-૧,૨, ચિત્રપોથી પોર્ટફોલિયો વિતરણ કરવાની સાથે માતાઓને યોગ્ય માર્ગદર્શન આપી નાના ભુલકાંઓ ચિત્રો દોરી ખુશી-ખુશી સમય પસાર કરે તે ધ્યા ન રાખવામાં આવે છે. તેમજ 'મારો સમય મારું સર્જન સ્પર્ધા' દ્વારા પણ બાળકો, કિશોરીઓ, માતાઓ અલગ-અલગ એકિટવિટી કરી શકે અને પોતે પોતાની કલાશકિતને ઉજાગર કરી શકે તે માટે વોટસઅપ ગૃપથી માર્ગદર્શન આપવામાં આવી રહયું છે.

હાલમાં કોરોના વાઈરસના સંક્રમણને રોકવા દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે વલસાડ જિલ્લાના તાલુકાઓમાં શેલ્ટરહોમમાં આશ્રિત લાભાર્થી માતાઓ અને ૪૧ જેટલા બાળકોને આંગણવાડી કાર્યકરો દ્વારા ટેક હોમ રાશન ઉપરાંત, શીરો, સુખડી જેવો અલગ અલગ નાસ્તોક પણ આપવામાં આવી રહયો છે. આમ, ખરેખર આંગણવાડી કાર્યકર બહેનોએ ઘરે રહી પોતાના પરિવાર સાથે સમય વિતાવવાના બદલે દેશમાં શાંતિનું વાતાવરણ જળવાઇ રહે અને લાભાર્થીઓને પૂરકપોષણ મળી રહે તે માટે પોતાનો સિંહફાળો આપી, સાચા અર્થમાં માતા યશોદાની ભૂમિકા ભજવી રહી છે.

રોગપ્રતિકારક વધારીને ન્યૂયોર્કમાં વાપીના દેસાઈ પરિવારે ઘરમાં રહીને કોરોનાને હરાવ્યો

વાપી

અમેરિકાનું ન્યુયોર્ક શહેર કોરોના વાઈરસનું એપી સેન્ટર બન્યુ છે. ત્યારે મૂળ વાપીના અને હાલ ન્યુયોર્કમાં રહેતા અનાવિલ પરિવારના ૪ સભ્યોને કોરોના પોઝિટિવનો રિપોર્ટ આવ્યો હતો. પરિવારનો પુત્ર મેડિકલ સ્ટોર ચલાવતો હોવાથી પરિવારે રોગપ્રતિકારક શકિત વધારવાની સાથે વિટામીન સી, ઝીંક, એલ્ડરબેરી અને પેરાસિટામોલ દવાનો ઉપયોગ કર્યો હતો. ઘરમાં જ રહીને અનાવિલ પરિવારના સભ્યોએ કોરોનાને ૧૫ દિવસમાં માત આપી હતી. વાપી જલારામ સોસાયટી સ્નેહ પાર્કના મૂળ રહેવાસી અંકિત મહેન્દ્ર દેસાઈ હાલ અમેરિકાના ન્યુયોર્કના મેનહેટન શહેરમાં વર્ષોથી રહે છે. જ્યાં કોરોના વાઈરસના સૌથી વધારે કેસો છે. વાપીનો અનાવિલ પરિવાર પણ કોરોના વાઈરસની ચુંગાલમાં આવી ગયો હતો.

પહેલા અંકિત દેસાઈના પિતા મહેન્દ્ર દેસાઈની તબિયત લથડતા તેમનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ત્રણ દિવસ બાદ ખુદ અંકિત દેસાઈ તથા તેમના બે પુત્રોને પણ કોરોના પોઝિટિવ આવ્યો હતો. પરિવારના ચાર-ચાર સભ્યોનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો. આમ છતાં ઘરમાં રહી રોગપ્રતિકારક શક્તિની દવાનો વધારે ઉપયોગ કરી હોસ્પિટલમાં સારવાર લીધા વગર માત્ર ૧૫ દિવસમાં તમામના રિપોર્ટ નેગેટિવ આવ્યા હતાં. દિવસભર લીંબુનું શરબત, આયુર્વેદિક દવા,

ગરમ પાણી સહિતનું સેવન કરી રોગપ્રતિકારશક્તિ વધારવાના પ્રયાસો કર્યા હતાં. અંકિત દેસાઈ પોતે ફાર્માસિસ્ટ હોવાથી ન્યુયોર્કમાં બે મેડિકલ સ્ટોર ચલાવે છે. પરિવારના સભ્યો ૯૦ ટકાથી વધુ ઓક્સિજન લઈ શકતા હોવાથી વેન્ટીલેટરની જરૂર પડી ન હતી. રોગપ્રતિકારક શકિત જળવાઈ રહે તેવા પ્રયાસો પરિવારના સભ્યો કરતાં હતાં. જેના પરિણામે હોસ્પિટલમાં સારવાર ન લેવી પડી.

સુરતમાં લોકડાઉનનો ભંગ કરનાર ૧૯૬ લોકોની અટક

જાહેરનામા ભંગ બદલ ૫૯ વાહનો જપ્ત કરાયા

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આજ રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૧૯૬ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૫૯ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. ડ્રોન કેમેરાની મદદથી ૧૦ તથા સી.સી.ટીવી કેમેરા દ્વારા ૦૧ ગુનાઓ નોંધવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૨,૨૩૪ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૧૩,૧૯૬ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. સુરત શહેરમાં સલાબતપુરા, મહિધરપુરા, લાલગેટ, અઠવાલાઈન્સ પોલિસ સ્ટેશનના સમગ્ર વિસ્તાર તથા લિંબાયત પોલિસ સ્ટેશનની કમરૂનગર પોલીસ ચોકીના સમગ્ર વિસ્તારમાં કર્ફ્યું હટાવી લેવાયો છે, પરંતુ લોકડાઉનના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવશે. જેથી શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળવા અને સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

નવસારી જિલ્લામાં પોઝિટિવ કેસ નથી

૬૦ વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિઓની આરોગ્ય તપાસ

સુરત

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં તા.૨૪/૦૪/૨૦૨૦ના રોજ ૫૨ (બાવન) સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી-૦૬, જલાલપોર-૧૦, ગણદેવી-૧૮, ચીખલી-૧૨, ખેરગામ-૦૪, વાંસદા-૦૨ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ-૭૦૩ સેમ્પલ પૈકી ૬૪૩ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. ૫૭ સેમ્પલના રીઝલ્ટ બાકી છે. આજે જિલ્લામાં એકપણ પોઝીટીવ કેસ નોંધ્યાયો નથી.

જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઇ રહી છે. જિલ્લામાં ત્રીજા રાઉન્ડમાં ૧૧,૦૪,૪૩૭ ઘરોનો સર્વે થયો છે. સામાન્ય લક્ષણોવાળા ૧૧૨૨ વ્યકિતઓને સ્થળ પર સારવાર આપવામાં આવી છે. હાલમાં માછીમારો તેમજ અન્ય રાજય/જિલ્લામાંથી આવેલા ૨૯૬૫ વ્યકિતઓને કવોરેન્ટાઇન હેઠળ રાખવામાં આવ્યાં છે. અત્યાર સુધીમાં ૨૩૩૭૪ જેટલા ૬૦ વર્ષથી વધુ ઉંમરની વ્યકિતઓની તપાસ કરવામાં આવી છે.

જિલ્લામાં કુલ-૦૩ કોવિડ-૧૯ હોસ્પિટલ છે. જેમાં સિવિલ હોસ્પિટલ, યશફીન હોસ્પિટલ અને ઉદિત હોસ્પિટલ વાંસદાને માન્ય રાખવામાં આવી છે. ત્રણ હોસ્પિટલ મળીને કુલ-૩૦૦ આઇસોલેશન બેડ તથા ૩૦ આઇ.સી.યુ.બેડની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. નવસારી જિલ્લામાં આજદિન સુધીમાં કુલ-૦૩ પોઝીટીવ કેસ નોંધ્યાયાના અહેવાલ જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ ઘ્વારા જણાવાયું છે.

આ વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડનું રિઝલ્ટ જૂનના બીજા વીકમાં આવવાની શક્યતા

સૌથી પહેલું રિઝલ્ટ સામાન્ય પ્રવાહનું આવશે

ગાંધીનગર

વિદ્યાર્થીઓના જીવનમાં અભ્યાસ ખૂબ જ મહત્વ ધરાવે છે, તેમાં પણ ધોરણ ૧૦ અને ૧૨ તેમના જીવનના અમુલ્ય વર્ષ હોય છે. ત્યારે ચાલુ વર્ષે દેશ અને દુનિયામાં ફેલાયેલી કોરોના મહામારીને કારણે વિદ્યાર્થીઓના શિક્ષણ પર ખૂબ જ ઊંડી અસર થઈ છે, ત્યારે સૂત્રો દ્વારા માહિતી મળી છે કે, આ વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડનું રિઝલ્ટ જૂનના બીજા વીકમાં આવશે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, કોરોનાના કારણે બોર્ડની જવાબવાહી ચકાસણી મોડી ચાલુ થઈ હતી. જવાબવહી ચકાસણીમાં પણ કોરોનાના લીધે અનેક શિક્ષકો હાજર રહેતા નથી. અત્યાર સુધીમાં ધોરણ ૧૦મા ૬૦ ટકા અને ૧૨ સામાન્ય પ્રવાહમાં હજુ ૨૦ ટકા જ જવાબવાહી તપાસાઈ છે. માત્ર ધોરણ ૧૨ સાયન્સનું રિઝલ્ટ જૂન પહેલા આવે તેવી શક્યતાઓ દર્શાવાઈ રહી છે. હજુ બધી જવાબવાહીની ડેટા એન્ટ્રી પણ બાકી છે.

નવસારી નગર પાલિકા દ્વારા સરકારી કચેરીઓ સેનેટાઈઝ કરાઈ

નવસારી

કોરોના વાયરસ સામે સમગ્ર વિશ્વ ઝઝુમી રહયું છે. કોરોના વાયરસના સંક્રમણના કારણે દેશભરમાં બીજા તબક્કામાં તા.૩ મે સુધી લોકડાઉન અમલમાં મુકાયું છે.નવસારી જિલ્લામાં કોરોના વાયરસ ન ફેલાય તે માટે વહીવટી તંત્ર અને આરોગ્ય શાખાની ટીમ દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે. પોલીસ તંત્ર જિલ્લાભરમાં લોકડાઉનનો ચુસ્તપણે અમલ કરાવવામાં કટીબધ્ધ છે.

કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે નવસારી નગરપાલિકાની ટીમ દ્વારા શહેરમાં આવેલ સરકારી કચેરીઓને સેનેટાઈઝ કરવામાં આવી હતી તેમજ જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

સુરતમાં SVNITના પ્રોફેસરનો દાવો

તુલસી, લીમડો અને લીંબુ સહિતની ઓષધિઓથી કોરોનાના દર્દીઓને સાજા કરી શકાય

સુરત

આજે ભારત સહિત વિશ્વ વૈજ્ઞાનિકો કોરોના વાયરસ એટલે કે, કોવિડ ૧૯ની દવા શોધી રહી છે. તેવામાં એસવીએનઆઇટીના એપ્લાઇડ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટના એસોસિએટ પ્રોફેસર ડો. એસ. કે. શાહૂ અને રિસર્ચ સ્કોલર ડો. સેશુ વર્ધને દાવો કર્યો છે કે કોવિડ ૧૯ના દર્દીઓને જેવી રીતે મેલિરાયાની એટલે કે, હાઈડ્રોક્સીક્લોરોક્વિનથી સાજા કરી શકાય છે. એવી જ રીતે તુલસી, લીમડો અને લીંબુ સહિતની ઓષધિઓથી પણ કોવિડ-૧૯ના દર્દીઓને સાજા કરી શકાશે. આજે વિશ્વમાં કોવિડ ૧૯ની દવા મળી ના હોવાથી કેસોની



સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. તેવામાં હવે વૈજ્ઞાનિક બાદ ઈજનેર પણ કોવિડ-૧૯ની દવા શોધવા માટે આગળ આવ્યા છે.

એસવીએનઆઇટીના એપ્લાઇડ કેમેસ્ટ્રિ ડિપાર્ટમેન્ટના એસોસિએટ પ્રોફેસર ડો. એસ. કે. શાહૂએ કોવિડ-૧૯નો ડેટાબેઝ લીધો હતો. ટૂંકમાં સમજીયે તો કોવિડ-૧૯માં ક્યા પ્રકારના પ્રોટિન સહિતની બાબતો. જે પછી ડેટાબેઝને કોમ્પ્યુટરમાં નખાયો હતો અને અલગ અલગ રીતે ડ્રગ્સ, રસાયણ, દવાઓ અને ઔષધિઓના ડેટાબેઝથી બન્ને મર્જ કર્યો હતો.

તેવામાં તુલસી, લીમડો, લિંબુ સહિતની ઔષધિમાંથી મળેલા મોલિકલ કોવિડ ૧૯ના પ્રોટિન સાથે સરળતાથી મર્જ થઈ ગયા હતા. આ સાથે કોવિડ-૧૯ વાયરસને પ્રસરતા અટકાવ્યો હતો. જેને પગલે શરીરમાં રોગપ્રતિકાર શક્તિ વધી ગઈ હતી. આમ, ઈજનેરને તુલસી, લીમડા અને લીંબુ સહિતની ઓષધિઓથી કોવિડ-૧૯ સામે લડવામાં થોડી સફળતા મળી હતી. જોકે, હાલ પૂરેપૂરી સફળતા મેળવવા માટે રિસર્ચ કાર્યરત છે.

બીજા તબક્કાના લોકડાઉન આડે હવે ગણતરીના દિવસો બાકી

દિવસોથી ઘરમાં કેદ લોકો દ્વારા લોકડાઉનનું ધીરજપૂર્વક પાલન

સુરત

બીજા તબક્કાના લોક ડાઉનની મુદ્દત પૂર્ણ થવાને આડે હવે ગણતરીના દિવસ બાકી રહ્યા છે. ભારતભરમાં એક દિવસના જનતા કર્ફ્યુ બાદ તા.૨૧મી માર્ચથી સમગ્ર ભારતભરમાં લોક ડાઉન કરવામાં આવ્યું છે. પ્રથમ ૨૧ દિવસના લોક ડાઉન બાદ તા.૧૫મી એપ્રિલથી તા.૩જી મે સુધીનું લોકડાઉન લંબાવવામાં આવ્યું હતું. કોરોના વાયરસની મહામારી સામે લડવા માટે લોક ડાઉનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. લોક ડાઉન દરમિયાન જીવના-જરૂરીયાતની ચીજવસ્તુઓ સરળતાથી મળી રહે એ માટેનું વ્યવસ્થા તંત્ર પણ ગોઠવવામાં આવ્યું હતું. સુરત શહેરમાં કોરોના વાયરસના દર્દીઓમાં વધારો થતા શહેરના પાંચ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો. જે કર્ફ્યુ ગઈકાલે ઉઠાવી લેવામાં આવ્યો હતો. હવે લોક ડાઉન આડે ગણતરીના દિવસ બાકી છે, ત્યારે સુરતીજનોમાં આ લોક ડાઉનના મુદ્દે અનેક ચર્ચા સોશિયલ મીડિયા ઉપર ચાલી રહી છે. હવે જોવાનું એ રહેશે કે હાલની સુરતની પરિસ્થિતિ અંગે તંત્ર દ્વારા સરકારમાં શું રિપોર્ટ થાય છે? આ રિપોર્ટના આધારે લોક ડાઉન અંગે સુરતમાં શામાં છુટછાટ આપવામાં આવશે? એ નક્કી થાય તેમ છે.

સુરત લોકડાઉનમાં પરપ્રાંતિય કામદારોને ઘેટા-બકરાની જેમ ભરી નીકળેલો ટ્રક ઝડપાયો

બારડોલી

હાલ દેશભરમાં બીજા તબક્કામાં લોકડાઉન ચાલી રહ્યું છે જેને પગલે ફક્ત આવશ્યક સેવાઓ તેમજ ટ્રાન્સપોર્ટ સેવાઓ ચાલુ રાખવામાં આવી છે તો બીજી તરફ બધી મિલો તેમજ કંપનીઓ બંધ હાલત માં છે જેને પગલે કંપનીમાં તેમજ મિલોમાં કામ કરતા મજૂર વર્ગોની હાલત કફોડી બની છે ત્યારે આપણે સુરતના પલસાણા તાલુકાની વાત કરીએ તો આ સમગ્ર વિસ્તાર પરપ્રાંતિયોને વરેલો વિસ્તાર છે ત્યારે હાલ લોકડાઉન ના પગલે તમામ મિલો બન્ધ હોવાથી પરપ્રાંતિયોની હાલત કફોડી બની છે ત્યારે પોતાના વતન પરત ફરવા માટે લોકો ચાલતા તેમજ અન્ય પેતરા કરીને નીકળી જતા હોય છે ત્યારે ગઈકાલે રાત્રે જોળવા પોલીસ ચોકીએ કરેલ નાકાબંધી માંથી એક ટ્રક ઝડપી પાડ્યો હતો

જેમાં ઘેટાં બકરાની જેમ ૧૦૦ થી વધુ પરપ્રાંતીય નાના બાળકો તેમજ મહિલા સહિત



પોતાના વતન તરફ ફરી રહ્યા હતા. હાલ લોકડાઉન હોવાથી તેઓ છુપી રીતે પોતાના વતન જઈ રહયા હતા. ત્યારે અહીં તેઓને જમવાનું નહિ મળતા તેમજ કામ ધંધા બંધ હોવાથી અને રોજ બરોજના ખર્ચા થી કંટાળીને ગયેલા પરપ્રાંતિયો આક્રોશ સાથે પોતાના વતન ફરી રહ્યા હતા તેમજ સરકાર ઉપર હૈયા વરાળ ઠાલવી હતી.

જ્યારે ૩૦૦ થી ૭૦૦ રૂપિયાનું ભાડું એક વ્યક્તિ દીઠ ટ્રેનમાં અને પ્રાઈવેટ બસોમાં લેવામાં આવે છે પરંતુ પરપ્રાંતીયો ની મજબૂરી નો ફાયદો ઉઠાવીને ટ્રક ડ્રાઈવર તેમજ ક્લીનર દ્વારા વ્યક્તિ દીઠ ૩૦૦૦ રૂપિયા વસુલવામાં આવ્યા હતા જેને લઈને કુલ થઈને અંદાજીત ૩ લાખ રૂપિયા વસુલવામાં આવ્યા હતા જોકે પોલીસને જાણ થતા પોલીસે ટ્રક તેમજ ક્લીનર પાસેથી મળી આવેલ રોકડ રકમ કબજે કરી હતી. પોતાના વતન ફરવાની માંગ સાથે પરપ્રાંતીયોએ પોલીસ ચોકી ઉપર ફરજ પરના હાજર પોલીસ કર્મીઓએ સાથે રકઝક કરી હોબાળો કર્યો અને યોગી સરકારને કળગળી ને પોતાના વતન લઈ જવા માટે વિનંતી કરી રહ્યા હતાં

સચિન ગોડાઉનનો કોન્ટ્રાકટર કોરોના ગ્રસ્ત

બીપીએલ કાર્ડ ધારકોને હવે અનાજ તા. ૩૦મી એપ્રિલથી વિતરિત કરાશે

ગોડાઉન ત્રણ દિવસ બંધ: સ્ટાફ કવોરોન્ટાઈન કરાયો

સુરત

વિશ્વભરમાં REEપ્રસરેલી નોવેલ કોરોના વાયરસની રોગની મહામારી અટકાવવા માટે તા.૩/૫/૨૦૨૦સુધી લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. આ લોકડાઉન દરમિયાન જરૂરિયાતમંદ કુટુંબો જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓથી વંચિત ન રહી જાય તે માટે રાજય સરકાર દ્વારા સુરત જિલ્લાના ૨,૯૪,૭૧૩ એન. એફ. એસ. એ. કાર્ડધારકો કે જેની સંખ્યા ૧૪,૫૧,૩૧૭ તથા ૨૮૦૬૧ જેટલા નોન એન. એફ. એસ. એ. -BPL કાર્ડધારકો કે જેની જનસંખ્યા ૧,૧૯,૦૭૩ છે તેઓને તા.૨૫/૪/૨૦૨૦ થી તા.૩૦/૦૪/૨૦૨૦ સુધીમાં વ્યાજબી ભાવની દુકાનેથી અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવનાર છે. પરંતુ હાલમાં સચીન ગોડાઉનમાં કામ કરતા ડોર સ્ટેપ ડિલીવરી કોન્ટ્રાકટર કોરોનાથી સંક્રમિત થતા ગોડાઉન ત્રણ દિવસ માટે બંધ રાખવું પડયું હોય અને ત્યાં ફરજ બજાવતા સ્ટાફને હોમ કવોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. તેની જગ્યાએ નવો સ્ટાફ મૂકી આજથી ગોડાઉન પુનઃ શરૂ કરવામાં આવ્યું છે.

જે કારણોસર ગોડાઉન સાથે જોડાયેલી ઉધના, લીંબાયત, નાનપુરા અને મજુરા ઝોન વિસ્તારની દુકાનો તથા નવા ગામ ગોડાઉનના બધા જ કર્મચારીઓનું ચેકઅપ કરાવવા માટે નવાગામ ગોડાઉન પણ એક દિવસ માટે બંધ રહ્યું હોય, નવાગામ ગોડાઉન સાથે જોડાયેલી ઝોન પૈકી કતારગામ ઝોન તથા ચોકઝોન સાથે જોડાયેલા ગ્રાહકોને તા.૨૫/૪/૨૦૨૦ના રોજ વિતરણ કરવાનું હતું પરંતુ આ ગ્રાહકોને તા.૨૫ એપ્રિલના બદલે તા.૩૦/૪/૨૦૨૦ના રોજ પોતાની દુકાન પર જઈને અનાજનો જથ્થો મેળવવાનો રહેશે તેમ સુરત જિલ્લા કલેકટર ડો.ધવલ પટેલની યાદીમાં જણાવાયું છે.

સુરતમાં બમરોલીની ખાડીમાં આપઘાતના ઈરાદે કુદેલાને ફાયરબ્રિગેડ જવાનને બચાવાયો

આપઘાતનો પ્રયાસ કરનાર યુવકને બચાવી લેવામાં આવ્યો



સુરત

લોકડાઉનના સમયમાં પાંડેસરા બમરોલી વિસ્તારમાં એક ૪૨ વર્ષિય યુવકે આપઘાતનો પ્રયાસ કર્યો છે. બમરોલીની ખાડીમાં કુદીને આપઘાતનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ અંગેની જાણ સ્થાનિકોને થતાં તેમણે ફાયરબ્રિગેડને જાણ કરી. સ્થાનિકોની મદદથી ફાયરબ્રિગેડની ટીમે યુવકને બહાર કાઢ્યો છે.

સવારે નવ વાગ્યા આસપાસ આનંદ સાહુ (૩૭.આ.૪૨)ના આનંદનગરમાં રહે છે. તેમણે બમરોલી ખાડીમાં કુદકો લગાવી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જો કે, ઈજાગ્રસ્ત હાલમાં મળી આવેલા આનંદ શાહુને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો છે. આશાપુરીનો રહેવાસી છે.હાલ પોલીસે સમગ્ર ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

સુરત શહેરમાં નવા ૧૯ કેસ પોઝિટિવ : વધુ એક દર્દીનું મોત

કોરોનાગ્રસ્ત અમરોલીના દિપક ભટ્ટનું મોત થતા સુરતમાં કુલ મૃતકોની સંખ્યા ૧૫ : મૃતકની અંતિમવિધિ કોવિડ-૧૯ની માર્ગદર્શિકા મુજબ કરાઈ

સુરત

સુરત શહેરમાં કોરોના વાયરસની રફ્તાર હજુ અટકવાનું નામ લેતું નથી. આજે સવારે ૧૧ વાગ્યા સુધીમાં સુરત શહેરમાં વધુ ૧૯ પોઝિટિવ દર્દીઓ મળી આવ્યા હતા. આ તમામ પોઝિટિવ દર્દીઓને સરકારી કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. તેમજ આ પોઝિટિવ દર્દીઓના સંપર્કમાં આવનારા તમામ લોકોનું ટ્રેસિંગ કરીને હોમ કોરોન્ટાઈનમાં રહેવા હુકમ કરવામાં આવ્યો છે. દરમિયાન આજે પોઝિટિવ દર્દી પૈકી એકનું મૃત્યુ થતા મૃત્યુઆંક ૧૫ ઉપર પહોંચ્યો હતો.

સુરત મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ ગત તા.૨૦-૪-૨૦૨૦ના રોજ અમરોલી સ્વીટ હાઉસના ૫૮ વર્ષીય દિપક રણછોડ ભટ્ટનું કોરોના પોઝિટિવ આવતા સરકારી કોરોન્ટાઈનમાં સારવાર અપાય રહી હતી. દરમિયાન રાત્રે ૩.૩૦ કલાકે કોરોના પોઝિટિવ દિપક રણછોડ ભટ્ટનું મૃત્યુ થયું હતું. જેમની અંતિમક્રિયા કોવિડ-૧૯ની માર્ગદર્શિકા મુજબ કરવામાં આવી હતી. ગઈકાલે સાંજે ૭.૦૦ વાગ્યા સુધીમાં સુરત શહેરમાં કોરોના વાયરસના ૪૫૫ દર્દીઓ નોંધાઈ ચૂક્યા છે. ત્યારબાદ ૧૯ જેટલા નવા કોરોના પોઝિટિવ દર્દીનો ઉમેરો થતા સુરત શહેરમાં કોરોના પોઝિટિવ દર્દીની સંખ્યા ૪૭૪ ઉપર પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

સુરત શહેરમાં ગઈકાલે મોડી સાંજ સુધીમાં ૧૯ કેસ પોઝિટિવ નોંધાયા હતા અને ગઈકાલે રાત્રિથી આજે સવાર સુધીમાં બિન સત્તાવાર રીતે નવા ૧૯ લોકોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હોવાનું જાણવા મળે છે અને આ સાથે જ સુરતમાં કોરોના વાયરસના કુલ કેસનો આંકડો આજે શનિવારે સવારે બિન સત્તાવાર રીતે ૪૭૪ ઉપર પહોંચી ગયો હોવાનું જાણવા મળે છે અને નવા ૧૯ પોઝિટિવ કેસના પરિવારજનો અને સંપર્કમાં આવેલા તમામ લોકોને ટ્રેસ કરી હોમ કોરોન્ટાઈન કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

સુરત મહાનગર પાલિકા દ્વારા વડીલોને વંદન અભિયાન શરૂ કરાયું

૧૪ જેટલા કલ્સ્ટર વિસ્તારોમાં ડોર ટુ ડોર આરોગ્ય તપાસ

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈ કાલે તા.૨૪મી એપ્રિલના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, ૧૪ દર્દીઓ સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે, પોઝિટીવ કેસો પૈકી સુરતના લિંબાયત ઝોનમાંથી સૌથી વધુ ૧૯૨ કેસો છે. કુલ ૯૫૧૧ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૪૫૫ પોઝિટીવ કેસો નોંધાયા છે. રેપિડ એન્ટી બોડી ટેસ્ટીંગનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જેમાં એક પોઝિટીવ કેસ નોંધાયો છે. કુલ ૧૪ જેટલા ક્લસ્ટર અને હોટસ્પોટ વિસ્તારમાં એક્ટિવ સર્વેલન્સ તેમજ ડોર ટુ ડોર આરોગ્ય ચકાસણી અંતર્ગત ૬૬૫ ટીમો દ્વારા આજ સુધી ૧,૭૧,૮૫૪ ઘરો તેમજ ૬,૩૨,૩૪૮ નાગરિકોની સઘન ચકાસણી અને સર્વે પ્રક્રિયા કરવામાં આવી છે.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, પોઝિટીવ કેસોનું પ્રમાણ ઘટાડવા સોશ્યલ ડિસ્ટન્સ અને લોકડાઉનનું યોગ્ય અને ચુસ્તપણે પાલન કરવું જરૂરી છે. ૬૦ વર્ષથી વધુ ઉમર ધરાવતાં સિનીયર સિટીઝન- વૃદ્ધ શહેરીજનોના આરોગ્યની કાળજી રાખવા 'વડીલોને વંદન' અભિયાન શરૂ કરવામાં આવે અને શહેરીજનો તેમાં જોડાય તે દિશામાં કાર્ય થઈ રહ્યું છે.

શહેરમાં આજે ધાર્મિક સ્થળો, એ.પી.એમ.સી. બેંકો, સરકારી કચેરીઓ સહિત મેડિકલ સેન્ટરો, ડેરીઓ અને આવશ્યક વસ્તુઓની દુકાનો જેવા મહત્વના સ્થળો સહિત કુલ ૪૩૩૮ સ્થળોએ ડિસઈન્ફેક્શનની કામગીરી કરવામાં આવી છે. આજ સુધી શહેરમાં ૯૭,૯૭૩ સ્થળોએ ડિસઈન્ફેક્શનની કામગીરી કરાઈ છે. સ્લમ વિસ્તારમાં પોઝિટીવ કેસો વધવાના પડકારને પહોંચી વળવા ૧૯ જેટલાં ફિવર ક્લિનિક શરૂ છે.

શ્રી પાનીએ કહ્યું કે, આગામી દિવસોમાં ફૂડ પેકેટના સ્થાને ડ્રાય રેશન વિતરણ કરવાની યોજના છે. ઉપરાંત સુરતવાસીઓની રોગપ્રતિકારક શક્તિ વધારવા શહેરના જાહેર સ્થળોએ આયુર્વેદિક ઉકાળો વિતરણ કરવામાં આવશે. આજે શહેરના શ્રમિક ગરીબ વર્ગના ૦૮ લાખ જેટલા લોકોને ફૂડ પેકેટની સામાજિક સંસ્થાઓના સહયોગથી વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે શહેરીજનોને લોકડાઉનનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી. નોંધનીય છે કે, સુરત જિલ્લામાં ૧૬ પોઝિટીવ કેસો નોંધાયા છે. સુરત શહેરના ૪૫૫ અને જિલ્લાના ૧૬ મળીને કુલ ૪૭૧ કેસો નોંધાયા છે.

કોરોનાનો કેર જોતા આણંદના દાદપુરામાં મુખ્ય પ્રવેશદ્વાર પાસે સેનેટાઈઝ થવાની વ્યવસ્થા

આણંદ

બોરસદ તાલુકાના દાદપુરા ગામમાં સેનેટાઈઝીંગ કામગીરી માટે વિશિષ્ટ પ્રકારની સીસ્ટમ ગોઠવવામાં આવી છે.દાદપુરા ગામના રહીશો સ્વાસ્થય સલામત અને આરોગ્ય જાળવણી માટે ગામના પ્રવેશ માર્ગ પર ,મુખ્ય રસ્તા પર જ સેનેટાઈઝીંગ કામગીરી માટે ગામના સરપંચ મુકેશભાઈ પરમાર દ્વારા અદ્યતન પધ્ધતિ મુજબના ફુવારા મુકવામાં આવ્યા છે.

ગામના લોકો છુટછાટના સમયગાળા દરમિયાન બહાર નિકળતા હોય છે.ત્યારે તેવા સંજોગોમાં સેનેટાઈઝ થાય તે માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે.ગ્રામ પંચાયત કચેરી દ્વારા સંચાલિત સેનેટાઈઝીંગ પધ્ધતિથી ગામના દરેક નાગરિકો દિવસમાં એકાદ બે વખત સેનેટાઈઝ સગવડતાનો ઉપયોગ કરી રહેલ છે.

વલસાડ જિલ્લામાં લેવાયેલા ૬૯૫ સેમ્પઅલ પૈકી ૬૩૯ નો રીપોર્ટ નેગેટીવ

વલસાડ

વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સુધી શંકાસ્પપદ હોય તેવા ૬૩૯ વ્યક્તિઓના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જે પૈકી ૬૩૯ના રીપોર્ટ નેગેટીવ આવ્યા છે, જ્યારે બાવન સેમ્પલના રીપોર્ટ આવવાના બાકી છે. જિલ્લામાં આજદિન સુધી ચાર પોઝીટીવ કેસો નોંધાયા છે, જે પૈકી એક વ્યક્તિનું મૃત્યુ થયું છે. આંતરરાજયના ૭૦૯૪ યાત્રીઓ પૈકી શંકાસ્પદ ૯૫૭ હોમ કવોરન્ટાઈન અને ૪૮ને સરકારી કવોરન્ટાઈનમાં જ્યારે ૧૧૫૯૭ માછીમારો હોમ કવોરન્ટાઈનમાં છે, એમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અનિલ પટેલ દ્વારા જણાવાયું છે.

તાપી જિલ્લામાં માનસિક સ્વસ્થતા જાળવવા ટેલીફોન હેલ્પ લાઈન શરૂ

લોકડાઉનના લીધે પ્રભાવિત પ્રજાજનો મનોવૈજ્ઞાનિકોનું માર્ગદર્શન મેળવી શકે છે

વ્યારા

સાંપ્રત સમયમાં "કોરોના" અને "લોકડાઉન" ને કારણે આમ પ્રજાજનોમાં માનસિક સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ વધી રહી છે. એકલાપણું, બેચેની, ડર, ગુસ્સો, નિરાશા, ચીડિયાપણું, આક્રમકતા, ઊંઘની તકલીફ, જમવાનું ઓછું થઈ જવું કે વધી જવું વિગેરે અનેક સમસ્યાઓ સામે આવી રહી છે. આવી સમસ્યાઓને અનુરૂપ માર્ગદર્શન અને સારવાર માટે, વ્યારાની જનરલ હોસ્પિટલના માનસિક વિભાગ દ્વારા "માનસિક સ્વાસ્થ્ય જાળવવા ટેલિફોનિક હેલ્પ લાઈન" શરૂ કરવામાં આવી છે.

તાપીના મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી ડો. નૈતિક ચૌધરીના જણાવ્યા અનુસાર, જિલ્લામાં કલેક્ટર શ્રી આર.જે.હાલાણીના માર્ગદર્શન હેઠળ નેશનલ હેલ્થ મિશન અંતર્ગત "માનસિક આરોગ્ય કાર્યક્રમ" ચાલી રહ્યો છે. જે અંતર્ગત સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈ, "માનસિક સ્વાસ્થ્ય જાળવવા ટેલિફોનિક હેલ્પ લાઈન" શરૂ કરવામાં આવી છે. જેના ઉપર કોઈ પણ વ્યક્તિ પોતાની માનસિક સમસ્યા માટે ફોન કરીને તાલિમબદ્ધ મનોચિકિત્સક પાસે માર્ગદર્શન મેળવી શકે છે. દરરોજ સવારે ૯ થી સાંજના ૬ વાગ્યા સુધી ચાલતી આ હેલ્પલાઈન (૬૩૫૯૯ ૧૧૪૭૭)ઉપર તજજ્ઞ ડોક્ટરો સર્વશ્રી વિશાલ ગાંધી,ભરત જાદવ અને ટીવિંકલ પટેલ જરૂરિયાતમંદોનું કાઉન્સેલિંગ કરશે. ડો.ચૌધરીએ વધુમાં જણાવ્યુ છે કે, આ હેલ્પલાઈન સેવા માત્ર "કોરોના" અને "લોકડાઉન" વિષયક સમસ્યાઓ માટે શરૂ કરવામાં આવી છે. પ્રજાજનો એ તેનો જરૂરિયાત મુજબ લાભ લેવો જોઈએ. સાથે મનમાંથી હતાશા કે ડરને તિલાંજલિ આપી, સલામતીના તમામ નિયમોને અનુસરવા માટે પણ તેમણે અનુરોધ કર્યો છે.

નર્મદાના ગીચડ ગામની આગ હોનારત ના પિડીતો માટે અગ્રણી મહેશ પટેલ દાનવીર ભામાશા બનીને આવ્યા

આગમા પોતાનું સંપૂર્ણ ગુમાવીને ઉપર આભ અને નીચે જમીન તળે નોંધારા બનેલા ૧૦ પરિવારો ને અણધાર્યો સહીયારો



કોરોના ની દહેશત વચ્ચે સૌ કોઈ પોતાનું જ વિચારી રહ્યું છે તેવામાં ડેડીયાપાડા ના વેપારી અગ્રણી એ પિડીતો ની મદદ માટે તિજોરી ખુલ્લી મુકતાં અન્યો માટે પ્રેરણારુપ કીસ્સો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

થોડાક દિવસ પહેલાં નર્મદા જીલ્લા ના ડેડીયાપાડા તાલુકા ના ગિચડ ગામે આગ મા દસ જેટલાં મકાનો ભસ્મીભૂત બનવાના સમાચાર ચમકયા હતાં. એ મુજબ શોટસર્કીટ ને કારણે આગ લાગતા દસ જેટલાં કાચાં મકાનો આગ મા બળી ને સંપૂર્ણ ભસ્મીભૂત બની જતા તમામ પરિવારો નોંધારા બન્યા હતા, આ વાત ની જાણ ડેડીયાપાડા ના વેપારી અગ્રણી મહેશભાઈ પટેલ અને તેમના વેપારીઓ ના મિત્ર વર્તુળ દ્વારા પિડીતો પાસે ગિચડ ગામે દોડી જઈ તાત્કાલીક અનાજ કરીયાણા અને શાકભાજી, દૂધ બિસ્કીટ ની પ્રાથમિક જરૂરિયાત પુર્ણ કરી હતી, અને મામલતદાર શાથે રહી ને સર્વે કરીને તેમની જરુરીયાત

રસોડાનો તમામ સામાન થાળી વાટકી, ગ્લાસ ચમચી થી માંડી ને તિજોરી પલંગ સહીત તમામ ઘર વખરી ભરી આપી હતી. આ કાર્ય મા વેપારી અગ્રણી મહેશભાઈ પટેલ ની આગેવાની હેઠળ રામેશ્વર પટેલ,દિપક પટેલ, હિતેશ ભાઈ દરજી,ધર્મેશ ભાઈ શાહ,દિનેશભાઈ ખત્રી, હેમંત ભાઈ અગ્રવાલ,રાકેશ પ્રજાપતિ, અશ્વિન પ્રજાપતિનાઓ ના શાથ સહકાર થી આ તમામ ભગીરથ કાર્ય કરાયુ હતું.

આ કાર્ય સિવાય પણ આ મંડળ દ્વારા જ્યાર થી લોક ડાઉન શરુ થયું છે, ત્યાર થી છેલ્લાં એક મહિનાથી જરુરીયાતમંદો ની મદદ કરવામા પાછુ વળી ને જોયુ નથી. અને શક્ય તેટલી મદદ નો ધોધ વહેવડાવવા મા આવ્યો છે, પોલીસ અને અન્ય તંત્ર ના કર્મચારીઓ ને પણ ચા નાસ્તા સહીત ની સેવાઓ પુરી પાડવામાં આવી રહી છે, પોતાની સમૃદ્ધિ પણ લોકો વડે જ છે તો તેનો ઉપયોગ પણ લોકો માટે જ થવો જોઈએ તેવા ઉમદા અભિગમ ની સમગ્ર પંથક મા પ્રશંસા થઈ રહી છે. અને વડાપ્રધાન ની એ અપીલ કે સમૃધ્ધ લોકો પોતાની આસપાસ ના ગરીબ પરિવારો નુ ધ્યાન રાખે નુ અહીયાં મુર્તિમંત સ્વરુપ જોવા મા આવી રહ્યુ છે.

વડોદરા રેન્જ આઈ જી અભયસિંહ ચુડાસમાએ નર્મદા જિલ્લાની મુલાકાત લીધી:રાજપીપળા શહેર માં પોલીસ ની ફ્લેગમાર્ચ



● લોકડાઉનનું પાલન થાય તે હેતુથી રાજપીપળા શહેરમાં ફ્લેગમાર્ચ:સમસ્ત વૈષ્ણવ વણિક સમાજે સ્વાગત કર્યું

● વડોદરા રેન્જ આઈ જી અભયસિંહ ચુડાસમાં રાજપીપળા શહેરમાં પોલીસ ફ્લેગમાર્ચમાં હાજર રહયા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલમાં કોરોના સંક્રમણ અને લોકડાઉન ના કારણે નર્મદા જિલ્લામાં પણ કોરોના પોઝીટીવ ના કેસ હોય નર્મદા જિલ્લા પોલીસ વડા હિમકર સિંહ ની સુચના મુજબ પોલીસ ખાતાના તમામ અધિકારીઓ સાથે રાજપીપળા શહેરમાં આજે બીજી વખત નર્મદા પોલીસે વાહનો મારફતે ફ્લેગ માર્ચ કરી હતી. જેમાં ઘરમાં રહો સુરક્ષિત રહો તેવી જાહેરાત સાથે લોકો દ્વારા લોકડાઉન નો યોગ્ય અમલ થાય એ માટે જાગૃતતા લાવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

રાજપીપળા શહેરમાં શનિવારે નીકળેલી આ ફ્લેમાર્ચ દરબાર રોડ ઉપર થી પસાર થતા સમસ્ત વૈષ્ણવ વણિક સમાજ,રાજપીપળા ના તેજસ ગાંધી,ગુંજન મલાવીયા, જયેશ દોશી,ઉર્વેશ પરીખ અને અજિત પરીખ દ્વારા પોલીસ વાહનો પર પુષ્પ વર્ષા કરી કોરોના યોદ્ધા તરીકે સતત સફળ કામગીરી કરતી નર્મદા પોલીસનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

નર્મદા જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહ એ જણાવ્યું હતું કે રાજપીપળા ની જનતા લોકડાઉન માં પોલીસ ને સહયોગ આપી રહી છે ઉપરાંત જે લોકો લોકડાઉન નો ભંગ કરે છે તેમની સામે કાયદેસર ની કાર્યવાહી પણ કરવામાં આવે છે આજે વડોદરા રેંજ આઈ જી અભયસિંહ ચુડાસમાની હાજરીમાં ફ્લેગમાર્ચ કરવામાં આવી હતી ફ્લેગમાર્ચ નો મુખ્ય હેતુ લોકો માં પોલીસ પ્રત્યે વિશ્વાસ ની ભાવના પેદા થાય તે છે.

સુરત શહેરના ૧૬૦ જેટલા હોમગાર્ડઝોનું મેડિકલ હેલ્થ ચેકઅપ





અત્યારે વિશ્વના મોટાભાગના દેશો જ્યારે કોરોના વાઈરસ થી પીડાય રહ્યા છે ત્યારે આપણો દેશ પણ આ પીડા થી બાકાત નથી રહ્યો. દિવસે ને દિવસે પરિસ્થિતી વિકટ બનતી જાય છે જ્યારે લો એન્ડ ઓર્ડર ને ધ્યાનમાં રાખીને હોમગાર્ડઝ જવાનો રાત દિવસ ખડે પગ પોતાની ફરજ બજાવે છે. ત્યારે સમાજના લોકોએ પણ હોમગાર્ડઝની હેલ્થની ચિંતા કરવી અત્યંત જરૂરી છે. ત્યારે આજ રોજ પ્રભુ જનરલ હેસ્પિટલ અને બેન્કર હાર્ટ ઈન્સ્ટીટ્યૂટ તેમજ રેડક્રોસ ચોર્યાસી તાલુકા બ્રાંચ સુરતના સહયોગથી સુરત શહેરના ૧૬૦ જેટલા હેમગાર્ડઝોનું મેડિકલ હેલ્થ ચેકઅપ ડિંડોલી હેલ્થ સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું. તેમાં ડો.આનંદ કોષ્ટી,ડો.રોહિત શુકલા,બ્રધર સુંદર હૈડુ, બ્રધર પ્રવિણ નીકુમએ સેવા આપી હતી. સાથે સી ઝોનના ઇન્ચાર્જ ઓફિસર કમાન્ડિંગ થોમસભાઈ પઠારે,અધિકારી ગિરીશ પટેલ અધિકારી મહાજન અધિકારી મહેંદ્ર લુહાર અધિકારી જનાર્દન મગરે,અધિકારી રવીન્દ્ર પાંભર તેમજ હોમગાર્ડઝના યુનિટના અધિકારીઓ ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઉપયોગી થયા હતા. ઈન્ડિયન રેડક્રોસ ચોર્યાસી તાલુકા બ્રાંચ સુરતના પ્રમુખ ડો. પ્રફુલભાઈ શિરોયાએ નિષ્કામ સેવા કરતી સંસ્થાના હોમગાર્ડઝના આ કોરોનાના મહામારીમાં પોતાના પરિવારને મુકીને રાત દિવસ ખડે પગ પોતાની ફરજ બજાવતા હોય ત્યારે તબીબ તરીકે પોતાની ફરજ કે સંસ્થાના હોમગાર્ડઝને પોતાની હેલ્થની જાળવણી કરવી એ યોગ્ય ગણી તપાસ કરાવી હતી. સાથે સાથે સોશિયલ ડિસ્ટન્સ, સેનિટાઈઝપોતાના પરિવારને કોરોનાથી અને પોતાને કોરોનાના ઈફેશનથી દુર કઈ રીતે રાખી શકાય. તે અંગેની વાતચીત કરી હતી.

નર્મદા : સાગબારા ના જાવલી ગામમાં અચાનક આગ લાગતા ચાર મકાનો આગમાં સ્વાહા: ૧૧ જેવા પશુ ઓ પણ આગમાં ભડથું થઈ ગયા





ડેડીયાપાડા,સાગબારા તાલુકામાં ફાયર બ્રિગેડની સુવિધા જરૂરી

ડેડીયાપાડા સાગબારા તાલુકા માં અવાર નવાર આગજની ની ઘટના બનતા ગરીબ આદિવાસી પરિવારોના મકાનો સહિત ઘરવખરી અને પશુઓ બળી જતા આ તરફના પરિવારી પર આફત આવી પડે છે માટે ડેડીયાપાડા અને સાગબારા તાલુકામાં ફાયર બ્રિગેડ ની સુવિધા ખાસ જરૂરી હોય તંત્ર આ બાબતે ગંભીર બને તેવી ગ્રામજનો ની માંગ છે.

આગમાં ચાર ઘરોની ઘરવખરી સાથે ૦૨ બળદ,૦૫ ભેંસ અને ૦૪ બકરા પણ આગમાં ભડથું થઈ જતા લાખોનું નુકસાન થયું હોવાનો પ્રાથમિક અંદાજ છે.ચાર મકાનોના ૩૨ પરિવારજનો બેઘર બન્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં કોરોના અને લોકડાઉન વચ્ચે આદિવાસી પરિવારો પર જાણે એક બાદ એક મુસીબત આવી પડી છે થોડા દિવસ પહેલાજ ડેડીયાપાડા ના ગીચડ ગામમાં ૯ મકાનો આગમાં ખાખ થઈ ગયા હતા ત્યારબાદ શનિવારે બપોરે લગભગ ૨ વાગે સાગબારા ના જાવલી ગામમાં અચાનક આગ લાગતા ચાર મકાનો આ આગમાં ખાખ થયા હતા સાથે સાથે ૧૧ જેવા પશુ ઓ પણ આગમાં ભડથું થઈ ગયા હતા.

સાગબારા તાલુકાના જાવલી ગામમાં શનિવારે બપોરે બે વાગે અચાનક આગ લાગી જેમાં આદિવાસી પરિવારના ચાર મકાનો આગમાં ખાખ થઈ ગયા હતા જોકે આગ લાગતા જ ગ્રામજનો એ હેન્ડપમ્પ માંથી પાઇપ વડે તેમજ ડોલ વડે પાણી નો છંટકાવ કર્યો હતો પરંતુ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ચારેય મકાનો આગમાં ખાખ થયા હતા.નજીકના અન્ય બે મકાનો બચાવી લીધા હતા પરંતુ આ આગમાં ચાર ઘરોની ઘરવખરી બળી ગઈ હતી સાથે ૦૨ બળદ,૦૫ ભેંસ અને ૦૪ બકરા પણ આગમાં ભડથું થઈ જતા લાખોનું નુકસાન થયું હોવાનો પ્રાથમિક અંદાજ છે જયારે આ આગમાં ચાર મકાનોના ૩૨ જેવા પરિવાજનો બેઘર બન્યા હતા.આગ લાગવાની જાણ થતાંજ વહીવટી તંત્ર ના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને સર્વે ની કામગીરી હાથ ધરી હતી.ગત ૨૦ એપ્રિલે પણ આવીજ ઘટના ડેડીયાપાડા ના ગીચડ ગામમાં બની હતી જેમાં નવ મકાનો અને પશુઓ બળી જતા અંદાજે ૩૦ લાખનું નુકસાન થયું હતું. ત્યારબાદ પાંચ દિવસ બાદ જ આ ઘટના સામે આવતા આ તરફ ફાયર બ્રિગેડની સુવિધા અત્યંત જરૂરી થઈ પડી છે.

નર્મદા જિલ્લાના દેડીયાપાડાના કોરોના પોઝિટીવ મેડીકલ ઓફીસર કોરોના મુક્ત થતાં શનિવારે રજા અપાઇ



● નર્મદા જિલ્લામાં વધુ નવો કોઇ પોઝિટીવ કેસ નોંધાયો નથી

● આજે ૧ રેપિડ ટેસ્ટ સહિત કુલ-૧૪ સેમ્પલ લેવાયા: રેપિડ ટેસ્ટનો રિપોર્ટ નેગેટીવ : ચકાચણી માટે મોકલાયેલ ૧૩ સેમ્પલના રિપોર્ટ પેન્ડીંગ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

COVID-19 મહામારીને બાબતે નર્મદા આરોગ્ય વિભાગના એપીડેમીક મેડિકલ ઓફિસર ડૉ. આર.એસ. કશ્યપ તરફથી તા.૨૫ મી એપ્રિલ ના રોજ સાંજે મળેલી જાણકારી મુજબ નર્મદા જિલ્લાના ૧૨ કોરોના પોઝિટીવ કેસ પૈકી અંકલેશ્વરની જયાબેન મોદી (કોવીડ) હોસ્પિટલ ખાતે સારવાર હેઠળના દેડીયાપાડા CHC ના મેડીકલ ઓફિસર ફાલ્ગુનિબેન ગામીત સાજા થતાં તેમને આજે હોસ્પિટલમાંથી રજા અપાઇ છે.નર્મદા જિલ્લાના કોરોના પોઝિટીવ કેસો પૈકી આ મેડીકલ ઓફિસર પ્રથમ કોરોના મુક્ત બન્યા છે. આજે રેપિડ ટેસ્ટ સહિત કુલ -૧૪ સેમ્પલ લેવામાં આવ્યા છે જે પૈકી રેપિડ ટેસ્ટનો રિપોર્ટ નેગેટીવ આવ્યો છે, જ્યારે તપાસ માટે મોકલવામાં આવેલ ૧૩ સેમ્પલના રિપોર્ટ પેન્ડીંગ હોવાની જાણકારી મળી હતી.

લોકડાઉનમાં: રાજપીપળા વિજકર્મીઓની દિવસ-રાતની મહેનતથી વિજળીનો અવિરત પુરવઠો વહી રહ્યો છે



નગરજનો રાત્રે ઉંઘમા હોય ને વિજળીનો ફોલ્ટ થાય તો યુદ્ધના ધોરણે દોડી જઈને ફોલ્ટ રીપેરીંગ થાય છે, જેથી કરીને લોકો નિરાંતની ઉંઘ માણી શકે

લોકડાઉન મા લોકો આકરી ગરમીનો ભોગ ના બને તે માટે પોતાના ઘરે જવાનુ પણ ટાળતાં વિજકર્મીઓ ની સેવા વખાણ ને પાત્ર

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા શહેર ની પ્રજા લોકડાઉન ના સખત પાલન સાથે ઘરો માંજ પુરાઈ રહેવા મજબુર બનતાં, ટાઈમપાસ કરવા ટીવી અને મોબાઈલ જેવા વિજ ઉપકરણો ને આધારીત બન્યાં છે. અને આકરા ઉનાળા ની શરુઆત થઈ ચુકી છે તેવામાં લોકો એસી અને વોટરકુલરો નો મોટા પાયે વપરાશ કરતાં વિજવપરાશ વધી જતાં લોડ વધતા વિજળી ગુલ થવાની સંભાવનાઓ વધી જતી હોય છે.

જો કોઈ વિસ્તારમાં મા વિજળી ડુલ થાય તો જીઈબી ના હેલ્પલાઈન અને ફરીયાદ ટેલીફોન ની ઘંટડીઓ સતત રણકી ઉઠતી હોય છે. આ વાત ને અગાઉ થી ધ્યાને લઈ ને ખાસ આયોજન કરી રાજપીપળા વીજ કંપનીના ચાર થી પાંચ કર્મચારીઓ સતત હાજર રહી ફરીયાદો નો નિકાલ કરતાં હોય છે. બહાર થી આવતા વિજકર્મીઓ પોતાના ઘરે પણ જવાનું માંડી વાળી ને પાંચ દિવસે એકાદ વાર પોતાના ઘરે જતાં હોય છે અને પરિવાર ને મળતાં હોય છે.

આમ વિજકર્મીઓ ની સેવા પણ કોરોના યોદ્ધાઓ થી ઓછી ન ગણી શકાય, અને સમાજ તેમની કામગીરી ને પણ બિરદાવે તે ઈચ્છનીય છે.

નર્મદા જિલ્લામાં NFSA રેશનકાર્ડ ગ્રાહકોને વિનામૂલ્યે બીજા તબક્કાનું અનાજ વિતરણ શરૂ: જીલ્લામાં ૨૦ હજારથી વધુ ગ્રાહકો હોવાથી લાંબી લાઈનો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં શનિવારથી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ ના અંદાજે ૨૦ હજાર થી વધુ NFSA રેશનકાર્ડ ધરાવતા ગ્રાહકોને બીજા તબક્કામાં વિનામૂલ્યે અનાજ નું વિતરણ શરૂ થતાંજ સોસીયલ ડિસ્ટન્સ જાળવવાની સુચનના કારણે દરેક દુકાનો બહાર મોટી લાઈનો જોવા મળી હતી.બીજા તબક્કામાં શરૂ થયેલા અનાજ વિતરણમાં વ્યક્તિ દીઠ ૧.૫૦ કિલો ચોખા અને ૩.૫૦ કિલો ઘઉં નર્મદા જિલ્લાની દરેક સરકારી સસ્તા અનાજની દુકાનો ઉપર થી આપવાનું શરૂ કરાયું છે.



હાલ કોરોનાવાયરસ ની મહામારીને ધ્યાન ઉપર લઇ સરકાર દ્વારા બીજા તબક્કામાં NFSA રેશનકાર્ડ ધારકો માટે વિનામૂલ્યે અનાજ વિતરણ શરૂ થતાં સોસીયલ ડિસ્ટન્સ નું પાલન કરવાના હુકમનું મોટાભાગની દુકાનના સંચાલકો પાલન કરતા જોવા મળ્યા હતા.માટે કેટલીક દુકાનો ઉપર રોડ પર પણ ગ્રાહકોની મોટી લાઈનો જોવા મળી હતી.જોકે કોરોના મહામારી માટે સોસીયલ ડિસ્ટન્સ જરૂરી હોય માટે દુકાનો પર અનાજ લેવા આવનાર ગ્રાહકો એ પણ આ માટે પૂરો સહકાર આપી નિયમનું પાલન કરતા શાંતિ પૂર્ણ રીતે આ વિતરણ શરૂ થયું હતું.